


સખ્ય
ફોટો : હેમેન્દ્ર શાહ

# કુમાર

વર્ષ ૬૩મું
અંક ૩જો-૪થો
માર્ચ-એપ્રિલ
૧૯૮૭
સળંગ અંક
૭૪૭-૭૪૮
તંત્રી
બિહારીલાલ ટાંક

**માર્ચ અને એપ્રિલ અંક ભેગા છાપવામાં આવેલ છે.**

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ · આદ્યતંત્રી સ્વ. બચુભાઈ રાવત




**કાશ્મીરનો શિકારો :** કુદરતને આત્મસાત કરીને ચિત્રોમાં ઉતારવાના પોતાના ચિત્રકાળમાં સ્વ. છગનલાલ જાદવે કાશ્મીરની હરિયાળી ખીણ અને હિમખંડિત ગિરિ-શૃંગોમાં વિલસતી શોભાથી માંડી સૌરાષ્ટ્રના ખોબા જેવડાં ગામની વાંકીચૂંકી શેરીઓમાંના સૌંદર્યતત્ત્વને ઝડપી લઈને ચિત્રાંકિત કરેલું. વિખ્યાત કલા-વિવેચક હર્માન ગચ્અટ્સના મત પ્રમાણે એમનાં એ દૃશ્યચિત્રોમાં ભવ્ય સાદાઈથી સાધેલા રંગવિભેદ અને ધુમ્મસી હવાઓ ઝડપાયાં છે. એમનાં એ ચિત્રો દ્વારા એમની નિસર્ગ-ચિત્રકાર તરીકે પણ આગવી ખ્યાતિ બંધાઈ હતી.

# સાંકળિયું




કુમાર કાર્યાલય લિમિટેડ વતી પ્રકાશક:
અશોકભાઈ બચુભાઈ રાવત
મુદ્રક: જિતેન્દ્ર ઠા. દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ
પ્રકાશન સ્થાન:
કુમાર કાર્યાલય લિમિટેડ,
૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૪૦
પરદેશમાં: રૂ. ૧૦૦
પાઉન્ડ: ૮ / ડૉલર: ૧૦
છૂટક નકલ: રૂ. ૪



કુમાર

વર્ષ ૬૩ મું. અંક ૩-૪
માર્ચ-એપ્રિલ ૧૯૮૭


## ઘણાં વર્ષે

ઘણાં વર્ષે ચાલ્યો બસ મહીં – જવા ઘેર વતને
મીઠાં વાગોળતો સ્મરણ સઘળાં:
તખો, મોતી, વીરો, હરિ, ચમન ને ચંદુ મનજી
મળી જાશે ત્યારે બચપણ બધું વીણી લઈશું.
હશે બેઠી ખાટે જીવન મમતાને જવું કરી.
ચૂમી લેશે: 'બેટા, દખ નથ તને કે?' કહી, કર
થકી લેશે મારો પરિચય બધો. ત્યાં જ વદશે
પિતા: 'આયો ભાઈ?' નમું ચરણમાં – ભેટી પડશે.
વિચારોમાં આવ્યો ખડખડ થતો ગામ-ઊતરી
નીચે ને ધીમેથી ઢળતી નજરે જોયું. વળગ્યું
ગળે, આલિંગ્યું સૌપ્રથમ હસતું પાદર મને.
ધરી મેં લૈને ત્યાં મુજ વતનની ધૂળ શિર પે.
મને શંકાથી સૌ ટગર નયને તાકી જ રહ્યાં
શહેરી મ્હોરાને મુખ પર ધરી આગળ વધ્યો.


**કિશોરસિંહ સોલંકી**

●

## છે

અચાનક યાદપંખીથી ઉડાયું છે,
બીજું આકાશ આંખે ઊઘડી આવ્યું છે!
તમે ખુશબોથી આગળ જઈને બેઠાં છો,
તમારું સુખ ફૂલોથી સવાયું છે!
મને ક્યાં ખ્યાલ છે, વિહ્‌વળ ઊભો છું હું,
નહિતર, આપની સામે ઉભાયું છે?
બધી બિસ્માર રાતોને ભૂલી જાઓ,
ભૂલી જાઓ, કણસતું વ્હાણું વાયું છે!
કશુંક ઝાકળનાં જેવું કૈંક ઝળકે છે,
અમારા મન ઉપર આ શું છવાયું છે?


**શ્યામ સાધુ**




પંચતંત્રની વાર્તાના અંગ્રેજી રૂપાંતર માટે રવિશંકર પંડિતે કરેલી રંગચિત્રાવલીનું એક પાનું. એમાં મૂળ મડીઅલ અને પછી માતેલા બનેલા બળદ, સિહ અને અન્ય પ્રાણીઓનું આલેખન એમની પ્રાણીચિત્રણાનું દ્યોતક છે.

પ્રકૃતિસૌંદર્ય અને પ્રાણીસૃષ્ટિના સ્વયંસિદ્ધ ચિત્રકાર

# સ્વ. રવિશંકર પંડિત



'કુમાર'ની શરૂઆત જે પાંચ મિત્રોના સમૂહકાર્યથી થએલી એ પંચમાં સર્વશ્રી સ્વ. રવિશંકર રાવળ, 'ધૂમકેતુ,' દેશળજી પરમાર અને બચુભાઈ રાવતની સાથે પાંચમા રવિશંકર પંડિત હતા. 'કુમાર'ના છેક પહેલા અંકથી એમની ચિત્રશક્તિનો ફાળો મળતો થએલો. 'કુમાર'માં 'કિરીટ' હાથીની આત્મકથા, અનેક પ્રાણીકથાઓ, શિકારકથાઓ, બાળવાર્તાઓ વગેરે માટે એમણે કરેલાં ચિત્રો હજી યે ઘણાંને યાદ હશે.

બચપણથી જ ચિત્ર કામની લગની. અંગ્રેજી પાંચમા ધોરણમાં હતા ત્યારે થર્ડ ગ્રેઇડ ડ્રૉઇંગની પરીક્ષા પાસ કરેલી. ચિત્રકામ વિષયક બસ આટલી જ એમની પદ્ધતિસરની તાલીમ, પછી સંજોગોવશાત અને એ કાળે ચિત્રકામની તુલનામાં અન્ય ભણતરનું વિશેષ મૂલ્ય મનાતું હોઈ તેઓ બી. એ. થયા.

પિતા ગોંડલ રાજ્યમાં મહાલકારી અને પછી સેટલમૅન્ટ ઑફિસર એટલે રાજ્યના ગામગામડાંમાં ખૂબ ફરવાનું થતું. આથી પ્રાકૃતિક સૌંદર્ય, ગ્રામ અને ગોપજીવન વગેરેનો અનુભવ તથા અવલોકન થતાં ગયાં, અને એમની ચિત્રકલા-પ્રીતિ દૃશ્યચિત્રો તરફ વળતી ગઈ.

મોટાભાઈ ગોધરાની તાલુકદારી સ્કૂલમાં આચાર્ય હતા ત્યારે એમની પાસે રહેવાનું થયેલું. મોટાભાઈને પણ ચિત્રકામનો શોખ એટલે એમની પાસે દેશવિદેશનાં સુંદર સચિત્ર પુસ્તકો તેમજ સામયિકોનો સારો એવો સંગ્રહ હતો. આ બધું જોવામાંથી યે પ્રેરણા મળતી. આમાં ઐતિહાસિક લેખોના લેખક અને તેમાં જાતે સુંદર ચિત્રો કરનાર ઈટાલિયન ચિત્રકાર મટાનિયાનો એમના પર ઊંડો પ્રભાવ પડેલો. વળી, ગોધરામાં એમનું રહેઠાણ પણ જંગલની નજીક નદીકાંઠે હતું, એટલે એમાંથીય એમને ચિત્રાલેખન માટે પુષ્કળ વિષયસામગ્રી મળી રહેતી. આવો જ લાભ એમને મોટાભાઈની સાથે ચાંદોદમાં નર્મદાકાંઠે રહેવાનું થયું ત્યારે રેવાકાંઠાનાં જંગલોમાં ફરવાથી મળેલો. પણ પદ્ધતિસરની તાલીમની ખોટ એમને સતત સાલતી, છતાં એમણે પોતાના કલાવિકાસ માટે સ્વયંસાધના તો જારી જ રાખી. અનુભવોની પરંપરા એમની ચિત્રશાળા હતી, અને શાળાકીય તાલીમની ખોટ એમણે સતત સ્કેચિંગ કરીકરીને પૂરી કરેલી.

મૅટ્રિક થઈ પ્રીવિયસનું વર્ષ પૂણેની ફર્ગ્યુસન કૉલેજમાં અને ઇન્ટર જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં કર્યું. એ વખતે જૂનાગઢ કૉલેજના પ્રિન્સિપાલ મિ. સ્કૉટ નિવૃત્ત થવાના હતા. કૉલેજમાં રાખવા માટે એમનું તૈલચિત્ર બનાવવાનું કામ શ્રી રવિશંકર રાવળને સોંપાયેલું. આ વખતે એમનો પરિચય થયો. ગોંડલમાં રવિભાઈ એમના મહેમાન બનેલા ત્યારે ત્યાં ત્યાંની સાહિત્ય-કલા-પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે તથા હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'ના તંત્રી બચુભાઈ રાવતનો રવિભાઈને પરિચય કરાવ્યો. 'કુમાર'ની સ્થાપનામાં આ પરિચય પાયારૂપ બન્યો હતો.

જૂનાગઢના વસવાટ દરમિયાન શ્રી પંડિતે સંસ્કૃત નાટકોમાંથી કેટલાક પ્રસંગો લઈ તેનાં ચિત્રો કરેલાં જે 'સમાલોચક' માસિકમાં પ્રકટ થયેલાં. આ જ અરસામાં વડોદરાના 'સાહિત્ય' માસિકના તંત્રી મનુભાઈ કાંટાવાળાએ પ્રકૃતિચિત્ર માટે એક ઇનામ જાહેર કરેલું તે પણ એમને જ મળેલું. અલબત્ત, આ બધું ચિત્રકાર્ય રીતસરની તાલીમ વિનાનું પણ સ્વપ્રયત્ને સિદ્ધ કરેલું હતું. એમનાં ચિત્રો ઉત્તમ છતાં ટેકનિકની દૃષ્ટિએ ખામીયુક્ત પણ લાગે, છતાં એમની એ સિદ્ધિ નાનીસૂની નહોતી.

ઇન્ટર પછી જુનીઅર બી. એ. માટે તેઓ વડોદરાની કૉલેજમાં દાખલ થયા – મોટાભાઈ નજીકમાં જ માંડવા સ્ટેટમાં હતા એટલે, તથા વડોદરાની વિખ્યાત પિકચર ગૅલેરી અને લાયબ્રેરીનો લાભ લેવાની ઇચ્છાથી. પહેલી ટર્મ પૂરી થતાં જાણ્યું કે રવિભાઈએ અમદાવાદમાં સ્થાયી થઈ ચિત્રકળાના વર્ગ પણ ખોલ્યા છે, એટલે તુરત અમદાવાદ જઈ ગુજરાત કૉલેજમાં પ્રવેશ લીધો. અહીં આવ્યા પછી રવિભાઈના ચિત્રકાર્યનો પ્રત્યક્ષ પરિચય તો મેળવ્યો જ, અને રવિભાઈની ભલામણથી 'વીસમી સદી' માટે પણ ચિત્રો કરવા માંડયાં. બી. એ. થયા



△ ગોંડલમાં અભ્યાસકાળ દરમિયાન રવિશંકર પંડિતે કરેલું એક દૃશ્યચિત્ર. સ્વ.મેઘાણીએ એમની વિખ્યાત વાર્તા 'દીકરો'માં જેનું સુંદર વર્ણન કર્યું છે તે લાખાપાદરની બહુ નજીકમાં વહેતી શેલ નદીને કાંઠે આવેલા મહાદેવના મંદિર પાસેનું આ દૃશ્ય છે. ભલે ચિત્રકામની કોઈ પદ્ધતિસરની તાલીમ તેઓ પામ્યા નહોતા છતાં શ્રી પંડિતે એ વિદ્યાર્થી અવસ્થામાં પણ પ્રકૃતિસૌંદર્યની જે પરખ અને ચિત્રસંયોજનની જે સૂઝ સ્વપ્રયત્ને કેળવી હતી તેનું દ્યોતક આ ચિત્ર છે. સૌરાષ્ટ્રની તળપદી સંસ્કારિતાનો ઉછેર પામેલી એમની કળાદૃષ્ટિને સૌરાષ્ટ્રની પ્રજા તથા પ્રકૃતિને હૂબહૂ ઉતારવાના કોડ હતા.

પછી રવિભાઈના આગ્રહથી અમદાવાદમાં જ વ્યવસાયી ચિત્રકાર તરીકે જીવન શરૂ કર્યું. રવિભાઈને કારણે ઠીકઠીક કામ પણ મળી રહેતું. અમદાવાદની મહિલા પાઠશાળામાં ચિત્ર-શિક્ષક તરીકે પણ પાર્ટટાઇમ જોડાયા. રવિભાઈએ 'કુમાર'ના પ્રકાશનની પૂર્વ તૈયારી રૂપે પ્રોસેસ સ્ટૂડિયો સ્થાપ્યો અને એ જ સ્થાને એમનો કલાવર્ગ પણ જામ્યો. એ પેઢીના ગુજરાતના અનેક નામી કલાકારોની ત્યાં મંડળી જામી. આ જ અરસામાં બાલસાહિત્યના એક આદર્શ પ્રકાશન તરીકે પ્રકટ થયેલ 'બાળવાર્તાવલિ – ભા. ૧'માં રવિભાઈની સાથે એમણે, એ વખતમાં શ્રેષ્ઠ ગણાએલાં બાળસુલભ ચિત્રો કર્યાં હતાં.

પણ પછી કૌટુંબિક મુશ્કેલીને કારણે તેઓ ગોંડલમાં શિક્ષક બન્યા. અહીં એમની ચિત્રપ્રવૃત્તિ નામ:શેષ બની ગયેલી.

પોતાની કલાપ્રવૃત્તિમાં પોર્ટ્રેટ કે લૅન્ડસ્કેપ યા એવાં મોટાં તૈલચિત્રો એમણે કર્યાં નથી. એમનું ચિત્રકાર્ય બહુધા જલરંગી દૃશ્યચિત્રો, સામયિકો અને પુસ્તકો માટેનાં ચિત્રો વગેરેમાં જ સીમિત રહેલું. દેશળજી પરમારનાં બાલકાવ્યો 'ગલગોટા' તથા 'ટહૌકા,' 'કુમાર'માંની શિકારકથાઓ, ત્રિવેદી વાચનમાળા, ગોંડલ રાજ્યની વાચનમાળા, 'અજામિલ' નવલકથા, અડાલજાની 'વીરની વાતો' અને 'ધૂમકેતુ'ના 'તણખા ભા-૧' વગેરે માટે કરેલાં ચિત્રોએ એમને સારી નામના અપાવેલી.

છતાં લગભગ બે દાયકા સુધી ગોંડલના કેળવણી ખાતામાં શિક્ષક તરીકે કામ કર્યું ત્યારે એમના જ શબ્દોમાં તેઓ 'ચિત્રકાર તરીકે 'નામ:શેષ' બની રહેલા. પણ દૈવયોગે એમાં પલટો આવ્યો. ગોંડલ છોડી એ મુંબઈ આવ્યા અને ફરીથી ચિત્રકાર તરીકે કારકિર્દી આરંભી. અલબત્ત, આરંભમાં ઘણી મુશ્કેલીઓ તો વેઠવી પડી જ. (અનુસંધાન પૃ. ૫૮ પર)

# કલાકાર છગનલાલ જાદવ



## સ્વર્ગસ્થ

આ સદીના પૂર્વાર્ધમાં ગાંધીયુગની સીધી અસર તળે સમાજના નિમ્ન સ્તરના લોકોમાં જાગૃતિ પ્રસરતાં જે નવચેતન આવ્યું તેના એક પરિણામમાં શ્રી છગનલાલ જાદવ જેવા કલાકાર ગુજરાતને મળ્યા તે ગણાવી શકાય. અનેકવિધ પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમીને એમણે શ્રદ્ધા અને ધીરજ વડે કલાની ઉપાસના કરીને ગુજરાતના જાણીતા કલાકારોમાં ગણનાપાત્ર સ્થાન મેળવ્યું હતું.

અમદાવાદની નજીક, અને આજે તો તેનું એક પરું બની રહેલા નવા વાડજ ગામના અભણ, ગરીબ પણ ધાર્મિક સંસ્કારોવાળા એક હરિજન વણકર કુટુંબમાં ઈ. ૧૯૦૩ની ૨૨ ફેબ્રુઆરીએ એમનો જન્મ થયેલો. ચાલુ નિશાળમાંથી રુખસદ મળતાં તેઓ ચારેક માઈલ દૂર કોચરબ ગામના હરિજનવાસની પ્રાથમિક શાળામાં પગે ચાલીને ભણવા જતા, પણ પિતાનું અવસાન થતાં પાંચમા ધોરણથી ભણતર પડતું મૂકી કુટુંબ માટે કમાવાની જવાબદારી ઉપાડવી પડી. એ હરિજનશાળામાં જ નોકરી લીધી, પણ ત્યાંનો ટૂંકો પગાર ઘરના નિભાવ માટે પૂરતો ન હોઈ શહેરની એક મિલના સ્પિનિંગ ખાતામાં માસિક અઢાર રૂપિયાના પગારે જોડાયા. એમની ત્રેવીસ વર્ષની વયે પત્ની, બાળક અને નાના ભાઈનું અવસાન થયું અને ઘરમાં માત્ર બે જ જણ રહ્યાં, એ અને એમનાં માતા. સગાંસંબંધીઓના દબાણથી એમણે ફરી લગ્ન કર્યું, પરંતુ એ અનુકૂળ ન આવતાં એમાંથી એમણે મુક્તિ મેળવી.

તે ભારે હતાશાના દિવસોમાં સામાન્યત: એ સ્તરમાં બને છે તેમ સંસારની વિષમતા વિસારવા તેઓ વ્યસન આદિના છંદે ચડી ગયેલા, પરંતુ એ કાળે રાષ્ટ્રીય જાગૃતિનાં જે મંડાણ થયાં તેમાં આરંભાયેલી હરિજન-ઉદ્ધારની પ્રવૃત્તિ અને પોતાના પૂર્વસંસ્કારના બળે તેમણે એ છંદ છોડી દિવસે મિલમાં નોકરી અને રાત્રે ગુજરાત વિદ્યાપીઠની રાત્રિશાળામાં અભ્યાસ કરવા માંડયો, અને આગળ જતાં એ શાળામાં શિક્ષક પણ બનેલા. વળી, આ દરમિયાન એમને ચિત્રકળાનો પણ નાદ લાગેલો. 'કુમાર'માં આવતાં ચિત્રોમાંથી પ્રેરણા લઈ એમણે ચીતરવા માંડેલું. જો કે ત્યારે એમને ચિત્રકામની કોઈ તાલીમ કે પદ્ધતિનો કંઈ જ ખયાલ નહોતો. એમના આ વલણને ઓળખી વિદ્યાપીઠે એમને એક શિષ્યવૃત્તિ આપી અને ૧૯૨૯માં ૨૮ વર્ષની વયે વિદ્યાપીઠમાં ત્યાંનો કલાવર્ગ સંભાળતા શ્રી કનુ દેસાઈ પાસેથી એમણે ચિત્રકામની તાલીમ લેવા માંડી. એકાગ્રતાથી અભ્યાસ થઈ શકે તે સારુ એમણે મિલની નોકરી છોડી દઈ વિદ્યાપીઠના પુસ્તકાલયમાં પટાવાળાની નોકરી સ્વીકારી.

સત્યાગ્રહની લડતમાં ૧૯૩૦માં વિદ્યાપીઠ બંધ થઈ. દાંડીકૂચની 'અરુણોદય' ટુકડીમાં એ જોડાયા અને સાબરમતી તથા નાસિકમાં ત્રણેક મહિના જેલ પણ ભોગવી.


ઈ. ૧૯૩૧ના અંતમાં તેઓ શ્રી રવિશંકર રાવળના કલાસંઘમાં ચિત્રકળાની તાલીમ માટે જોડાયા. શ્રી રાવળે એમને સર ચિનુભાઈ પાસેથી એક શિષ્યવૃત્તિ અપાવી. વળી, એમની પ્રગતિ જોઈને ગુજરાત હરિજન સેવકસંઘ તથા દિલ્હીના હરિજનસંઘ તરફથી પણ એમને શિષ્યવૃત્તિઓ મળતાં અને શ્રી રવિભાઈના પ્રયત્નોથી તેઓ પ્રથમ ઈંદોર અને પછી લખનૌની કલાશાળામાં જોડાયા. ઇન્દોરમાં એમને શ્રી બેન્દ્રે તથા લખનૌમાં અસીતકુમાર હલધર તથા વીરેશ્વર સેન જેવા કલાકારો પાસેથી ઘણું શીખવાનું મળ્યું. વળી, દિલ્હી, આગ્રા, જયપુર, બનારસ, સારનાથ આદિના પ્રવાસોથી એમના અનુભવોની ક્ષિતિજો વિસ્તરી અને એમના ચિત્રકાર્યમાં પણ પરિપકવતા આવી.

લખનૌથી આવીને રવિભાઈના 'ગુજરાત કલાસંઘ'માં પોતાની કલાસાધના ચાલુ રાખવા સાથે અમદાવાદના 'જ્યોતિસંઘ'માં બહેનો માટેના કલાના વર્ગો પણ એમણે શરૂ કર્યા અને એકધારા બાર વર્ષ સુધી તેનું સંચાલન કર્યું.

ઈ. ૧૯૩૮માં કાશ્મીર અને ૧૯૪૪માં કૂલુના પ્રવાસમાં એમણે કરેલાં દૃશ્યચિત્રો એમની સિદ્ધિની ઉચ્ચ કક્ષાનાં દ્યોતક બની રહેલાં. આ જ રીતે ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઘૂમીને એમણે ગ્રામપ્રદેશના સૌંદર્યને પણ એવી જ સચોટ સુંદરતાથી ચિત્રોમાં ઉતાર્યું છે. આ ચિત્રોનાં પ્રદર્શનો દ્વારા એમની ખ્યાતિ પણ પ્રસરી હતી.

ઈ. ૧૯૪૩માં કોઈક કારણસર એમનામાં જબ્બર માનસિક પલટો આવેલો. એમની અંતર્મુખતા વધવા લાગી. શાંતિની ખોજમાં એમણે હિમાલયનો પ્રવાસ ખેડયો અને પોંડિચેરી પણ જઈ આવ્યા. એ પછી શ્રી અરવિંદના તત્ત્વચિંતન તરફ વળી તેઓ એક સાધકનું જીવન ગાળતા હતા. આ મંથન-





▷ રાજસ્થાની યોદ્ધો

△ રંકની કલા : ઈ.૧૯૩૭માં બૉમ્બે આર્ટ સોસાયટીના ચિત્ર પ્રદર્શનમાં શ્રેષ્ઠ જલરંગી ચિત્ર તરીકે અર્ધે ભાગે પ્રથમ ઈનામ પામેલું છગનલાલ જાદવનું એક જાણીતું ચિત્ર. (તેની નીચે) આગળ જતાં છગનલાલે ચિત્રકલાના જે નવા પ્રયોગો કર્યા તેમાંની એક કૃતિ 'રાજસ્થાની યોદ્ધો.'. પહેલાંની એમની કૃતિઓમાં 'એકેડેમિક' તેમજ પરંપરિત શૈલી અને સ્વચ્છ ભારતીય રંગાવટ જોવા મળે છે, પરંતુ પછીની કૃતિઓ ભાવ અને પ્રતીકો પર આધારિત છે. સામાન્ય ભાવકને માટે તેનું અર્થઘટન કદાચ મુશ્કેલ બની રહે. આવી પ્રયોગશીલતા છતાં ભારતીય પરંપરાના તેઓ ચાહક હતા.

કાળમાં એમણે પોતાના માનસિક આવેગોના મૂર્ત-અમૂર્ત આલેખનોની ચિત્રમાળા કરેલી. ગાંધીજીની હત્યાને કારણે પ્રકટેલા મનઃક્ષોભમાંથી પણ એમની એક ચિત્રમાળા સર્જાઈ હતી. અને આવી રીતે લગભગ સત્તર જેટલી ચિત્રમાળા એમણે ચીતરી હતી, જેમાં એમની કેટલીક અગમ્ય અનુભૂતિઓના અમૂર્ત વિન્યાસો છે, તો પુષ્પ અને વૃક્ષોની એક માળામાં મૂર્ત પ્રતિકો દ્વારા મનોભાવનું આલેખન છે. આવા નવતર ચિત્રપ્રવાહોના પ્રયોગો કરવા છતાં મૂલતઃ એમના કહેવા પ્રમાણે મૂલતઃ તેઓ ભારતીય કલાપરંપરાના જ ચાહક હતા.

સેંકડો ચિત્રોનું એમણે સર્જન કરેલું. અમદાવાદ, મુંબઈ, વડોદરામાં અનેકવાર એનાં પ્રદર્શનો પણ યોજાયેલાં. મ્હેસૂર આદિ ચિત્રાલયો તેમજ અનેક ખાનગી સંગ્રહોમાં પણ એમની કૃતિઓ સ્થાન પામી છે,

ગયા વર્ષ –'૮૭માં એમનું પણ અવસાન થયું. ગુજરાત ને એ પેઢીના આ બે કલાસાધકોની ખોટ પડી, પણ એ બંનેની સાધના અજની પેઢી માટે હમેશાં પ્રેરક રહેશે. □

---

**સ્વ. રવિશંકર પંડિત** (અનુસંધાન પૃ. ૫૬નું ચાલુ)

મુંબઈમાં રવિશંકર પંડિતને સ્નેહી-મિત્રોએ ઘણી રીતે સહાયક બની એમના વસવાટને સ્થિરતા અપાવી.

જન્મજાત નૈસર્ગિક ચિત્રપ્રતિભા ધરાવનાર એમના જીવનમાં વિકાસના ખરા તબક્કાઓ અને તકોને ટાંકણે જ પ્રતિકૂળ સંજોગોએ એમની કોળાતી કારકિર્દીમાં રુકાવટ અને રૂંધામણ ઊભી કર્યા કરેલી. જીવનની વીસીનાં વર્ષોમાં તેઓ પ્રશંસાપાત્ર ચિત્રસર્જનની સાથોસાથ પશ્ચિમના સમર્થ કલાસ્વામીઓની ચિત્રશૈલિઓની સમજદારીપૂર્વક ચર્ચા કરવા જેટલા સજ્જ હતા. આંગળાંમાંથી જ્યારે સાચી કળાની સરવાણીઓ ફૂટતી હતી ત્યારે એમને રીતસરના કળા-શિક્ષણની તક ન મળતાં અન્ય દિશામાં જ એમનું જીવન ઘસડાયું અને પછી વિવિધ પરિસ્થિતિ અને સંજોગોએ એમની પાસે જે પ્રતિકૂળ નિર્ણયો લેવડાવ્યા તે કલાકારકિર્દીની દૃષ્ટિએ એક કરુણતા જ હતી, છતાં જીવનની અનેક લીલીસૂકી જોવા સાથે કોઈ અગમ્ય શ્રદ્ધાના દોર પર અજબ સમાધાનવૃત્તિથી એમણે પોતાનું જીવન જોગવ્યા કર્યું હતું. ધરપત અને ધીટતાથી એમણે પ્રાપ્ત પરિસ્થિતિમાં સદા સંતોષ લીધો, અને છેવટ સુધી પોતાની કલાદૃષ્ટિને સક્રિયપણે કેળવ્યા જ કરી હતી. મુંબઈમાં 'વંદેમાતરમ્' 'ધર્મયુગ,' 'રમકડું' વગેરેમાંની પંચતંત્ર આદિ ચિત્રવાર્તાઓનાં આલેખનો દ્વારા એમણે પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો. મુંબઈ સરકાર તરફથી બાલસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકને અપાતું વાર્ષિક ઈનામ ઈ. ૧૯૫૮માં 'ગાંધીજીનાં ઉખાણાં' અને 'કની કથા'માંનાં ચિત્રો માટે એમને અપાએલું. પણ એમની ખરી શક્તિ અને પ્રતિષ્ઠા તો પ્રાણીચિત્રણામાં હતી. જંગલી કે પાલતુ પ્રાણીઓની લાક્ષણિકતા, ગતિશીલતા, અંગસ્થિતિ ને મુખભાવ તેની વિશિષ્ટ ખાસિયત પ્રમાણે ઉતારવામાં એમની બરોબરી કરી શકે એવો કોઈ ગુજરાતી ચિત્રકાર ભાગ્યે જ હશે. એવો જ એમનો બીજો પ્રિય વિષય હતો પ્રકૃતિનાં દૃશ્યચિત્રોનો.

'મિયાં ફૂસકી,' 'છકો અને મકો', 'તભો ભટ્ટ' વગેરે જેવાં પાત્રોને ચિત્રદેહ આપનાર, અનેક શિકારકથાઓ અને પ્રાણી-કથાઓનાં પ્રાણીચિત્રોથી ખ્યાત એમનું મુંબઈમાં ગયા વર્ષે ('૮૭)માર્ચની ૨૭ તારીખે અવસાન થયું. એમનું જીવન પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ ઈચ્છિત સિદ્ધિ માટેની સાધનાનું એક પ્રેરક દૃષ્ટાંત બની રહેશે અને એમનાં પ્રાણીચિત્રો હજીયે વર્ષો સુધી બેનમૂન રહેશે. □

# ગુલાબવાડી ચૌટા વચ્ચે...

– ભગીરથ બ્રહ્મભટ્ટ

હવામાં ઊડતાં પતંગિયાંને પકડવા આજેય હાથ અનાયાસ લંબાઈ જાય છે, પણ એ હાથ લાગવાને બદલે સરી ગયેલું શૈશવ મારા ખભા ઉપર આવીને પતંગિયાની જેમ જ બેસી જાય છે, અને સ્મરણોનો ઇતિહાસ ઉકલે છે.

શહેરના ટ્રાફિક વચ્ચે ગામડું પાંગરે છે. ઊગે છે પ્રાંગણ, ફૂટે છે બગીચો; ઊઘડે છે પુષ્પો, ઊડે છે પતંગિયાં; પકડવા માટે દોડાદોડી કરે છે બાળકો અને ભેગો હુંય.

ઘણો નાનો હતો ત્યારે ખેતરોમાં, ચોમાસાના દિવસોમાં બગીચામાં પતંગિયાં પકડવા ફરતો એ યાદ છે. એક પીળા પતંગિયાને મેં પકડેલું તે પણ યાદ છે. એને લઈને બીજા મિત્રોને બતાવવા દોડેલો તે પણ યાદ છે. મિત્રો બધા ભેગા થઈ ટોળું વળી ગયેલા. પતંગિયાની પાંખોનો રેશમ જેવો પદાર્થ મારી આંગળીઓ પર એક ભાત પાડી ગયેલો. ઊડીને નહિ ઊડી શકેલું એ પતંગિયું પછી મારા શર્ટ ઉપર બેસી ગયેલું.

થોડોક મોટો થયો ત્યારે છોકરીઓની રમતમાં રસ લેતો થઈ ગયેલો. કબડ્ડી કરતાં લંગડીમાં, ક્રિકેટ કરતાં ઊભી ખોમાં, પકડદાવમાં, સંગીત-ખુરશીમાં કે પછી ક્યારેક-ક્યારેક ઢીંગલા-ઢીંગલીના લગ્નોત્સવોમાં રસ લેવાનું મને ગમતું.

અમે ત્યારે ગોદડીમાં વપરાતા જૂના ગાભા ભેગા કરી એમાંથી ઢીંગલો-ઢીંગલી બનાવીએ. રમીલા એક દોરો બાંધે એનાથી માથાનો ભાગ તૈયાર થઇ જાય. વચ્ચે એક સળી રાખીએ એટલે હાથ જેવું દેખાય, પછી ઉપર રેશમની સાડી ઓઢાડીએ એટલે અસલ ઢીંગલી તૈયાર થઈ જતી. એ રીતે ઢીંગારાણાને પણ તૈયાર કરીએ. આજુબાજુમાંથી ફૂલો લઈ આવીએ એના ગજરા ગૂંથીયે, હાર બનાવીએ, ઢીંગલા-ઢીંગલીને પહેરાવીએ, તેમને ઊંચા આસને બેસાડીયે. માટીનો બાજઠ બનાવીએ. વચ્ચે અગ્નિકુંડ કરીએ. ઢીંગલા-ઢીંગલીને પરણાવીએ. એમના લગ્નનો ઉત્સવ ઉજવીએ.–

શુકન જોઈને સંચરજો રે . . .
ગોરનું નળિયા જેવું નાક ગોર ચટપટિયું,
ગોરનું ગોળી જેવડું પેટ ગોર ચટપટિયું . . .
ગણેશિયા ચિતરાવો રે . . .
પીઠી ચોળો પીઠી રે પીઠીવંતા
પ્હેલે રે મંગળ શાનાં આપીશું દાન રે . . .
સોળ વરસની છોકરીને ફેરા ફરતા નાવડયા . . .

આવી તો અસંખ્ય ધ્રુવપંક્તિઓ મને યાદ છે. આવાં લગ્નગીતોની રમઝટ જામે. ગીતોની સમજ, અસમજ કે ગેર-સમજ વચ્ચે અમે એ ગાતાં. ઢીંગલીને સાસરે વળાવતાં, અને ત્યારે અમે ખોટેખોટું રડતાં પણ ખરાં. ઢીંગલાઢીંગલીના લગ્ન વખતે મને વરપક્ષે રાખવાનું સૂચન થતું, છતાં હું રહેતો ઢીંગલી પક્ષે.

પરિણામે ક્યારેક અમારે ઝઘડો પણ થતો. વિવાદ થતો. ઘણીવાર હું રિસાઉં. કોક વાર રમલી રિસાય – બંનેને બીજાં મિત્રો મનાવે – મજા આવતી એ દિવસોમાં.

એકવાર રમત રમતાંરમતાં જ અમે ઝઘડી પડેલાં એમાં મેં ધક્કો માર્યો, રમીલા પડી ગઈ અને તેનો હોઠ કચડાયો. એ હોઠ કપાઈ ગયાની નિશાની રહી ગયેલી. આજેય રમીલાની છબીના નખશિખ સૌંદર્યમાંથી એ ક્ષત, શિશુ-શિલ્પનું સંભારણું બની બહાર નીકળીને ગાતો સંભળાય છે –

'ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે . . .'

રમીલા લગ્નગીતોમાં મેદાન મારી જતી. 'ગુલાબવાડી'-વાળું ગીત તો એનું જ. કામણગારો કંઠ. કોયલની જેમ છેડે. શ્યામવર્ણ, ચંચળ, નાજુકદેહ, આંગળીઓ લાંબી .એક તરફ પાંથી ઢળતી રાખી માથું ઓળે. સામાન્ય છોકરીઓ કરતાં અલગ પડે. બોલેય મીઠુંમીઠું.

એ રમીલાને નાનપણથી જ લગ્નગીતોનો શોખ. ગજબનો મહાવરો. ઢીંગલાઢીંગલીના લગ્નોત્સવમાં રમીલા ન હોય તો લગ્ન અટકી પડતાં.

રમીલાને અમે 'કોયલડી' કહેતાં. એના કંઠની હલકથી એ 'ગુલાબવાડી'વાળું ગીત એટલું સરસ ગવાતું કે ઢીંગલા-ઢીંગલીની સામે જોવાને બદલે રમલીને જ જોયા કરીએ એવું મનમાં થાય.

'ગુલાબવાડી' શબ્દથી એવો ઉપાડ કરે કે એની આખી ડોક જમણી તરફથી ડાબી તરફ લચી પડે, પછી એના આખા દેહમાં લયકેફ વ્યાપી વળતો, એનું લોલાયિત સૌંદર્ય એની અભિવ્યકિતની સાથે તાલ મિલાવતું જોઈ રહેવાની ક્ષણો આજે પણ ભુલાઈ નથી.

ત્યારે અમારાં માબાપ પણ છુપીછુપી રીતે અમારી એ રમતો નિહાળતાં. રમીલાનું ગીત સાંભળીને તો તેઓ પણ અંદરોઅંદર હરખાતાં, ક્યારેક કહેતાં પણ ખરાં:

'કમાલ કરે છે આ છોકરાં! એમાંય આ રમલી તો . . .!'

રમીલા ને હું સાતમા ધોરણના 'બ' વર્ગમાં સાથેસાથે હોઈએ. હું મોનિટર. રમીલા ઘણીવાર લેસન ન લાવે. હું ચલાવી લેતો. એને ચિત્ર આવડે, મને ગણિત. એને સંગીત ફાવે,

મને ન ફાવે. એને હિન્દી ફાવે, મને ન ફાવે. મને અંગ્રેજી ફાવે, એને ન ફાવે. ગુજરાતીમાં અમારે બંનેને સરખે સરખા માર્કસ આવે. એકવાર ગુજરાતીના વસંતબહેને અમને બંનેને ઊભાં કરેલાં પછી કલાસ વચ્ચે કહેલું: 'આખા વર્ગમાં તમારા બંનેના માર્કસ સૌથી વધારે છે.' બીજાં વિદ્યાર્થીઓએ તાળીઓ પાડેલી. રમીલાએ પણ પાડેલી. આખો વર્ગ હસી પડેલો.

વસંતબેને કહેલું: 'રમીલા તારું વ્યાકરણ કાચું છે. નિબંધનો પ્રશ્ન સારો છે.'

પછી મને કહેલું: 'ભાઈ તમારો નિબંધ સારો છે, પણ હજુ મહેનત કરો, વ્યાકરણની જેમ નિબંધમાં પણ વધારે માર્ક મળે તેવું કંઈક લખો. આ રમીલાની જેમ મૌલિકતાથી લખો.'

પછી તો મેં તેને નિબંધ શીખવવા કહેલું ત્યારે તેણીએ કહેલું, 'થોડે થોડે અંતરે પંક્તિઓ લખવાની એટલે . . .'

અને પછી તો મેં તેને વ્યાકરણ શીખવેલું.

અવારનવાર મળતાં, ઢીંગલા-ઢીંગલીની જેમ જ ગીતો ગાતાં, કવિતાઓ મોઢે કરતાં . . .

રમીલાને કવિતાઓ કંઠસ્થ થઈ જતી – હું નબળો રહેતો. કવિતાઓ ગાતાંગાંતાંય હું રમીલાને કહેતો –

'રમલી પેલું ગુલાબવાડીવાળું ગાને!'

રમીલા મારું માન રાખતી.

પછી તો રમીલાનાં લગ્ન લેવાયાં. રમીલા કરમાઈ ગઈ. ગામ ગોંદરે જાન આવીને ઊભી રહી ગઈ, હું કન્યા પક્ષે. જાનનું સામૈયું થયું. જાન જમવા આવી . . .

રમીલા ઊંડા ઓરડે બેઠીબેઠી હિબકાં ભરે. હું કામમાં. લગ્નમંડપમાં વરરાજા આવીને બેઠા. રમીલાને તૈયાર કરીને સખીઓ બાવડે પકડી લઈ આવી. રમીલા લગ્નમંડપમાં બેઠી.

જાનમાં આવેલી જાનરડીઓમાંથી એકે ગીત ઉપાડયું: 'ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે . . .'

મારા કાન આંખો બની ગયા. રમીલાએ ઘૂમટામાંથી મારા સામે જોઈ લીધું. ગીત ગાનારી ગોરી હતી. એની આંગળીઓ લાંબી હતી. એનો કંઠ મધુર હતો. એ નમણી, રૂપાળી, અણિયાળી આંખોવાળી, કમનીય દેહવાળી કન્યા હતી.

એનો કંઠ, એમાંથી નીકળતો લય, એનો આરોહ-અવરોહ, એની હલક, એના પ્રત્યેક વર્ણને એના અંગમરોડમાં આવતાં આંદોલનોથી હું મુગ્ધ બની ગયેલો. મારી આંખોએ એના ગીતને પહેરી લીધેલું. એના કંઠમાં જ મને ગુલાબ દેખાયેલું.

પછી તો પતંગિયું થઈને જ હું ઊડેલો – ગુલાબ પાછળ.

થોડીક જ ક્ષણોમાં એ ગુલાબને પતંગિયાએ ઘેરી લીધું હતું. રમીલાએ પરણતાંપરણતાં સંકેત કરી મને બોલાવેલો, અને કાનમાં કહેલું –

'પેલી સરસ ગાય છે, નહીં?'
મેં અજાણ્યા થઈને પૂછેલું: 'કોણ?'
'પેલી મનીષા જ સ્તો!'
'શું?' મેં ફરી પૂછેલું.
'પેલું ગુલાબવાડીવાળું ગીત જ સ્તો!'

રમીલાને વળાવતી વેળા મારા હૃદયચૌટામાં એ ગુલાબનો ગોટો પૂર્ણકળાએ ખીલી ઊઠેલો. પૂર્ણ કળાએ. પછી તો એ ગુલાબ મારું જીવન બની ગયેલું.

અમારા દામ્પત્યનો દસકો પૂરો થયો. મેં મનીષાને અને મનીષાએ મને પૂર્ણપણે સમજી લીધા પછી આખરે અમે નિર્ણય કર્યો – કોઈના બાળકને દત્તક લેવું.

સંજોગોનો શિકાર બની સાસરેથી સજીવી પાછી આવેલી રમીલાએ ગામમાં બાબાને જન્મ આપેલો. ગરીબ મા–બાપને રમીલાનું પાછું આવવું એ ઘટના જ અતિ દુ:ખપ્રદ લાગેલી, એમાં બાળક!!

થોડાક જ વખતમાં બાળક મા-વિહોણું બનેલું.

અમારા દામ્પત્યે ગામનાં વડીલોને, રમીલાનાં ગરીબ મા-બાપને કાકલૂદી કરી અને અમને એ બાળક સોંપાયું.

પછી તો 'શું નામ રાખીશું?' મેં પ્રશ્ન કરેલો.

'ગુલાબ' મનીષાએ કહ્યું હતું.

'બરાબર. આપણી પ્રીતિના મૂળમાં જ 'ગુલાબવાડી' છે એટલે એ નામ બરાબર માફક આવશે.' મેં કહ્યું. મનીષા એના પર ઝૂકીને પુન: પેલી પંક્તિઓ ગણગણી: 'ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે...' હું હસી પડયો.

આજે એ ગુલાબે મારી નહિ, મનીષાની જ નહિ, રમીલાની જ નહિ, આખા ગામની, કુળની, દેશની આબરૂમાં ચાર ચાંદ લગાડયા છે. કેટકેટલી સિદ્ધિઓ હાંસલ કરી છે એણે! ક્રમે-ક્રમે એ કયાં જઈને પહોંચ્યો છે!

હું એના ભૂતકાળનો વિચાર કરું છું તો એને ખોળામાં લેતી મનીષા ઉર્ફે રમીલા, એને હસાવતી મનીષા ઉર્ફે રમીલા એને સુવાડતી, ઉઠાડતી, એને સજાવતી, એને એકડો ઘુંટાવતી, એને ભણાવતી, એને બાલમંદિર મૂકવા જતી, લેવા જતી, એને કવિતા ગોખાવતી, એને સ્કૂલે મૂકવા જતી, એને ખવડાવતી, પીવડાવતી, એને રમાડતી, કયારેક રડાવતી કયારેક કલાવતી મનીષામાં મને રમીલાનાં દર્શન થયાં છે.

ગુલાબ જયારે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ પૂરું કરી પ્રથમ વર્ગમાં એન્જિનિયર બની વધુ અભ્યાસાર્થે વિદેશ જવા નીકળ્યો ત્યારે પણ મનીષાનાં અશ્રુબિંદુઓમાં તો ટપકી રહી હતી રમીલા!

વકતૃત્વ સ્પર્ધાઓ, રમતગમતની ટ્રોફિઓ તથા ઝળહળતાં પરિણામો હાંસલ કરીને ગુલાબ જયારે ઘરે આવતો ત્યારે મનીષાની રગેરગમાં વ્યાપી વળેલો આનંદ પણ રમીલાનો જ!!

હુંય આજે મનોમન વિચારું છું. 'ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે' વાળું ગીત કોનું? કોણ સારું ગાઈ શકે? રમીલા કે મનીષા?

– ને પરદેશથી આવેલો પુત્રનો પત્ર વાંચી ઘર વચ્ચે આટલી મોટી ઉંમરે મનીષા નાચી ઊઠે છે. એટલું જ નહીં, ગોળગોળ ઘુમ્મરી લઈ, મારી સમીપ આવી, મારી આંખો સમક્ષ એ પત્ર ધરીને એ થોડેક મોટેથી ગણગણે છે –

'ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે...' □

'સીમા શૂન્યે વિરાટે સ્થિતિ-ગતિ-પર તે વિશ્વને આદિ શૂન્યે
બ્રહ્મા જાગી નિહાળે - ચહુદિશ સહસા પ્રાણ ને શબ્દ જાગે;
કૈં કૈં બ્રહ્માંડ જન્મે, અણુઅણુ જગતે પ્રાણના ધોધ છૂટે,
નિઃસીમે ત્યાં ખગોળે તિમિર ઉર મહીં તેજનો પુંજ લ્હેરે!

શ્રી 'સ્નેહરશ્મિ' (ઝીણાભાઈ દેસાઈ)ની ચારેક દાયકા પૂર્વેની આ કાવ્યપંક્તિઓ અનાયાસ યાદ આવી જાય એવું કશુંક ત્યાં દૂર, અતિ દૂર દક્ષિણ આકાશમાં બન્યું. આભના ભવ્ય ગુંબજમાં કોઈ ઋચા પ્રકટે અને એના દિવ્ય નાદે અનંતની કુંજમાં વિરાટનો મહારાસ રચાયો. યક્ષોએ જાણે મંગલાષ્ટકમાં ફટાકડાની આતશબાજી આદરી હોય એવું ઝાકમઝોળ દૃશ્ય ત્યાં રચાયું. ખગોળ-વેત્તાઓ આવી ઘટનાને 'સુપરનોવા' જેવા શુષ્ક નામે ઓળખાવે છે. આપણે તેને 'પરમસ્ફોટ' કે 'અધિનવતારા'નું પ્રાકટ્ય કહી શકીએ. પણ આ કવિકલ્પના છોડી આપણે મૂળ વાત પર જ આવીએ.

તાજેતરની જ, એટલે કે ગયા ૧૯૮૭ના વર્ષની ૨૩ ફેબ્રુઆરીની ઠંડી રાત્રિથી તેનો આરંભ થાય છે. ઓગણત્રીસ વર્ષનો છોકરડા જેવો લાગતો એક યુવાન કૅનેડીઆન ખગોળશાસ્ત્રી ઈઆન શેલ્ટન (Ian Shelton) ૭૦ વર્ષ જૂના ૧૦ ઇંચના દૂરબીન સાથે કૅમેરા જોડીને મોડી રાતે તારાઓના ફોટો લેવા બેઠો હતો. સ્થળ હતું દક્ષિણ અમેરિકાનો ચિલી દેશ.

નકશામાં જોઈએ તો દક્ષિણ અમેરિકાની પશ્ચિમ કંઠારે, ખંડના છેક દક્ષિણ છેરેથી આરંભાઈને ઉત્તરે ૨૬૫૦ માઈલ દૂર સુધી લંબાએલો અને સરાસરી ૧૧૦ માઈલ પહોળો, જાણે લાંબું મરચું નકશા પર મૂક્યું હોય તેવો આ ચિલી દેશ લાગે છે. મરચાને અંગ્રેજીમાં ચિલિ કહે છે, અને કદાચ એ પરથી જ આ દેશને ચિલી નામ અપાયું લાગે છે. આ ચિલી દેશની સમગ્ર લંબાઈને આવરીને પથરાએલી ઍન્ડિઝ પર્વતમાળા દુનિયામાં લાંબામાં લાંબી છે અને તેનું ઉચ્ચતમ શિખર પશ્ચિમ જગતમાં ઊંચામાં ઊંચું અને દુનિયા-ભરમાં ઉચ્ચતમ શિખર એવરેસ્ટ પછી બીજા નંબરનું ગણાય છે. આ પર્વતમાળામાં ઉત્તરે સેરોલાસ કૅંપાનાસ નામના એક પર્વતની ટોચે 'લાસ કૅંપાનાસ' નામની એક વેધશાળા છે. આમ તો ચિલી જેવા કેવળ ૨,૯૨,૨૫૬ ચોરસ માઈલના વિસ્તારવાળા દેશની આ લાંબી પર્વતમાળામાં ચાર મોટી વેધ-શાળાઓ છે. તેમાંની આ લાસ કૅંપાનાસ બીજીથી અલગ એ રીતે છે કે તે, અમેરિકાની વિખ્યાત હેલ વેધશાળાનો એક ભાગ છે, અને તે વૉશિંગ્ટનના કાર્નેગી ઇન્સ્ટિટયૂટની રાહબરી નીચે ખગોળવિષયક સંશોધનો કરે છે. 'ચાર્જ કપલ્ડ ડિવાઈસ' (સી.સી.ડી) જેવી આધુનિક ઇલેક્ટ્રૉનિક પદ્ધતિથી ઈ. ૧૯૮૩

# સુપરનોવા
# '૧૯૮૭-એ'

— ડૉ. સુશ્રુત પટેલ —

ના મે માસમાં અહીંથી નેપ્ચ્યૂન ગ્રહના બેમિસાલ ફોટો લેવાયા હતા. ઉપગ્રહો દ્વારા મેળવાએલી છબિઓ બાદ કરતાં પૃથ્વી ઉપરથી નેપ્ચ્યૂન ગ્રહની આવી અફલાતૂન છબિઓ આ અગાઉ ક્યારેય મેળવી શકાઈ ન હતી.

લાસ કૅંપાનાસ વેધશાળા ૭,૪૮૦ ફીટની ઊંચાઈએ છે, અને ત્યાં પેલા ૧૦ ઇંચના પુરાણા દર્પણ દૂરબીન - રિફ્લેકટર ટૅલિસ્કોપ ઉપરાંત એ જ પ્રકારના ૧૦૧ ઇંચ, ૪૦ ઇંચ અને ટોરંટો યુનિવર્સિટીએ આપેલું ૨૪ ઇંચનું એમ મળીને બીજાં ત્રણ મોટાં દૂરબીનો પણ છે. અહીં પેલા ઇઆનભાઈ મોડી ઠંડી રાતે શું કરી રહ્યા હતા તે સમજવા થોડી આડવાત કરી લઈએ.

પોતાના ગ્રહ-પરિવાર સાથે આપણો સૂર્ય જે તારાવિશ્વમાં આવેલો છે તેને આપણે 'આકાશગંગા' કે 'મંદાકિની તારાવિશ્વ' કહીએ છીએ. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે સમગ્ર બ્રહ્માંડમાં આપણા તારાવિશ્વ જેવાં જ નાનાં-મોટાં મળીને લગભગ ૧૦૦ અબજ તારાવિશ્વો હોવાં જોઈએ. આમાંનાં કેટલાંક આપણી નજીક તો કેટલાંક અત્યંત દૂર છે. આમાંનાં નજીક ગણાતાં તારાવિશ્વોમાંથી યે નરી આંખે કળી શકાય એવાં તો માત્ર ત્રણ જ તારાવિશ્વો છે — મોટું મૅગેલન વાદળ (લાર્જ મૅગેલનિક ક્લાઉડ), નાનું મૅગલન વાદળ અને દેવયાની તારાવિશ્વ - મૅગેલનિક ક્લાઉડ્સ નામે તો એ માત્ર નરી આંખે દેખાતાં તેનાં સ્વરૂપને કારણે ઓળખાય છે, પણ એ તારાવિશ્વો (ગૅલેક્સીઝ) જ છે. દેવયાની તારાવિશ્વ (ઍન્ડ્રોમિડા ગૅલેક્સી) આપણાથી ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર છે, જ્યારે મોટું મૅગેલન તારાવિશ્વ ૧,૭૦,૦૦૦ પ્ર.વ. અને નાનું મૅગલન વિશ્વ એથી જરા વધુ — ૧,૯૦,૦૦૦ પ્ર.વ. દૂર છે. આમ, આ બંને મૅગેલન તારાવિશ્વો આપણા 'મંદાકિની' તારાવિશ્વનાં નજીકનાં પડોશીઓ છે. મોટું મૅગેલન વિશ્વ આકાશના નકશામાં 'અસિમીન' (Dorado) તારામંડળમાં અને નાનું 'ચક્રવાક' (Tucana) તારામંડળમાં દર્શાવાય છે. આકાશના દક્ષિણ ગોળાર્ધમાં એમનું સ્થાન હોઈ ગુજરાતમાંથી આપણે એ જોઈ શકતા નથી, એટલે અહીંથી આપણને નરી આંખે તો આ ત્રણમાંનું એક દેવયાની તારાવિશ્વ જ દેખાય છે. અલબત્ત, દેવયાની તારાવિશ્વ કરતાં આપણાથી વધુ નજીક બીજાં ઘણાં તારાવિશ્વો તો છે જ, પણ નરી આંખે દેખાય એટલાં એ મોટાં નથી. પરંતુ આપણે ફરી મૂળ વાત પર આવીએ.

ગઈ ૨૩ ફેબ્રુઆરી(૧૯૮૭)ની રાતે, ટોરંટો યુનિ.એ સોંપેલી કામગીરી પ્રમાણે લાસ કેંપાનાસ વેધશાળામાં ઈઆન શેલ્ટન મોટા મૅગેલન વાદળની લાંબું એક્સપોઝર આપીને છબિઓ ઝડપી રહ્યો હતો. કામની તલ્લીનતામાં પોણા ત્રણ વાગી જઈ તારીખ પણ બદલાઈ ગયાનો એને ખયાલ રહ્યો નહોતો. એ રાત પૂરતી એની કામગીરી પૂરી થઈ એટલે બધું સમેટી લેતાં પહેલાં છેલ્લે લીધેલો ફોટો ડેવલપ કરી લેવા તેણે વિચાર્યું. અને એમ કરતાં એણે જોયું કે ફોટોની નૅગેટિવમાં મોટા મૅગેલન વિશ્વમાં આવેલી 'લૂતિકા નિહારિકા' (તરન્તુલા નેબ્યુલા)માં અગાઉ ક્યારેય જોવા ન મળ્યો હોય એવો એક અતિ પ્રકાશિત પુંજનો સૂચક કહેવાય તેવો ડાઘ દેખાતો હતો.

પ્રથમ તો તેણે માન્યું કે ફોટો લેવાની ક્ષતિ રૂપે એ ડાઘ આવ્યો હશે, અથવા એ વિસ્તારમાં એકાએક કોઈ ધૂમકેતુ આવી ચડ્યો હશે. પણ એનું મન માન્યું નહીં, અને કોઈ પણ આધુનિક ખગોળશાસ્ત્રી ન કરે એવું એણે કર્યું. સામાન્યતઃ તો નરી આંખે આકાશદર્શન કરવું કે પછી હાથવગા સામાન્ય દૂરબીનથી તારાઓ જોવા એ શૉખીન ખગોળરસિયાઓનો ઈજારો છે; આધુનિક સાધનસંપન્ન વ્યવસાયી ખગોળશાસ્ત્રીઓ એ રીતે તારાઓ નીરખવામાં પડે નહીં. પણ આ ઈઆને તો બહાર ફૂંકાતા કાતિલ ઠંડા પવનની પરવા કર્યા વિના વેધશાળાના હૂંફાળા ગુંબજની બહાર નીકળીને નરી આંખે મોટા મૅગેલન વિશ્વને જોવાનું સાહસ કર્યું. ચકાસણી માટે બીજો ફોટો લેવાની પણ જરૂર ન રહી. કારણ પેલા ફોટોની નૅગેટિવમાં પ્રકાશપુંજનો સૂચક કહી શકાય તેવો જે ડાઘ હતો તે કોઈ ક્ષતિ નહોતી. નરી આંખે પણ એને લૂતિકા નિહારિકામાં એનો ઝળહળાટ દેખાતો હતો. લાંબા સમય સુધી ઈઆન એને જોતો જ રહ્યો. એ કોઈ ધૂમકેતુ નહોતો, કારણ એ પ્રકાશ ત્યાંથી જરા પણ ખસતો લાગતો નહોતો. અને જો એ ધૂમકેતુ ન હોય તો પછી આ પ્રકાશપુંજ એ 'સુપરનોવા'ની જ ઘટના હોઈ શકે તેવું પોતાની જાતને મનાવતાં અને એ નિર્ણય પર આવતાં એને ઠીકઠીક સમય લાગ્યો. જે નૅગેટિવ એ બીજા દિવસે પણ ડેવલપ કરી શકત તે આળસ કર્યા વગર તુરત ડેવલપ કરી, અને ઠંડીની પરવા કર્યા વિના એણે ગુંબજની બહાર આવી નરી આંખે લૂતિકા નિહારિકા પર નજર નાખવાનું સાહસ કર્યું તેનું સુફળ તેને મળ્યું. એક 'સુપરનોવા' શોધી કાઢ્યાનો યશ એને મળ્યો. ખરા અર્થમાં 'રાતોરાત ખ્યાતિ' પામવા એ ભાગ્યશાળી બન્યો.

પોતાની આ શોધનું મહત્ત્વ સમજાતાં તુરત ઈઆન શેલ્ટોને મૅસેચ્યુસેટ્સમાં 'ઈન્ટરનૅશનલ ઍસ્ટ્રોનોમિકલ યુનિયન'ને તાર કરીને તેની જાણ કરી. આ સંસ્થા નવા ધૂમકેતુઓ, લઘુગ્રહો, નોવા (સ્ફોટક તારા કે નવતારા), સુપરનોવા વગેરે જેવી આકાશમાં જોવા મળતી બધી ક્ષણિક ઘટનાઓની પદ્ધતિસરની નોંધો રાખે છે, અને શોધાયેલો પિંડ કે ઘટના શું છે તે, એ નવી જ છે કે અગાઉ પણ બની ગએલી છે વગેરે જેવી સંખ્યાબંધ માહિતીઓ પૂરી પાડે છે. આ સંસ્થાના નિયામક બ્રિઆન માર્સડેન (Brian Marsden)ના કહેવા પ્રમાણે ઈઆન શેલ્ટોન સુપરનોવાની આ નવી ઘટના જોનાર પ્રથમ માનવી હતો. એમ તો ચિલીની આ જ વેધશાળાના એક સહાયક સંશોધક ઑસ્કાર ડુહાલ્ડે (Oscar Duhalde)એ પણ આકાશમાં આ ઘટના જોઈ હતી. એ વખતે એ પગ છૂટા કરવા વેધશાળાની બહાર નીકળેલો અને ભૂતનું મન બાવળિયે એવી આદતના જોરે એ આકાશ તરફ નજર ફેંકી રહેલો ત્યારે અકસ્માત તેણે આ પ્રકાશપુંજ જોયો હતો. માર્સડેન કહે છે કે ન્યૂ-ઝીલૅન્ડથી એક બીજા માણસ આલ્બર્ટ જોન્સ (Albert Jones)નો પણ તાર એને મળેલો પણ આ ઘટનાની જાણ કરવામાં એ ઈઆન કરતાં થોડો મોડો પડેલો.

ન્યૂઝીલૅન્ડના નેલ્સન વિસ્તારમાં રહેતો આ આલ્બર્ટ મૂળ તો મોટર-રીપેરર. ૭૦ વર્ષની વયે હાલ એ નિવૃત્તિ ભોગવે છે. ખગોળનો એ શૉખીન હોઈ એણે પોતે જ બનાવેલા દૂરબીન દ્વારા તેણે પણ આ સુપરનોવા જોયેલો. પણ ખગોળ-શાસ્ત્રની ખોજમાં ઘણીવાર આવી રીતે સમય અને સંજોગો નિર્ણાયક બની જતા હોય છે. આ હકીકતનું એક બીજું ઉદાહરણ રૉબર્ટ મૅકનોટ (Robert McNaught) નામના ખગોળશાસ્ત્રીનું છે. ઑસ્ટ્રેલિયામાં ન્યૂ સાઉથ વેલ્સ ખાતે બ્રિટન અને ઑસ્ટ્રેલિયાની સરકાર સાથે મળીને ઍંગ્લો-ઑસ્ટ્રેલિયન વેધશાળા ચલાવે છે. ૩૮૨૨ ફીટની ઊંચાઈએ આવેલી આ વેધશાળામાંથી મૅકનોટે આગલી રાતે, એટલે કે ૨૨ ફેબ્રુઆરીએ આકાશના આ જ વિસ્તારનો એક ફોટો લીધો હતો, પણ એને ડેવલપ કરવાની આળસમાં એ આ અદ્ભુત ઘટના જોનાર પ્રથમ માનવી બનવાનો યશ ખોઈ બેઠો.


આ ઘટના સુપરનોવા દેખાયાની જ છે, અને એક આખેઆખો તારો પ્રચંડ ધડાકા સાથે એકાએક ફાટી પડીને મૃત્યુની ગર્તમાં ધકેલાઈ ગયો છે એવી ખાતરી થઈ જતાં, માત્ર અડધા જ કલાકમાં તો માર્સડેનની સંસ્થાએ દુનિયાની ૧૫૦થીયે વધુ વેધશાળાઓને તેનું નિરીક્ષણ કરવાની તાકીદ કરી દીધી. આમ કરવું જરૂરી છે, કારણ કે પૃથ્વી ઉપર કોઈ એક વિસ્તારમાં તો રાત્રિ હોય જ છે તેથી આવી આકાશી ઘટનાનો અભ્યાસ કરવામાં સાતત્ય જળવાઈ રહે છે. આપણે ત્યાં દક્ષિણ ભારતમાં આવેલી કાવલૂર વેધશાળા પણ આનો સંદેશ મળતાં જ સક્રિય બની ગઈ હતી.

આ સુપરનોવા ભવિષ્યમાં તો કદાચ 'શેલ્ટોન સુપરનોવા' તરીકે જ ઓળખાશે, પરંતુ ગયાવર્ષનો આ પ્રથમ સુપર-નોવા હોઈ હાલમાં તો તેને '૧૯૮૭-એ'ની કામચલાઉ સંજ્ઞા અપાઈ છે. ખગોળશાસ્ત્રીઓની આલમમાં તો આ સમાચારે

એક નવી ઉત્તેજના પ્રસારી દીધી. કારણ છેલ્લાં ૩૮૩ વર્ષથી ખગોળજ્ઞ બહુ ઇંતેજારીથી આવી ઘટનાની રાહ જોતા હતા. અને આમ કહેવામાં અતિશયોક્તિ પણ નથી. ખગોળવિષયક કોઈ પણ પ્રતિષ્ઠિત પુસ્તક જોઈશું તો તેમાં આ સદીના અંત સુધીમાં આપણા મંદાકિની તારાવિશ્વમાં આવો સુપરનોવા દેખાવાની સંભાવના હોવા વિશેનું લખાણ મળી રહેશે જ. આ સદ્‌ભાગી વ્યકિતઓમાં ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સના ૫૦ વર્ષની વયના રૉબર્ટ ઈવાન્સનો ઉલ્લેખ પણ કરવો જ જોઈએ. આમ તો ૨૩ ફેબ્રુઆરી ૧૯૮૭ની રાત્રિએ આ નવો સુપરનોવા ('૧૯૮૭–એ') એની નજરે કદાચ સૌથી પહેલો ચડયો હોત, પણ એના કમનસીબે એ રાત્રિએ ત્યાંનું આકાશ વાદળછાયું હતું. એટલે એ સુપરનોવાની શોધનો યશ એને ન મળતાં શેલ્ટોનને મળ્યો. પરંતુ ચાર જ દિવસ પછી આ વર્ષના બીજા સુપરનોવાની રૉબર્ટ ઈવાન્સે શોધ કરી. આ બીજો સુપરનોવા – '૧૯૮૭–બી' પહેલા સુપરનોવા કરતાં ઘણો ઝાંખો અને વધુ દૂર છે. આમ, પહેલા સુપરનોવાનો યશ ચૂકી ગયો તો આ વધુ દૂરના સુપરનોવાની શોધથી એનો તો જાણે હિસાબ સરભર થઈ ગયો. બ્રિયાન માર્સડેનના કહેવા મુજબ '૧૯૮૭–બી' એ આ સદીમાં નરી આંખે દેખાયેલો અને ખગોળરસિયાઓ દ્વારા શોધાયેલો ૧૮મો સુપરનોવા છે, અને આ ૧૮માંથી ૧૫ની શોધ આ રૉબર્ટ ઈવાન્સે જ કરી છે! અને તે પણ બહુ ઓછા સમયગાળામાં. ઈ. ૧૯૮૧માં ઈવાન્સે બે સુપરનોવા શોધ્યા અને તેય પોતે જાતે બનાવેલા દૂરબીન વડે. એ પછી ૧૯૮૩માં બીજા ચાર. ૧૯૮૪માં પણ ચાર, ૧૯૮૫માં એક અને ૧૯૮૬માં ત્રણ સુપરનોવા એણે શોધ્યા. આ ૧૪ પછી ગયા વર્ષના આરંભમાં જ એણે ૧૫મો સુપરનોવા શોધ્યો. પોતે જ બનાવેલા ૧૦ ઈંચના દૂરબીનનો જ એ ઉપયોગ કરતો. ખગોળશાસ્ત્રમાં એણે આપેલા આવા નોંધપાત્ર ફાળા બદલ ઑસ્ટ્રેલિયાની એક સંશોધન સંસ્થાએ એને ઈ. સ. ૧૯૮૫માં ૧૬ ઈંચનું એક દૂરબીન ભેટ આપેલું એનો પણ હવે એ ઉપયોગ કરે છે.


### નોવા અને સુપરનોવા

સુપરનોવા અને નોવા વચ્ચે તફાવત છે. 'નોવા' મૂળ લૅટિન શબ્દ છે, જેનો અર્થ થાય છે 'નવો' તારો. ઈ. ૧૫૭૩માં ટાયકો બ્રાહે (૧૫૪૬–૧૬૦૧) નામના ખગોળશાસ્ત્રીએ લૅટિન ભાષામાં મોટા કદનાં બાવન પાનાંનું એક પુસ્તક પ્રકટ કરેલું. એ પુસ્તકનું લૅટિન નામ તો બહુ લાંબું છે, પણ 'ડી નોવા સ્ટેલા' જેવું ટૂંકું નામ લોકજીભે ચઢી ગયું. અંગ્રેજીમાં એનો અર્થ થાય છે 'નવા તારાને લગતું'. આ પુસ્તકમાં ટાયકોએ ઈ. ૧૫૭૨ના નવેમ્બર માસમાં શર્મિષ્ઠા તારામંડળમાં જોયેલા એક અત્યંત પ્રકાશિત (નવા) તારાનું વર્ણન આપ્યું છે. આકાશમાં અગાઉ જ્યાં કશું ન હોય ત્યાં એકાએક ઝળહળાટ થઈ જાય તો તેનો અર્થ એ જ થાય કે ત્યાં નવો તારો જન્મ્યો હોવો જોઈએ. ટાયકોએ આ પ્રકાશપુંજને



આકાશમાં આપણા મંદાકિની તારાવિશ્વની પડોશનો વિસ્તાર દર્શાવતી આકૃતિ. આ વિસ્તાર લગભગ ખાલી જ છે, છતાં 'સ્થાનિક જૂથ' નામે ઓળખાતા સમૂહનાં કેટલાંક તારાવિશ્વો આપણી નજીકમાં છે ખરાં. આકૃતિના કેન્દ્રમાં આપણું તારાવિશ્વ બતાવ્યું છે ને તેની પાસે જ બે મૅગેલન વાદળ (મૅગેલનિક કલાઉડસ) છે. લગભગ ૩,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલા પહોળા વિસ્તારમાં આટલું જ છે, આકૃતિમાં તે નાના વર્તુલમાં સમાઈ રહે છે. એથી યે આગળ ૧,૭૦,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલા વિસ્તાર (મોટા વર્તુળ)માં આપણી નજીકનાં અન્ય તારાવિશ્વો છે. આમાં (આકૃતિમાં મથાળે) 'દેવયાની 'તારાવિશ્વ'નો પણ સમાવેશ છે. આકૃતિમાં તારાવિશ્વો તેના કદના પ્રમાણમાં દર્શાવેલાં નથી.

'નોવા' કહ્યો. અને ત્યારથી આ નામ પ્રચલિત થઈ ગયું છે. આજે આપણે જાણીએ છીએ કે નોવા એ નવા તારા નથી, અને એણે જોયેલો પેલો પ્રકાશપુંજ હકીકતે સુપરનોવા હતો. તદ્દન નિસ્તેજ દેખાતો તારો ક્યારેક અચાનક ઝગમગાટ થવા જેવો રૂપવિકાર દાખવે તેને આપણે 'નોવા' કહીએ છીએ. ગુજરાતીમાં એને 'સ્ફોટક તારો' કે 'નવો તારો' કહી શકીએ. આવા તારા એકાએક તેજસ્વી બની કયારેક તો આકાશમાં સહુથી તેજસ્વી દેખાતા 'વ્યાધ' તારા જેટલી ચમક દાખવે છે, પણ પછી ધીરેધીરે એ ઝાંખા થતા જઈ થોડા મહિના કે થોડાં વર્ષોમાં પાછા અસલની સ્થિતિમાં પહોંચી જાય છે, એટલે કે નજરથી ઓઝલ થઈ જાય છે. આપણા તારાવિશ્વમાં વર્ષે ૧૦થી ૧૫ જેટલા 'નોવા' બનતા હોવાનું મનાય છે, પણ આમાંથી આપણી નજરે બે કે ત્રણ જ ચઢે છે. આવા તારાઓ બહુધા શોખીન ખગોળરસિયાઓ જ શોધી કાઢતા હોય છે. 'નોવા'નું નામકરણ, ધૂમકેતુની જેમ તેના શોધકના નામ ઉપરથી નહીં, પણ એ જે તારામંડળમાં જોવા મળ્યા હોય તે



સાગર-માર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળેલો પોર્ટુગીઝ સાહસસફરી ફર્ડિનાલ્ડ મૅગેલન (૧૪૮૦-૧૫૨૧) જ્યારે દક્ષિણ ગોળાર્ધના સાગરમાં પહોંચ્યો ત્યારે એના એક ખલાસી ઍન્ટૉનિયા પિગાફેટાએ એક રાતે દક્ષિણ આકાશમાં ઝળહળતાં બે વાદળો તરફ ધ્યાન દોર્યું. હકીકતે આ વાદળો નહીં પણ બે વિરાટ તારાવિશ્વો (ગૅલેક્સી) હતાં. જોકે આજે યે તે તારાવિશ્વો વાદળો—કલાઉડ્સ તરીકે જ ઓળખાય છે, અને એન્ટોનિયાના નામે નહીં, પણ એ સાગરયાત્રાના નાયક મૅગેલનના નામે ઓળખાય છે. એ બે વાદળોમાંનું મોટું તે 'લાર્જ મૅગેલનિક કલાઉડ' અને નાનું તે 'સ્મૉલ મૅગેલનિક કલાઉડ'. ટૂંકમાં **LMC** અને **SMC**. આમ, દક્ષિણ આકાશમાં નરી આંખે તુરત ધ્યાન ખેંચતાં આ બે તારાવિશ્વોની પૃથ્વીના ઉત્તર ગોળાર્ધવાસીઓને ઈ. ૧૫૧૯ના અરસામાં જાણ થઈ. વિષુવવૃત્તની ઉત્તરે વીસેક અંશ ઉત્તર અક્ષાંશથી ઉપર આવેલા વિસ્તારોમાંથી આ તારાવિશ્વો દેખી શકાતાં નથી. પણ પૃથ્વી ઉપરથી નરી આંખે પણ રાતે આકાશમાં કળી શકાતાં જે ત્રણ મુખ્ય તારાવિશ્વો છે તેમાં ઉત્તર આકાશમાં 'દેવયાની' તારાવિશ્વની સાથે દક્ષિણના આ બે મૅગેલન તારાવિશ્વો અગ્રસ્થાને છે. વળી, દેવયાની તારાવિશ્વ કરતાં આ બંને તારાવિશ્વો બારેક ગણા નજીક હોઈ એમનો ઝીણવટભર્યો અભ્યાસ થઈ શકયો છે.

દેવયાની તારાવિશ્વ (ઍન્ડ્રોમિડા ગૅલેક્સી) આપણાથી ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર છે. દેવયાની તારામંડળમાં એ ઝાંખું-ઝાંખું પણ નરી આંખે કળી શકાય તેવું છે. જ્યારે મોટું મૅગેલન વાદળ (તારાવિશ્વ) દક્ષિણ આકાશમાં મુખ્યત્વે 'અસિમીન' (Dorado) તારામંડળમાં અને નાનું 'ચક્રવાક' (Tucana) તારામંડળમાં દેખાય છે. મોટું મૅગેલન વાદળ આપણાથી પર

---

તારામંડળના નામ પરથી તથા જે વર્ષમાં એ શોધાયા હોય અથવા જે વર્ષમાં એ વધુમાં વધુ તેજસ્વી લાગ્યા હોય તે વર્ષને સાંકળી લઈને થાય છે.

'નોવા' અન્ય તારાવિશ્વોમાં પણ થતા રહે છે, પણ સુપરનોવાની સરખામણીમાં એવા વિસ્ફોટો ઘણા ઝાંખા અને અતિ દૂરદૂર થતા હોઈ એ નજરે ચઢવા અત્યંત મુશ્કેલ હોય છે.

નોવાની શોધો બહુધા ખગોળરસિયાઓએ કરી છે, જેમાંના એક બ્રિટિશ શિક્ષક આલ્કૉક (G.E.D. Alcock) જેવાએ તો ચારેક નોવા ઉપરાંત સંખ્યાબંધ નવા ધૂમકેતુઓની શોધ કરી છે. સુપરનોવા શોધનારા કરતાં નોવા જોનારાઓની સંખ્યા હમેશાં વધારે રહી છે. બીજા શબ્દોમાં કહીએ તો નોવાની સરખામણીમાં સુપરનોવાની ઘટનાઓ અતિ વિરલ છે.

સામાન્યત: બધા જ નોવા જોડિયા તારા (Binary stars) હોય છે. આ સત્ય ઈ. ૧૯૨૭માં જન્મેલા રૉબર્ટ પોલ ક્રાફ્ટ (Robert paul Kraft) નામના એક અમેરિકન ખગોળશાસ્ત્રીએ સૌ પ્રથમ ઈ. ૧૯૬૨ માં રજૂ કરેલું. આ યુગ્મતારા પૈકીનો એક તારો 'શ્વેત વામન' ( white dwarf) હોય છે, જ્યારે બીજો તેના પ્રમાણમાં ઠંડો લાલ તારો હોય છે. આ શ્વેત વામન તારો પોતાના અસ્તિત્વના આખરી તબક્કામાં પહોંચ્યો હોય છે. એ અત્યંત ઝાંખો હોવા સાથે સંકોચાઈને,

(બાવન) કિલો પાર્સેક અને નાનું ૬૩ કિ.પા. જેટલું દૂર છે. કિલો એટલે હજાર, અને પાર્સેક એટલે લગભગ ૩.૨૬ પ્રકાશવર્ષ અથવા લગભગ ૧,૯૧,૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલ જેટલા અંતરનું એકમ. પ્રકાશવર્ષના એકમની જેમ ખગોળમાં અતિઅતિ દૂરનું અંતર દર્શાવવા પાર્સેકનું એકમ પણ વપરાય છે.

હકીકતે તો આ મૅગેલન વાદળો અને દેવયાની તારાવિશ્વ સહિત ૩૦ જેટલાં નાનાંમોટાં તારાવિશ્વો આપણા મંદાકિની તારાવિશ્વની નજીકનાં તારાવિશ્વો ગણાય છે, જે સ્થાનિક જૂથનાં તારાવિશ્વો (લૉકલ ગ્રૂપ ઑફ ગૅલેક્સીઝ) કહેવાય છે. પરંતુ રાત્રે નરી આંખે તો ઉપર કહ્યાં તે ત્રણ જ કળી શકાય તેવાં છે. આમ, મૅગેલન વાદળો આપણા નજીકના પડોશીઓ છે. અને એથી એમનો જે અભ્યાસ થઈ શક્યો છે તેમાંથી એમની કેટલીક આગવી લાક્ષણિકતાઓ જાણવા મળી છે. આપણા મંદાકિની કે આકાશગંગા તારાવિશ્વના એ જાણે ઉપ-તારાવિશ્વો જેવાં છે. આ બંને તારાવિશ્વો આપણા તારા-વિશ્વની પરિક્રમ્મા પણ કરે છે. બંને થોડા પ્રમાણમાં 'જૂના' અને વધુ પ્રમાણમાં 'નવા' તારાઓ ધરાવે છે, અને બંનેમાં હજી અનેક નવાનવા તારાઓનું સર્જન ચાલ્યાજ કરે છે. (આ સાથે સામેના પૃષ્ઠ પર ડાબી બાજુ મોટા મૅગેલન વાદળનું અને જમણી બાજુ નાના મૅગેલન વાદળનું ચિત્ર આપ્યું છે.)

મોટું મૅગેલન વાદળ આપણાથી ૧,૭૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે, અને નરી આંખે એ આકાશગંગાના તેજસ્વી પટથી ૬ અંશ, એટલે કે લગભગ ૧૨ ચંદ્રબિંબ જેટલું દૂર આછા વાદળ જેવું દેખાય છે. પરંતુ ૮ કિલો પાર્સેક જેટલા વ્યાસમાં પથરાએલા તેના વિસ્તારમાં દસ અબજ સૂર્ય જેટલું વાયુદ્રવ્ય અને ૧,૦૦,૦૦૦ લાખ જેટલા તારાઓ તથા કેટલીક તેજસ્વી નિહારિકાઓ પણ છે. આમાંની તારાન્તુલા (Tarantula) નિહારિકા વિખ્યાત છે.

નાનું મૅગેલન વાદળ મોટાથી જરા વધુ – આપણાથી ૧,૯૦,૦૦૦ પ્ર.વ. દૂર છે. તેના પાંચ કિ.પા. જેટલા વ્યાસ-વાળા વિસ્તારમાં બે અબજ સૂર્ય જેટલું દ્રવ્ય અને ૧૦૦૦ લાખ જેટલા તારાઓ છે. દૂરબીનમાંથી આ વાદળમાં પણ કેટલીક નિહારિકાઓ અને તારાગુચ્છો દેખાય છે.

આ બંને તારાવિશ્વોના વર્ણપટના અભ્યાસે દર્શાવ્યું છે કે, આપણા તારાવિશ્વની સરખામણીમાં તેમનામાં અનેક ગણું વાયુદ્રવ્ય છે, અને તેમનામાં લોહ વગેરે જેવાં ભારે તત્ત્વો બહુ ઓછા પ્રમાણમાં છે. આનો અર્થ એ કે આપણા તારાવિશ્વ કરતાં આ બંને વયમાં ઘણાં 'યુવાન' છે. વળી, ચૌદેક વર્ષ પહેલાં રેડિયો-ખગોળશાસ્ત્રીઓએ 'મૅગેલનિક પ્રવાહ' (મૅગેલનિક સ્ટ્રીમ)ની પણ એક મહત્ત્વની શોધ કરી છે.

આયનિત નહીં થયેલા, એટલે કે ન્યૂટ્રલ (તટસ્થ) હાઈડ્રો-જનનો બનેલો આ પ્રવાહ નરી આંખે કળાતો નથી, પણ રેડિયો-દૂરબીન તેને પકડી શકે છે. આ બંને વિશ્વો તરફથી – ખાસ તો નાના મૅગેલન તારાવિશ્વથી આરંભાઈને ન્યૂટ્રલ હાઈડ્રોજનનો આ પ્રવાહ છેક આપણા તારાવિશ્વની પાસે કે એની ધરીને અડીને વિંટળાય છે. આ વાયુપ્રવાહની ગતિ પ્રતિ સેકંડે ૨૦૦ કિ.મિ. જેટલી છે. વળી, ગુરુત્વાકર્ષણના બળને કારણે સમુદ્રોમાં જેમ ભરતી ચડે છે એવી જ રીતે આ વાદળોમાંના દ્રવ્ય તથા તારાઓ પર આપણા તારાવિશ્વના ગુરુત્વાકર્ષણની અસર થઈને એ બધું તત્ત્વ આપણી દિશા તરફ ખેંચાયા કરે છે.

ચારેક વર્ષ પર નાના મૅગેલન વાદળની પાછળ પણ એક ટચુકડું તારાવિશ્વ હોવાની જાણ થઈ છે. આપણે તેને મોટા અને નાના મૅગેલન વાદળ પછી હવે 'મિનિ મૅગેલનિક ક્લાઉડ' (MMC) કહી શકીએ.

આમ, પોતાનાં ગોપિત રહસ્યોને એક પછી એક પ્રકટ કરતા રહી આ મૅગેલન તારાવિશ્વોએ હવે '૧૯૮૭–એ' સુપરનોવાનું દર્શન કરાવીને આપણને એક વધુ આશ્ચર્ય આપ્યું છે. —સં.

---

દબાઈને કદમાં નાનો બની જતો હોય છે. વૃદ્ધ માણસો જેમ લોહીની લાલી વગર ફિક્કા પડી જઈ સફેદ થઈ ગયેલા અને ઘસાઈઘસાઈને તથા કેડેથી વાંકા વળી જઈને વામન બની જતા હોય છે તેમ. આવો શ્વેત વામન તારો પોતાનું બધું જ મૂળ દ્રવ્ય ઠાંસીઠાંસીને થોડાક જ વિસ્તારમાં સમાવી દે છે. આમાંનું એક મૂઠી દ્રવ્ય લઈએ તો અતિશય ઠસોઠસ હોવાને કારણે તેનું વજન સેંકડો ટન જેટલું થાય. પરિણામે તેનું ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર અને બળ પણ વધારે હોય છે. વિજ્ઞાનીઓ કહે છે કે આ કારણે આ શ્વેત વામન તારો પોતાના જોડીદાર તારામાંથી પણ દ્રવ્ય ખેંચે છે, જે શ્વેત વામનના બહારનાં સ્તરોમાં રહ્યાસહ્યા હાઈડ્રોજન સાથે ઘર્ષણમાં આવે છે અને અતિશય ઉષ્મા પેદા કરે છે. તેમાંથી ક્ષ–કિરણો જેવા તરંગો પેદા થાય છે અને અમુક બેકાબૂ પ્રક્રિયા દ્વારા વધારાના દ્રવ્ય તરીકે એક સ્ટોફ દ્વારા ચોતરફ પ્રસરી જાય છે. આમ, સ્ફોટ પહેલાં અને સ્ફોટ પછી પણ 'નોવા' તારો પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. કારણ કે આમાં તારાના માત્ર બહારના પડો જ ફેંકાઈ જાય છે, જ્યારે મૂળ તારો તો અકબંધ જ રહે છે. વળી, એકનો એક તારો બીજી વાર અને અમુક કિસ્સામાં તો વારંવાર સ્ફોટ કરીને નોવા બન્યા કરતો પણ જોવા મળે છે.

સુપરનોવાના સ્ફોટમાં તો આખો તારો જ પ્રચંડ ધડાકા સાથે ફાટે છે અને તેનું બધું જ દ્રવ્ય અંતરિક્ષમાં ચોપાસ ફેંકાઈ જાય છે. એ તારો ફાટે તો તેનો ઝગમગાટ કયારેક આસપાસના સમગ્ર આકાશને પોતાના તેજથી ભરી દે છે. એ સમયે તેનું તેજ ૧૦થી ૨૦ કરોડ સૂર્યના તેજ જેટલું


થઈ જાય છે. જ્યારે નોવાના પ્રસંગે આટલો પ્રચંડ સ્ફોટ આટલું તેજ કે આટલું બધું દ્રવ્ય ક્યારેય ફેંકાતું નથી. આમાં સ્ફોટ પછી યે મૂળ તારો બચી રહે છે, જ્યારે સુપરનોવાની ઘટનામાં તો મૂળ તારો લગભગ ખલાસ થઈ જાય છે, બચી રહે છે **માત્ર** તેના કેન્દ્ર ભાગમાંનું દ્રવ્ય જ. આમાં યે જો મૂળ તારાનું દળ (માસ) આપણા સૂર્ય કરતાં ૧૦ કે એથી વધુ ગણું હોય તો સ્ફોટ પછી બચેલું એનું કેન્દ્રસ્થ દ્રવ્ય એકદમ સંકોચાવા માંડીને આશરે ૧૫ માઈલના વ્યાસવાળા પિંડમાં ફેરવાઈ જાય છે. આવા તારા કે મૂળ તારાના અવશેષને તેમાંના દ્રવ્ય પરથી 'ન્યુટ્રોન–તારા' કહે છે. આ તારા નિયમિત રૂપે રેડિયો–તરંગોનું ઉત્સર્જન કરે છે. પોતાની ધરી ઉપર આ તારો પ્રચંડ વેગથી ઘૂમે છે. અને આમ ઘૂમતાંઘૂમતાં થડકારા રૂપે રેડિયો તેમ જ પ્રકાશના તરંગો છોડે છે. આવા કેટલાક તારા 'ક્ષ-કિરણો' તથા 'ગામા-કિરણો' પણ છોડતા હોવાનું જણાયું છે. આમ, થડકાર કે ધબકાર રૂપે (પલ્સેટાઈંગ) તરંગો છોડતા હોવાથી આ ન્યુટ્રોન તારાને 'પલ્સાર' પણ કહે છે. આપણી આકાશગંગામાં આમ એક પળે દૃષ્ટિગોચર થતા ને બીજી પળે અદૃશ્ય થતા, આવા નિયમિતપણે ઝબકતા પલ્સારની સંખ્યા અંદાજે દસ લાખ હોવાનું મનાય છે. પરંતુ મૂળ તારો જો આથીયે મોટો હોય, અથવા આટલો હોય, પણ એના કેન્દ્રમાં બચેલા અવશેષનું દળ ત્રણ સૂર્ય કરતાં વધુ હોય તો તેના પોતાના ગુરુત્વાકર્ષણના પ્રચંડ બળની ભીંસમાં એ અત્યંત સંકોચાઈને નાનો બની જાય છે, મતલબ, એમાંના દ્રવ્યની ઘનતા અનંત બની જાય છે, પરિણામે એ પિંડનું ગુરુત્વાકર્ષણ એટલું તો વધી જાય છે કે એમાંથી કોઈ પણ જાતનું વિકિરણ - પ્રકાશ સુદ્ધાં - બહાર નીકળી શકતું નથી, અને એ રીતે પિંડ દૃશ્યમાન થતું નથી. વૈજ્ઞાનિકો એને 'બ્લૅક હોલ' કહે છે. આમ, સુપરનોવા 'પલ્સાર' (ન્યુટ્રોન તારો', અથવા 'બ્લૅક હોલ'માં ફેરવાઈ શકે છે, જ્યારે 'નોવા-આવું કશું જોવા મળતું નથી.

ઈ. ૧૯૩૦ સુધી તો વૈજ્ઞાનિકોને પણ નોવા અને સુપરનોવા વચ્ચેનો તફાવત સમજાયો ન હતો. એ ભેદ સમજાવ્યો ફ્રિટ્ઝ ઝવીકી (Fritz Zwicky–૧૮૯૮–૧૯૭૪) નામના એક સ્વીસ ખગોળશાસ્ત્રીએ. વળી, 'નોવા' ઉપરથી 'સુપરનોવા' નામ પણ એણે જ આપ્યું. એણે કહ્યું કે અમુક વર્ગના તારા 'નોવા' અને બીજા અમુક વર્ગના તારા 'સુપરનોવા' બને છે. જેમ કે આપણો સૂર્ય કદી સુપરનોવાની અવસ્થાએ પહોંચી શકે તેમ નથી. આના કારણે નોવા તથા સુપરનોવાના સ્ફોટના પ્રકાશનો વર્ણક્રમ પણ આગવો હોય છે. અહીં એ નોંધવું જોઈએ કે ઝવીકીની આ કલ્પનાના પાયામાં આપણા વિખ્યાત ખગોળશાસ્ત્રી સુબ્રહ્મણ્યમ્ ચંદ્રશેખરની શોધનો મોટ ફાળો છે. ઈ. ૧૯૧૦માં જન્મેલા ચંદ્રશેખરે તારાના મૃત્યુ અંગેનો પોતાનો વાદ સૌપ્રથમ રજૂ કરેલ. અને તારાઓનાં મૃત્યુ ઓછેવત્તે અંશે તેમણે બતાવેલા સિદ્ધાંતો પ્રમાણે જ થતાં હોવાનું સાબિત થયું છે.

## ઇતિહાસમાં સુપરનોવા

**વૉ**લ્ટર બેડે (કે બાદે–Walter Baade–૧૮૯૩–૧૯૬૦)ની મદદથી ઝવીકીએ ઈ. ૧૯૩૬થી સુપરનોવાની રીતસર શોધ આરંભી, અને આ ઘટના કેવી રીતે થાય છે એની આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં સમજૂતી આપી. આ પછી તો આ વિજ્ઞાનીઓ અને એમના સાથીઓએ માત્ર ચાર જ દસકામાં લગભગ ૩૦૦ જેટલી સુપરનોવાની ઘટનાઓ શોધી કાઢી, આજે એ આંકડો વધીને ૬૦૦ ઉપર પહોંચ્યો છે. પણ આપણે આગળ જોયું તેમ આ બધા સુપરનોવા આપણાથી અત્યંત દૂર આવેલા તારાવિશ્વોમાં થયા છે. આપણા તારાવિશ્વની વાત કરીએ તો અત્યાર સુધીના સમગ્ર માનવ-ઈતિહાસમાં આવી માત્ર દસેક ઘટનાઓ જ નોંધાઈ છે. વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ આપણા તારાવિશ્વમાં એક સદીમાં બે કે ત્રણ સુપરનોવા થતા હશે. અલબત્ત, આમાંથી દર હજાર વર્ષે ત્રણેક જેટલા સુપરનોવા નરી આંખે જોવા મળે છે.

ટાયકો બ્રાહેએ ઈ. ૧૫૭૨માં સુપરનોવા જોયા પછી માત્ર ૩૨ જ વર્ષ પછી ઈ. ૧૬૦૪માં એક બીજો સુપરનોવા જોવા મળ્યો, જે 'સર્પધર' (Ophiuchus) નામના તારામંડળમાં દેખાયો હતો. આમ તો એને અન્ય લોકોએ પણ જોયેલો, પરંતુ ટાયકો બ્રાહેના જ મદદનીશ યોહાન્નીસ કૅપ્લરે (૧૫૭૧-૧૬૩૦) એનું બહુ જ વિગતપૂર્ણ વર્ણન કર્યું છે, એટલે આજે એ 'કૅપ્લરના તારા' તરીકે ખ્યાત છે. આપણી આકાશગંગામાં નોંધાયેલો આ છેલ્લામાં છેલ્લો સુપરનોવા છે. આ ઘટનાને આજે ૩૮૩ વર્ષ થયાં. આ દરમિયાન ખગોળશાસ્ત્રે વિરાટ પ્રગતિ સાધી છે. અરે, દૂરબીનની શોધ પણ આ ઘટના પછી પાંચ વર્ષ બાદ ઈ. ૧૬૦૯માં થઈ. અને એ શોધના આધારે ગેલિલીઓએ પોતાનું દૂરબીન બનાવીને આકાશમાં આંખ માંડી તે તો એનીય પછી. ખગોળશાસ્ત્રીઓની ધારણા પ્રમાણે દર સૈકે આપણા તારાવિશ્વમાં બે કે ત્રણ સુપરનોવા દર્શન દે છે. અલબત્ત, આ સુપરનોવા '૧૯૮૭-એ' આપણા જ તારાવિશ્વમાં નથી, પણ જે મોટા મૅગેલન તારાવિશ્વમાં આ ઘટના બની છે તે આપણાથી એટલું નજીક છે કે, આ પહેલાં અતિ દૂર આવેલાં અન્ય તારાવિશ્વોમાં નોંધાયેલી આવી લગભગ ૬૦૦ જેટલી ઘટનાઓમાં એ તદ્દન અલગ પડી જાય છે. સામાન્યતઃ તો અતિ દૂરનાં તારાવિશ્વોમાં કોઈ તારો ફાટવાની આવી ઘટનાની જાણ માત્ર શક્તિશાળી દૂરબીન વડે લેવાયેલી તસવીરો દ્વારા જ થતી હોય છે. નરી આંખે એ જોવાનો તો પ્રશ્ન જ ઊઠતો



**લૂતિકા** નિહારિકા. મોટા મૅગેલન વાદળ (તારાવિશ્વ)માં નરી આંખે પણ અલગ તારવી શકાય તેટલી એ તેજસ્વી છે. દૂરબીનમાંથી એ લાંબા વાળથી આચ્છાદિત 'તરન્તુલા' નામના ઝેરી જાતના કરોળિયા જેવી લાગતી હોઈ તેને 'તરન્તુલા નેબ્યુલા' નામ અપાયું છે. ખગોળશાસ્ત્રમાં એ NGC 2070 અથવા 30 Doradusની સંજ્ઞાથી ઓળખાય છે. વિશ્વમાં જાણીતી આ મોટામાં મોટી નિહારિકા છે. મૃગ તારામંડળની નિહારિકા જેટલી એ જો આપણી નજીક હોત તો તો એ સમગ્ર મૃગ તારામંડળ જેટલી વિશાળ દેખાત અને શુક્રના કરતાં ત્રણ ગણી તેજસ્વી દેખાવા સાથે તેના પ્રકાશમાં પૃથ્વી ઉપર પડછાયા પડી શકતા હોત. ઈ. ૧૯૮૧માં 'ઇન્ટરનૅશનલ અલ્ટ્રા વાયોલેટ એક્સ્પ્લોરર' (IUE) નામના ઉપગ્રહ દ્વારા થયેલા અભ્યાસથી જાણવા મળ્યું છે કે આ નિહારિકામાં આપણા સૂર્ય કરતાં ૩૦૦૦ ગણું વધારે દ્રવ્ય ધરાવતો અને ૧૦૦૦ જેટલા સામાન્ય તારાઓના કુલ પ્રકાશ જેટલો તેજસ્વી એક પ્રચંડ તારો છે. આ તારાને 'R 136a'ની સંજ્ઞા અપાઈ છે. આટલું બધું દ્રવ્યમાન ધરાવતો કદાવર તારો અગાઉ ક્યારેય શોધાયો નથી એટલે તારાના આ નવા પ્રકારને ખગોળ શાસ્ત્રીઓએ 'સુપરમૅસિવ' નામ આપ્યું છે. તાજેતરમાં દેખાએલો સુપરનોવા – '૧૯૮૭-એ' આ નિહારિકામાં દેખાયો છે.

---

નથી. પણ આ શૅલ્ટોન-સુપરનોવાની ઘટના ભલે આપણા તારાવિશ્વમાં નથી બની છતાં એ જાણે આપણા ઘરઆંગણમાં જ બની હોય એટલો તેનો પ્રકાશપુંજ ઝગમગે છે.

ભૂતકાળમાં આવો એક જ અપવાદ નોંધાયો છે, અને એ છે દેવયાની તારાવિશ્વનો. નરી આંખે કળી શકાય એટલા પાસેના આ તારાવિશ્વમાં આજથી ૧૦૩ વર્ષ પહેલાં, એટલે કે ૨૦ ઑગસ્ટ, ૧૮૮૫ના રોજ એક મહાવિસ્ફોટ થયો હતો, અને હાર્ટવિગ (Ernst Hartwig – ૧૮૫૧-૧૯૨૩) નામના એક જર્મન ખગોળશાસ્ત્રીએ તે જોયો હતો. બાવીસ લાખ પ્રકાશવર્ષ જેટલે દૂર હોવા છતાં આ તારાવિસ્ફોટ પૃથ્વી ઉપરથી નરી આંખે જોઈ શકાયો હતો! આ સુપરનોવા ઍન્ડ્રોમિડા ગૅલેક્સી (દેવયાની તારાવિશ્વ)માં દેખાયો હોવાથી એ ફાટી પડેલા તારાને 'એસ. ઍન્ડ્રોમિડા'ની સંજ્ઞા અપાઈ છે. દેવયાની તારાવિશ્વના બદલે આપણા પોતાના જ તારાવિશ્વમાં આવો સ્ફોટ થયો હોત તો એનું તેજ રાતે દેખાતા શુક્ર-ગ્રહ કરતાં પણ ઘણું વધારે જોવા મળત. રાત્રે દેખાતા બધા જ તારાઓ વચ્ચે આ શુક્ર સૌથી વધુ તેજસ્વી દેખાય છે એ તો સૌએ જોયું હશે.

ઈ. ૧૮૮૫ના એ સુપરનોવા સાથે એક મઝાની હકીકત સંકળાયેલી છે. એ સમયે હંગેરીની એક ઉમરાવબાનુએ પોતાના ઘરઆંગણમાં પાર્ટી રાખી હતી. મહેમાનોના મનોરંજનાર્થે એણે આંગણાની લોનમાં એક ટૅલિસ્કોપ પણ રાખ્યું હતું. સાહજિક કુતૂહલથી એણે એમાંથી દેવયાની તારાવિશ્વને નિહાળ્યું તો તેને એમાં કંઈક ન સમજાય એવું દેખાયું. નસીબજોગે આમંત્રિત મહેમાનોમાં એક ખગોળશાસ્ત્રી પણ હતા. દૂરબીનમાં એમને જે જોવા મળ્યું એથી આનંદિત થઈને એમણે તેની જાણ લાગતાવળગતાઓને પહોંચાડી દીધી. અલબત્ત, સુપરનોવાની એ ઘટના જોનાર પેલી ઉમરાવબાનુ પ્રથમ નહોતી, પણ આવી આલા દરજ્જાની બાનુએ સુપરનોવાનાં દર્શન કર્યાં એ જ એક 'ઘટના' હતી. અને સુપરનોવા જોનાર પ્રથમ મહિલા તરીકેનો તેનો વિક્રમ હજી સુધી તૂટ્યો નથી.

સુપરનોવા નજરોનજર જોનાર આવો બીજો નસીબવંતો આદમી છે જૅક બૅનેટ (Jack Bennett). દક્ષિણ આફ્રિકાના પ્રિટોરીઆનો એ વતની. ઈ. ૧૯૭૦માં એણે શોધેલો એક ધૂમકેતુ એના નામે ઓળખાય છે. આ ખગોળરસિયો કોઈ નવા ધૂમકેતુની ખોજમાં હતો ત્યાં એની નજરે અતિ દૂરના એક તારાવિશ્વમાં આવો મહાવિસ્ફોટ દેખાયો. આમ, સુપરનોવાને નરી આંખે જોનાર હાલમાં જીવિત હોય એવી વ્યક્તિઓની અતિ નાની યાદીમાં બૅનેટનું નામ મોખરે આવે

છે. અને આવી ખુશકિસ્મત વ્યકિતઓની યાદીમાં હવે ઇઆન શેલ્ટોન તથા ઓસ્કાર ડૂહાલ્ડેનાં નામો ઉમેરાયાં છે, સાથે ૭૦ વર્ષના બુઝુર્ગ આલ્બર્ટ જૅાન્સનો પણ સમાવેશ થાય છે. અને એટલે જ ગયા. વર્ષના ફેબ્રુઆરીમાં જોવા મળેલો સુપરનોવા (૧૯૮૭–એ) પહેલી જ એવી નજીક બનેલી ઘટના છે કે જેનો અભ્યાસ આધુનિક સાધનો વડે થઈ શકયો છે. દેવયાની તારાવિશ્વમાં ઈ. ૧૮૮૫માં દેખાયેલા સુપરનોવાનો દૂરબીન દ્વારા અભ્યાસ થયેલો ખરો, પણ એના પ્રકાશનું વિશ્લેષણ કરતા પ્રયોગો – સ્પેક્ટ્રોસ્કોપિક અભ્યાસ કરવામાં આવ્યો નહોતો. મઝાની વાત તો એ છે કે એકાદબે અપવાદ સિવાય યુરોપીયન પ્રજાએ આ 'ટાયકોના તારા' તથા 'કૅપ્લરના તારા'ની જ નોંધો કરેલી છે. આ સિવાય એક પણ સુપરનોવા-ઘટનાની નોંધ ઝટ મળતી નથી. કદાચ આવી ઘટનાને અપશુકનિયાળ ગણાતી હોઈને અંધશ્રદ્ધાથી પ્રેરાઈ એની નોંધ લેવાઈ ન હોય. પણ ચીનાઓએ તો આકાશની આવી અનેક પ્રકારની ઘટનાઓ નોંધી છે.

ઢોરનાં, અને ખાસ કરીને તેના ખભાનાં હાડકાં ઉપર કે પછી કાચબાની પીઠ ઉપર તેઓ આવી નોંધ ખોતરી રાખતા. ઈસુના જન્મ પૂર્વે છેક ૧૩૦૦ વર્ષ પહેલાંની સુપરનોવાની એક ઘટનાની નોંધ કરેલું એક હાડકું મળી આવ્યું છે. સુપરનોવાના મહાવિસ્ફોટની આ કદાચ પ્રાચીનતમ પ્રાપ્ય નોંધ છે. ચીનાઓ સ્ફોટ પામેલા તારાને 'અતિથિ તારા' (ગેસ્ટ સ્ટાર) તરીકે ઓળખતા. 'વૃશ્ચિક તારામંડળ'માં જે લાલ રંગના તારાને આજે આપણે 'પારિજાત' (Antaaus)ના નામે ઓળખીએ છીએ તેની નજીકમાં ત્યારે આ મહાવિસ્ફોટ થયો હતો એવું એ નોંધ પરથી જણાય છે.

ઈ. પૂર્વે ૧૩૪માં વૃશ્ચિક તારામંડળમાં આવો એક તારાસ્ફોટ ગ્રીક ખગોળશાસ્ત્રના પિતા લેખાતા હિપાર્કસે જોયો હોવાનું મનાય છે, પણ એ અંગે નિશ્ચિત માહિતી નથી. આ પછીની તારાવિસ્ફોટની લગભગ બધી ઘટનાઓ ઈસુના જન્મ પછીની છે, અને એમાંની બધી નોંધ સુપરનોવાની જ હોય એમ ચોક્કસપણે કહી શકાય નહીં, કેટલીક ઘટના નોવાની પણ હોય. આ ઘટનાઓને ક્રમબદ્ધ જોઈએ તો, ઈ. ૧૮૫ના ડિસેમ્બરમાં, ઈ. ૩૮૬ અને ૩૯૩ના ફેબ્રુઆરી અને માર્ચમાં, ૧૦૦૬ના એપ્રિલમાં, ૧૦૫૪માં જુલાઈમાં અને ૧૧૮૧ના ઑગસ્ટમાં. આ બધા તારાસ્ફોટ બહુધા ચીન, જાપાન અને કોરિયામાં નોંધાયા છે. એકાદ નોંધ અમેરિકાના રેડ ઈન્ડિયનોએ, તો બીજી કેટલીક એ કાળની અન્ય પ્રજાઓએ પણ નોંધી છે. જેમકે ઈ. ૧૦૦૬ની ઘટના ચીન ઉપરાંત ઈજિપ્તના એક લહિયા ઇબ્ન રીદવાને તથા યુરોપના મઠવાસી સાધુઓએ પણ નોંધી હતી. ત્યાર બાદ આપણા તારાવિશ્વમાં માત્ર બે જ સુપરનોવાની નોંધ થઈ છે – ઈ. ૧૫૭૨ના નવેમ્બરમાં 'ટાયકોનો તારો' તથા ૧૬૦૪ના ઑક્ટોબરમાં કેપ્લરનો તારો થોડાં વર્ષો પહેલાં 'શર્મિષ્ઠા તારામંડળ'માંથી મળેલા રેડિયોસ્રોત પરથી સાબિત થયું છે કે ઈ. ૧૭૦૦ના અરસામાં એ વિસ્તાર-માં કોઈ સુપરનોવા થયો હોવો જોઈએ. જોકે એ નજરે દેખાયની કોઈ નોંધ મળતી નથી.

તારા વિસ્ફોટની આ બધી ઘટનાઓ પૈકી ઈ. ૧૦૦૬ના એપ્રિલમાં 'વૃક' (Lupus) તારામંડળમાં થયેલી સુપરનોવાની ઘટના આપણાથી માત્ર ૩૦૦૦ પ્રકાશવર્ષ જેટલા જ અંતરે થયેલી અને બે વર્ષ સુધી આકાશમાં એ દેખાતી રહી હતી. આજ સુધીમાં કદાચ એ સૌથી વધુ નજીક અને સહુથી વધુ તેજસ્વી સુપરનોવા હોવાનું મનાય છે. ત્યાર બાદની ઉલ્લેખ-નીય ઘટના ઈ. ૧૦૫૪ના જુલાઈમાં 'વૃષભ' (Taurus) તારામંડળમાં થયેલી તેમ ગણી શકાય. લગભગ ૨૧ મહિના સુધી રાતે આકાશમાં એ સુપરનોવા દેખાતો રહેલો અને આમાંય ૨૩ દિવસ સુધી તો એ દિવસના સૂર્યપ્રકાશમાં પણ નરી આંખે જોઈ શકાતો હતો. આપણાથી એ ૬૦૦૦ પ્રકાશવર્ષ દૂર હતો, અને આજે ૯૩૪ વર્ષ પછી યે વૃષભ તારામંડળમાં 'કર્ક નિહારિકા'ના સ્વરૂપે તેના અવશેષો જોઈ શકાય છે. સુપરનોવા અંગેનું જે કંઈ જ્ઞાન આપણે ધરાવીએ છીએ તે આ વાદળ જેવી દેખાતી કર્ક નિહારિકા (ક્રૅબ નેબ્યુલા)ના અભ્યાસ પરથી જ પ્રાપ્ત થયેલું છે. ગમ્મત ખાતર એવું કહેવાય છે કે ખગોળશાસ્ત્રમાં માત્ર બે જ શાખા છે: એક આ કર્ક નિહારિકાને લગતું ખગોળ અને બીજી તરફ એના સિવાયનું બીજું બધું આવરી લેતું ખગોળ. અને આ કથન સાવ ખોટું યે નથી. ઈ. ૧૯૬૭માં આ નિહારિકાના હાર્દમાં પ્રકાશ અને ક્ષ–કિરણો તથા એવાં અન્ય વિકિરણોનું ઉત્સર્જન કરતો એક 'પલ્સાર' મળી આવ્યો જેનાથી ખગોળશાસ્ત્રમાં એક નવી જ દિશા ઊઘડી. આમ, ૯૩૪ વર્ષો પછી આજે યે આ સુપરનોવાના અવશેષની ઉપયોગિતા બરકરાર છે, અને ભવિષ્યમાં એમાંથી બીજું શું નવું મળી આવે તે વિશે કંઈ કહી શકાય નહીં.

આ સુપરનોવાના પ્રકારો, તેના ઉદ્ભવ પૂર્વેની અને તે પશ્ચાદ્‌ની પ્રક્રિયાઓ, તેના અભ્યાસનું મહત્ત્વ તથા હવે પછી ના સંભવિત સુપરનોવા વગેરે વિશેની રસિક અને માહિતી-પ્રદ વિગતો હવે પછી આપણે જોઈશું. □

● આવળનાં ફૂલની કળીનો ઉકાળો ડાયાબિટીસમાં ગુણકારી છે
● પોઈનાં પાનને માખણમાં લસોટીને ચોપડવાથી દાઝવાથી થતી બળતરા શમે છે
● અજમાનાં પાનમાં થોડી સાકર ભેળવીને ચટાડવાથી બાળકને કફમાં રાહત મળે છે ●


યમુનોત્રીનાં દર્શન કરી અમે ઉત્તરકાશી આવ્યાં હતાં. અહીંથી હવે અમારો યાત્રામાર્ગ ગંગાનદીને કાંઠેકાંઠે ગંગોત્રી સુધી જતો હતો.

ઈ. ૧૯૫૨માં જ્યારે અમે આ યાત્રા કરેલી ત્યારે તો ઉત્તરકાશી એક નાનકડું ગામ હતું. અનેક મંદિરો, બેત્રણ ધર્મશાળાઓ અને ગામલોકોનાં ઘર માત્ર ત્યારે ત્યાં હતાં. આજે પાંત્રીસ વર્ષ પછી ઉત્તરકાશી એક શહેર બની જતાં અહીં ડાકબંગલો, ટુરિસ્ટબંગલો, વિશ્રામગૃહ, ધર્મશાળાઓ, આશ્રમો, પોસ્ટ અને ટેલિગ્રાફ ઑફિસ, ટેલિફોન, ગેસ્ટ-હાઉસિઝ, દવાખાનાં, હૉસ્પિટલ, કૉલેજ, મોટરમાર્ગ અને પેટ્રોલપંપ વગેરે અનેક સુવિધા થઈ ગઈ છે. ઉત્તરકાશીનો નવો જિલ્લો બનતાં અહીં અનેક સરકારી દફતરો પણ આવી ગયાં છે.

ગંગાનદીને જમણે કાંઠે ચાર હજાર ફીટની ઊંચાઈએ ઉત્તરકાશી વસેલું છે. આ ભાગીરથી ગંગાને સામે કાંઠે જવા માટે હવે તો એક પુલ પણ બંધાયો છે.

ઉત્તરકાશીમાં બિરલા કુટુંબે બંધાવેલી એક ધર્મશાળામાં અમે ઉતારો રાખ્યો. તેના સંચાલક શ્રી જબ્બરસિંહે અમને સરસ વ્યવસ્થા કરી આપી. ધર્મશાળામાં સામાન ગોઠવી અમે સૌપ્રથમ તો ગંગાકાંઠે ઘાટ પર સ્નાન કરવાં ગયાં. અહીં ગંગાનો પ્રવાહ અત્યંત વેગીલો રહેતો હોઈ ઘાટનાં પગથિયાં પાસે લોખંડની સાંકળો બાંધી રાખી હતી. એને પકડીને અમે જળમાં ડૂબકીઓ લગાવી. જળ અત્યંત શીતળ તો હતું જ, પરંતુ આ પતિત-પાવની ભાગીરથીમાં સ્નાન કરવાનું અહોભાગ્ય પામવા બદલ અમે ધન્યતા અનુભવી.





△ સ્વામી તપોવનજી.
મથાળે : ગંગોત્રી ગ્લેશીઅર. બદરીનાથના ચૌખંબા શિખરથી આરંભાઈને આ વિશાળ હિમનદી ગોમુખ સુધી જાય છે.

# ગંગોત્રીની યાત્રા

(હિમાલયનાં સંસ્મરણો – સમાપ્તિ)

લેખક અને તસવીરકાર : **નવનીત પારેખ**

અહીંનાં સંખ્યાબંધ મંદિરોમાં શ્રી વિશ્વનાથનું મંદિર મુખ્ય ગણાતું હતું. અમારા પંડા-ભોમિયા ભાઈ વૃંદાપ્રસાદ અમને ત્યાં લઈ ગયા. લાક્ષણિક પહાડી શૈલીના શિખરવાળા આ મંદિરની આસપાસ વૃક્ષોની ઘટા હતી. મંદિરની સામે જ પ્રાંગણમાં ધાતુનું મોટું ત્રિશૂલ હતું. મંદિરમાં પ્રવેશી અમે ત્યાંના શિવલિંગ ઉપર બિલિપત્ર તથા પુષ્પો ચડાવ્યાં. ઉત્તરકાશીનાં બીજાં મંદિરોમાં પણ દર્શન કર્યાં.

ઉત્તરકાશીની આબોહવા સમધાત હોઈ શિયાળામાં અહીંની ઠંડી સહ્ય હોય છે, આથી અનેક સાધુસંતો અહીં બારે માસ વસવાટ કરે છે. ગામથી જરા દૂર 'ઉજેલી' તથા 'જ્ઞાનસુ' પાસે એમની કુટિરો હતી. વૃંદાપ્રસાદ અમને ત્યાં પણ લઈ આવ્યા. સમગ્ર ઉત્તરખંડમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત મહાત્મા તપોવનજી મહારાજનાં દર્શન માટે અમે ગયાં, પણ તેઓ એ વખતે ગંગોત્રી ચાલ્યા ગએલા. પછી અમે સ્વામી બ્રહ્મસ્વરૂપાનંદ તથા આનંદસ્વામીને મળ્યાં. મારા પિતાશ્રીને તેમની સાથે ઘણી રસપ્રદ તત્ત્વચર્ચા થઈ. બીજે દિવસે અમે એમને ધર્મ-શાળામાં અમારા ઉતારે 'ભિક્ષા' માટે નિમંત્રિત કર્યા. તપોવનજી મહારાજના સુખ્યાત શિષ્ય સ્વામી ચિન્મયાનંદજીએ તો હવે ઉત્તરકાશીમાં મોટો આશ્રમ ઊભો કર્યો છે.

ઉત્તરકાશીમાં બે દિવસ રહ્યા પછી અમે ગંગોત્રી જવા પ્રયાણ આદર્યું. મારાં માતાપિતા માટે ડાંડી અને એ ઊંચકવા માટે કુલ દસ મજૂરો રાખ્યા. મારી ઈચ્છા તો પગપાળા યાત્રા કરવાની જ હતી, છતાં માતાપિતાના સંતોષ ખાતર મારા સારુ

એક સવારીઘોડો પણ સાથે રાખ્યો હતો. જોકે તેનો ઉપયોગ તો મેં જવલ્લે જ કર્યો હતો.

ઉત્તરકાશીથી અમારો યાત્રામાર્ગ ભાગીરથીને કાંઠેકાંઠે જ જતો હતો. ચારેક કિલોમીટર ગયા પછી 'ગંગોરી' નામે એક નાનું ગામ આવ્યું. અહીં એક નાનકડી નદી ભાગીરથીગંગાને મળતી હતી. ભાઈ વૃંદાપ્રસાદે જણાવ્યું કે અહીંથી એક પગવાટે લગભગ ૨૮ કિ.મી. દૂર ડોડીતાલ નામના એક સરોવર પર જવાય છે. લગભગ ૧૩,૦૦૦ ફીટની ઊંચાઈએ આ એક અત્યંત મનોહર સ્થાન છે. ગંગોરી ગામથી બીજા ૧૧ કિ.મી. દૂર પહોંચી મનેરી નામના ગામમાં અમે રાતવાસો કર્યો. આજે અહી એક જલવિદ્યુત પરિયોજના ઊભી થઈ છે.

મનેરીથી ૧૪ કિ. મિ. પગપાળા પ્રવાસ કરીને અમે ભટવાડી ગામ પહોંચ્યાં. ગંગાને કાંઠે જ વસેલા આ ગામનો ડાકબંગલો તો બિલકુલ નદીના તટ ઉપર જ બંધાએલો હતો. આ ડાકબંગલામાં જ અમે રાત વિતાવી. ચોમાસાની ઋતુ હતી એટલે ગંગામાં ખૂબ જળ હતું અને આસપાસના પહાડોમાંથી ધોવાઈને આવેલી માટી ભળતાં તેનો પ્રવાહ એટલો ડહોળો પણ હતો. આ ધસમસતા પ્રવાહનો ઘેરો નાદ સતત સંભળાતો હતો. ભટવાડીમાં એક નાનું મંદિર હતું. આ ભટવાડીથી પૂર્વ દિશાએ પવાલીનું ચઢાણ પાર કરીને એક પૈદલમાર્ગ કેદારનાથ જતો હતો. આજકાલ તો બધે મોટરમાર્ગ બની ગયા હોઈ જવલ્લે જ કોઈ યાત્રીઓ આ પગરસ્તે કેદારનાથ જાય છે.

ભટવાડીથી આગળ અમે ગંગનાણી પહોંચ્યાં. અહીં ગંગા પરનો એક પુલ પાર કરીને અમે સામેના પહાડ ઉપર આવેલા ડાકબંગલે પહોંચ્યાં. નજીકમાં જ ગરમ પાણીના કુંડ હતા, તેમાં સ્નાન કરીને અમે યાત્રાનો થાક ઉતાર્યો. જો કે પૃથ્વીના પેટાળમાંથી ઝરણાં રૂપે બહાર આવતું ગંધકયુક્ત પાણી ઘણું ગરમ હોય છે. કેટલાંક યાત્રીઓ મલમલ જેવા ઝીણા કપડામાં દાળ-ચોખા ભરીને એ પોટલી આ ગરમ પાણીમાં ડુબાડી રાખતાં જોયાં. થોડી જ વારમાં એ દાળ-ચોખા બફાઈ ગયાં એટલે બહાર કાઢીને તેઓએ તેનો ભોજનમાં ઉપયોગ કર્યો. પણ આટલું ગરમ પાણી સ્નાન માટે અસહ્ય થઈ પડે, એટલે એક અલગ કુંડમાં તેને વાળીને તેની સાથે પાસેના એક ઠંડા ઝરાનું પાણી ભેળવવાની વ્યવસ્થા હતી. આથી સ્નાન માટેના કુંડનું પાણી સહી શકાય તેટલું જ ગરમ રહેતું હતું.

ગંગનાણીમાં રાત વિતાવી, આગળ 'સુખ્ખી' થઈને અમે હરસિલ પહોંચ્યાં. ઉત્તરકાશીથી આજે મોટરમાર્ગે હરસિલ ૭૨ કિ.મી. દૂર થાય છે. ભાગીરથીને કાંઠે વસેલું આ પણ એક અત્યન્ત રમણીય સ્થાન છે. હરસિલને હરિ-પ્રયાગ પણ કહે છે. મોટું ગામ છે અને ભોટિયા તથા જાડ લોકોની અહીં વસ્તી છે. અહીં વિશ્રામગૃહ, ધર્મશાળા તથા શ્રી સત્યનારાયણનું મંદિર હતું. સફરજનની વાડી પણ અમે અહીં જોઈ. પહાડોની સાંકડી કંદરાઓ વચ્ચે ધસમસતી વહેતી ગંગા અહીં હરસિલ પાસે ઘણા પહોળા પટમાં વહેતી હોઈ શાંત થઈ જાય છે. હરસિલ ૮,૫૦૦ ફીટની ઊંચાઈએ વસેલું છે. અહીં સરસ અને ટકાઉ ઊની ધાબળા, થુલ્મા તથા નાના ગાલીચા મળે છે. હરસિલની યાદગીરી રૂપે અમે એક થુલ્મો ખરીદ્યો.

હરસિલથી ચાર કિલોમીટર દૂર ધરાલી આવ્યું. અહીં પણ સફરજનની વાડીઓ હતી. એક પ્રાચીન મંદિરના અવશેષો પણ અમે જોયા. આ ધરાલીથી દસેક કિ.મી. પર લંકા નામક સ્થળ આવ્યું. અહીં જાહ્નવી અથવા જાડ-ગંગા ભાગીરથીને મળે છે. આ એક ખૂબ જ રમણીય સંગમ-સ્થાન હતું. આજે તો અહીં મોટરમાર્ગ માટે એક સરસ પુલ બંધાયો છે જેના ઉપર થઈને છેક ગંગોત્રી સુધી સીધા જઈ શકાય છે.

અમે લાકડાના પુલ ઉપર થઈને જાહ્નવી નદી પાર કરી અને સામા કાંઠે પગદંડીથી ઉપર ચઢીને ભૈરવઘાટી પહોંચ્યાં. આ ગામ ૯,૫૦૦ ફીટની ઊંચાઈએ વસેલું છે. અહીં ભૈરવનાથનું નાનું મંદિર હતું. કાલીકમલીવાલાની ધર્મશાળામાં અમારો ઉતારો રાખ્યો. અહીંથી આગળ ગંગોત્રી સુધીનો દસ કિ.મી.નો યાત્રાપથ ઘણો સરળ હતો. ગંગોત્રી પહોંચતાં પહેલાં જમણી બાજુ કેદારગંગા તથા ભાગીરથીનો મનોરમ સંગમ જોવા મળ્યો. ત્યાંથી જરા દૂર ગંગાનો ધસમસતો પ્રવાહ એક ચટ્ટાન ઉપરથી નીચે, એક મોટા પ્રાકૃતિક શિવલિંગ ઉપર પડતો જોયો. આ સ્થાનને ગૌરીકુંડ કહે છે. અદ્‌ભુત અલૌકિક એવું એ દૃશ્ય હતું. અહીંથી પછી આગળ થોડે જ દૂર જતાં અમે અમારા લક્ષ્યધામ ગંગોત્રી આવી પહોંચ્યાં.

ઉત્તરકાશીથી લગભગ ૫૬ માઈલ પગપાળા પ્રવાસ ખેડીને અમે ગંગોત્રી આવી પહોંચ્યાં હતાં. આજે તો છેક ગંગોત્રી સુધી મોટરરસ્તો તૈયાર થઈ ગયો છે, એટલે હવે યાત્રીઓ પોતાના જ વાહનમાં અથવા બસમાં છેક ત્યાં પહોંચી શકે છે. આ રસ્તે ગંગોત્રી ઉત્તરકાશીથી ૯૮ કિ.મી. દૂર છે.

ગંગોત્રીમાં અમે કાલી-કમલીવાળાની ધર્મશાળામાં ઉતારો રાખ્યો. ત્યાંથી થોડે જ દૂર ભાગીરથીનો ધવલ, નિર્મળ પ્રવાહ ઊછળતો, કૂદતો, ધસમસતો વહે જતો હતો. તેનો ઘેરો નાદ અને મધુર કલરવ આખો દિવસ અમને સંભળાયા કરતો હતો.

ગંગોત્રીમાં સૌ પ્રથમ તો અમે ગંગા-સ્નાન માટે ગયાં. સાડાદસ હજાર ફીટની એ ઊંચાઈએ ભાગીરથીનો પ્રવાહ અત્યંત શીતળ હતો. પરંતુ જૂન મહિનાના આખરી દિવસો હતા એથી વાતાવરણમાં ઉષ્મા હતી એટલે અમે સરળતાથી સ્નાન કરી શક્યાં. સ્નાન કર્યા પછી નદીના પટમાં એક ખડક ઉપર મારા પિતાજી સાથે હું તડકામાં બેઠો. વાલ્મીકિ ઋષિરચિત 'ગંગાષ્ટક'નો અમે પાઠ કર્યો : **मातः शैलसुतासपत्नी वसुधा श्रृंगारहारा-**

વલિ :. . .' વર્ષોથી અમે આ પાઠ કરતા આવ્યા હતા. આજે આ ગંગોત્રીના જ પુણ્યક્ષેત્રે અમને આ સ્તોત્ર ઊંચા અવાજે ગાવા મળ્યું તેથી અમે ધન્યતા અનુભવી. પછી અમે વારાણસીના જગન્નાથ પંડિતની રચેલી **'गंगालहरी'**નું પણ ઉચ્ચારણ કર્યું : **'समृद्धं सौभाग्यं सकल वसुधायाः किमपि तन...**


મારા પૂજ્ય પિતાશ્રી બંસીધરભાઈ ગંગાજીના પરમ ભક્ત હતા. તેમના જીવનની એક મોટી અભિલાષા હતી કે તેઓ એક વાર ગંગોત્રીની યાત્રા કરે અને ત્યાં ગંગાના પુનિત જળમાં સ્નાન કરે. આજે તેમની એ મહેચ્છા પરિપૂર્ણ થતાં તેમના આનંદ અને સંતોષને અવધિ નહોતી.

ગંગા-સ્નાન કરીને અમે ગંગા-મૈયાના મંદિર પર આવ્યા. અસલ તો નેપાલના શ્રી અમરસિંહ થાપાએ અહીં મંદિર બંધાવેલું. પરંતુ તે મંદિર તૂટી પડવાથી પછી જયપુરનાં મહારાણીએ આશરે સો વર્ષ પૂર્વે હાલનું નવું મંદિર બંધાવ્યું હતું. અમારા પંડાજી તથા ભોમિયા ભાઈ વૃંદાપ્રસાદ અમને મંદિરની અંદર લઈ ગયા. મંદિરને ત્રણ નાનાં શિખર (ઘુમ્મટ) છે. આ ઉપરાંત ગર્ભગૃહમાં ગંગા, યમુના અને સરસ્વતીની મૂર્તિઓ હતી. આ ઉપરાંત રાજા ભગીરથ તથા આદિ શંકરાચાર્યની મૂર્તિઓ પણ ત્યાં હતી. દરરોજ સાયંકાળે મંદિરના પૂજારી ઘંટાનાદ સાથે સહસ્ર દિવેટોવાળી આરતી ઉતારે છે. ગંગામંદિરની પાસે જ ભૈરવનાથનું નાનું મંદિર હતું. ગંગોત્રીમાં એક મોટી ભગીરથ-શિલા છે જ્યાં યાત્રીઓ પિંડદાન કરે છે.

ગંગોત્રી ગામ ભાગીરથી નદીને જમણે કાંઠે વસેલું છે. ચોપાસ દેવદારનાં મહાકાય વૃક્ષો છવાએલાં છે. ગંગોત્રીમાં ગંગાનદીનો પટ માંડ ત્રીસ-ચાલીસ ફીટ પહોળો હશે. તેની ઉપર લાકડાનો એક પુલ હતો જે ઓળંગી સામે કાંઠે જઈ શકાતું. ઉચ્ચ કોટિનાં વિરક્ત સાધુ-સંન્યાસીઓની છૂટીછવાઈ કુટિરો હતી.

આજે તો ગંગાને સામે કાંઠે પણ મકાનો બંધાયાં છે. દંડી-સ્વામીનો એક વિશાળ આશ્રમ પણ છે, તેમાં બધી આધુનિક સુખ-સુવિધા ઉપલબ્ધ છે. યાત્રીઓ આ આશ્રમમાં આરામથી રહી શકે છે. વળી, હવે ગંગોત્રીમાં ગઢવાલ મંડળ વિકાસનિગમ તરફથી એક સુંદર પર્યટક-નિવાસ પણ બંધાયો છે.

ગંગોત્રીમાં અમે ચાર દિવસ રહ્યાં તે દરમિયાન અમે દરરોજ ગંગાને સામે કાંઠે સાધુ-મહાત્માઓની કુટિર પર જતાં. આ સાધુઓમાં કેરળના સ્વામી તપોવનજી મહારાજ સમગ્ર ઉત્તરાખંડનાં સૌથી ઉચ્ચ કોટિના, શ્રેષ્ઠ મહાત્મા ગણાતા હતા. પ્રતિદિન અમને તેમનો સત્સંગ મળતો. મારા પિતાશ્રી તેમની સાથે ધર્મચર્ચા, તત્ત્વચર્ચા કરતા તે હું સાંભળતો. પૂ. તપોવન સ્વામી પ્રખર વિદ્વાન હતા. પોતાનાં હિમાલયનાં ભ્રમણની



શિવલિંગ શિખર, ગોમુખની આસપાસનાં હિમાચ્છાદિત ઉત્તુંગ શિખરોમાંનું આ એક સુંદર ભવ્ય શિખર છે.

કથા તેમણે સંસ્કૃતમાં **'ईश्वर-दर्शनम्'** નામના ગ્રંથમાં લખી હતી. વળી, ત્યાં અમે સ્વામી કૃષ્ણાશ્રમજી, વ્યાસદેવજી ઇ. મહાત્માઓને પણ મળતા. સ્વામી તપોવનજીનો તો હવે દેહાન્ત થઈ ગયો હોઈ તેમની કુટિરમાં તેમના શિષ્ય સ્વામી સુંદરાનંદજી નિવાસ કરે છે. સ્વામી સુંદરાનંદજીએ ઉત્તરાખંડના બરફાની પ્રદેશોમાં ઘણું ભ્રમણ તથા પર્વતારોહણ કરેલું છે અને ખૂબ સુંદર તસવીરો (slides) પણ લીધી છે.

આ સાધુ-વસાહતથી જરા આગળ નીચાણે ગંગાનો પ્રવાહ પથ્થરની શિલાઓ ઉપરથી ત્રણ-ચાર ધારાઓમાં ચાળીસેક ફીટ નીચે પડે છે. આ વિશાળ જલ-પ્રપાતનું દૃશ્ય અત્યંત મનોહારી તથા રોમાંચકારી લાગે છે.

પણ ગંગા અથવા ભાગીરથીનો સાચો ઉગમ અહીં ગંગોત્રી પાસે નથી. પ્રાચીનકાળમાં આ હિમ-પ્રવાહ (ગ્લેશીઅર) કદાચ અહીં સુધી આવતો હશે અને અહીંથી ગંગા-નદીનો પ્રારંભ થતો હશે; પરંતુ કાલાંતરે આ ગ્લેશીઅર ધીરેધીરે પીગળતો અને ખસતો રહ્યો તેથી આજે હવે ગંગા નદીનો ઉદ્ભવ ગંગોત્રીથી ૨૨ કિ.મી. દૂર, ઊંચાણે ગોમુખ નામના સ્થાને થાય છે. હવે તો ગોમુખ સુધી જવાનો માર્ગ ઘણો સરળ બનાવી દીધો છે એટલે ઘોડા તથા ડાંડી પણ ગોમુખ સુધી જઈ શકે છે, છતાં મોટા ભાગના યાત્રીઓ તો હજી ગંગોત્રી સુધી જ યાત્રા કરીને પાછાં ફરે છે

સન ૧૯૫૨માં જ્યારે અમે ગંગોત્રી ગએલાં ત્યારે તો ગોમુખ જવાનો માર્ગ અતિ વિકટ હતો. ત્યાં જવા માટે ત્યારે કોઈ પગદંડી પણ નહોતી. આથી મેં જ્યારે ગોમુખ જવા માટે મારી ઇચ્છા વ્યક્ત કરી ત્યારે મારાં માતપિતા ચિંતામાં પડી ગએલાં. પણ પૂ. તપોવન સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું : 'તમારો પુત્ર સકુશળ ગોમુખ જઈ આવશે. તમે

ચિંતા ન કરો.' તપોવન સ્વામીજીએ મને એક ભોટીઆ-ગાઈડ ભાઈ દિલીપસિંહ પણ સાથે આપ્યા જે ઘણી યે વાર ગોમુખ તથા તેથીય આગળ ગંગોત્રી-ગ્લેશીઅર પાર કરીને બરફરસ્તે બદરીનાથ જઈ આવ્યા હતા. વળી, મારી સાથે અમારા મહારાજ ભાઈ પન્નાલાલ, અમારા પંડા શ્રી વૃંદાપ્રસાદ તથા એક નેપાલી મજૂર ભાઈ બલ-બહાદુર પણ આવ્યા હતા.

વહેલી સવારે પૂ. તપોવનજીને પ્રણામ કરીને અમે પ્રસ્થાન કર્યું. અમારી 'પગદંડી' ગંગાના ડાબા કાંઠે દેવદાર વૃક્ષોની ઘટામાં થઈને જતી હતી, પરંતુ થોડી જ વારમાં દેવદાર વૃક્ષો અદૃશ્ય થઈ ગયાં. ગંગોત્રીથી ૧૨ કિ.મી. પર 'ચીડબાસા' સ્થળ આવ્યું. સાંજ પડવા આવી હતી એટલે અમે ત્યાં જ રાતવાસો કરવા વિચાર્યું. એક નાનો તંબૂ તથા ભાથું તો અમે સાથે લઈ આવ્યા હતા, પણ અહીં ચીડબાસામાં એક મહાત્માની સાથે એમની ઝંપડીમાં જ રાત વિતાવી. આ મહાત્માનું નામ ગુરુ દેવદાસ હતું. તેઓ કેવળ ફલાહાર જ કરતા હતા. અહીં બરફના પહાડો વચ્ચે તાજાં ફળ તો ક્યાંથી મળે? તેથી તેઓ સૂકા મેવા ઉપર નિર્ભર રહેતા. વળી, આ મહાત્મા મૌન પણ પાળતા એટલે તેઓ જમીન પર માટીમાં થોડાક શબ્દો લખતા જે અમે સમજી લેતા. બારે માસ તેઓ આ બરફના પહાડો વચ્ચે જ એકાન્તમાં રહેતા. પાછળથી બે-ત્રણ વર્ષ પછી મેં સાંભળ્યું કે શિયાળામાં ખૂબ બરફ પડવાથી તેઓ બરફમાં દટાઈ જતાં તેમનો દેહાન્ત થયો હતો.

બાબાજીની ઝૂંપડીમાં ધૂણી સળગતી હતી, તેથી રાત્રે અમને વિશેષ ઠંડી ન લાગી. વળતે દિવસે સવારે અમે આગળ ચાલ્યા અને બીજા ચારેક કિ.મી. પર ભોજબાસા નામના સ્થળે પહોંચ્યા. ભોજબાસા પાસે ભોજપત્ર (ભુર્જપત્ર)નાં વૃક્ષો હતાં. અંગ્રેજીમાં તેને Birch–wood કહે છે. આ વૃક્ષના થડમાં આપણે કાપ મૂકીએ તો પાતળા કાગળ જેવા, બદામી રંગના વીટા બહાર આવે. તેના પર આછીશી છાંટ જેવી ભાત પણ હોય. આ ભોજ-પત્ર ઉપર આપણે સરળતાથી લખી પણ શકીએ. પ્રાચીનકાળમાં આવાં ભોજપત્રો ઉપર આપણા ધર્મ-ગ્રંથો લખાતા હતા.


આ ભોજબાસા પાસે પણ આજે એક નાનો પર્યટક-આવાસ બંધાયો છે. ગોમુખ જનારાં યાત્રીઓ ત્યાં રાતવાસો કરે છે. ઉનાળાના દિવસોમાં અહીં ચા-નાસ્તો તથા સાદા ભોજનની વ્યવસ્થા પણ થઈ શકે છે. થોડોક સમય અહીં રોકાઈને આગળ અમે લગભગ સાડાબાર હજાર ફીટની ઊંચાઈએ પહોંચ્યા હતા. તેથી ચાલવામાં તથા ચઢવામાં અમને ભારે શ્રમ પડતો હતો અને શ્વાસ ભરાઈ આવતો હતો. આટલી ઊંચાઈએ હવા ઘણી પાતળી હોય છે. એથી યાત્રીઓને પહાડ ચઢવામાં હાંફ ચઢે છે.


ભોજબાસાથી બીજા છ કિ.મી. ચાલી અંતે અમે ગોમુખ આવી પહોંચ્યા. અમારી યાત્રાના લક્ષ્ય-સ્થાને આવી પહોંચ-વાથી આનંદનો પાર નહોતો. ગંગોત્રી હિમ-પ્રવાહ (ગ્લેશીઅર) બદરીનાથના ચૌખંભા શિખર પરથી નીકળીને ગોમુખ તરફ જાય છે. તેને ચતુરંગી ગ્લેશીઅર, રક્તવર્ણ ગ્લેશીઅર, ભૃગુ-પંથ ગ્લેશીઅર, કીર્તિ ગ્લેશીઅર તથા પિતવર્ણ ગ્લેશીઅર આવી મળે છે. આ ગંગોત્રી ગ્લેશીઅર ગોમુખ પાસે સમાપ્ત થાય છે. અહીં ગ્લેશીઅરના ૩૦૦-૪૦૦ ફીટ જાડા હિમ-સ્તરની તળેટીએ એક બોગદું (tunnel)છે, જેમાંથી ગંગાનો પ્રવાહ બહાર આવે છે. ગ્લેશીઅરનું આ મુખ (snout) તે જ 'ગોમુખ.' પતિતપાવની, ત્રિભુવનતારિણી ભાગીરથી ગંગાનું આ જન્મસ્થાન! તેના દર્શનમાત્રથી અને અહીંના પુનિત ગંગાપ્રવાહમાં સ્નાન કરવાથી મનુષ્ય કૃતકૃત્યના અનુભવે છે. વિષ્ણુના ચરણમાંથી નીકળેલી ગંગા, ભગીરથ રાજાની તપસ્યાના ફળરૂપે આ સ્થળે અવની પર ઊતરે છે.

આ ગોમુખ તે જ ગંગાવતરણનું સ્થાન. ભગવાન શંકરે અહીં ગંગાના વિપુલ જલરાશિને પોતાની જટામાં ઝીલી લીધો અને પછી ધીરેથી તેને પ્રવાહિત કર્યો. આ પૌરાણિક કથા એક સાચી ઉપમા છે. સ્વર્ગસમાન આભઊંચાં હિમશિખરોમાંથી ગંગા નીચે ઊતરી આવે છે અને ભગવાન શંકરની જટા સમાન હિમાલયની ભૂલભુલામણી જેવી, વાંકી-ચૂંકી ગિરિકંદરા-ઓમાં અટવાતી અને રસ્તો કાઢતી ગંગા અંતે ઉત્તર ભારતના મેદાની પ્રદેશમાં પહોંચીને શ્વાસ લે છે, અને સગર રાજાના સાઠ હજાર પુત્રો સમાન ભારતનાં સાઠ-સિત્તેર કરોડ તરસ્યાં સંતાનોને સંજીવની સમાન નિર્મળ, મધુર જળ પીવડાવીને પોષે છે. ભૈરવઘાટી પાસેની ઊભી દીવાલ જેવાં ચટાનો જોઈને એમ જરૂર લાગે છે કે અહીં પ્રાચીનકાળમાં મનુષ્યોએ ભારે પરિશ્રમ લઈને ઉત્તર તરફ વહી જતા ગંગાપ્રવાહ માટે માર્ગ કોતરી કાઢીને તેને દક્ષિણ તરફ વહેતો કર્યો હશે.

ગોમુખની ચોતરફ ઉત્તુંગ હિમાચ્છાદિત શિખરો ઊભાં છે. તેમાં પશ્ચિમે આવેલું શિવલિંગ શિખર સૌથી ભવ્ય લાગે છે. તે ઉપરાંત સુદર્શન, માતૃ, શ્રીકૈલાસ, ભૃગુપંથ, ચતુરંગી, સ્ફટિક અને વાસુકી જેવાં અનેક શુભ્ર હિમશિખરો જાણે કે કોઈ પરિસંવાદ કે કૉન્ફરન્સ માટે એકઠાં થયાં હોય તેમ અમારી ચારે તરફ હાસ્ય વેરતાં ઊભાં હતાં!

ગંગોત્રી ગ્લેશીઅરને પડખે આવેલા ચતુરંગી ગ્લેશીઅર ઉપર થઈને ૧૯,૫૧૦ ફીટ ઊંચો કાલિન્દીઘાટ (pass) ઓળંગી બીજી બાજુ આરવા નદીને કાંઠે થઈને સીધા બદરીનાથ પહોંચી શકાય છે. દેશ-વિદેશની કેટલીક પર્વતારોહી ટુકડીઓએ તથા સાધુ-મહાત્માઓનાં એક-બે જૂથોએ આ અતિવિકટ બરફાની રસ્તે ગોમુખથી બદરીનાથનો પ્રવાસ ખેડેલો છે, પરંતુ સામાન્ય યાત્રીનું તેમાં ગજું નહીં.





△ બદરીનાથના ચૌખંભા શિખર ઉપરથી નીકળીને 'ગંગોત્રી' નામનો એક વિશાળ હિમપ્રવાહ—ગ્લેશીઅર ગોમુખ તરફ ઊતરી આવે છે. માર્ગમાં તેની સાથે ચતુરંગી, રક્તવર્ણ, ભૃગપંથ, કીર્તિ અને પિતવર્ણ નામના અન્ય પાંચ હિમપ્રવાહો ભળે છે. ગંગોત્રી ગ્લેશીઅરનો બરફીલો સ્તર જ્યાં પૂરો થાય છે ત્યાં તેની જાડાઈ ૩૦૦ થી ૪૦૦ ફીટ જેટલી છે, અને તેની તળે છે એક બોગદું. આ બોગદું એ જ 'ગોમુખ'. ગંગાના જલપ્રવાહનું એ ઉગમસ્થાન. ઉપર (ડાબી બાજુની) છબિમાં દેખાતા ગંગાના જલપ્રવાહની ઉપર ઝળુંબતા ખડક જેવો દેખાતો ગંગોત્રી ગ્લેશીઅરના છેડાનો ભાગ જ છે. બરફ જ હોવા છતાં એ શ્વેત નહીં પણ આવા કાળા ખડક જેવો દેખાય છે. ગોમુખ ૧૩,૭૭૦ ફીટની ઊંચાઈએ છે, અને તેથી યે ઉપર લગભગ સાડા ચૌદ હજાર ફીટની ઊંચાઈએ છે તપોવનનો સપાટ પ્રદેશ. (જમણી બાજુની છબિ) પાસેના શિવલિંગ પર્વતમાંથી નીકળીને એક ઝરણું આ મેદાનમાં થઈને ગંગોત્રી હિમપ્રવાહમાં સમાઈ જાય છે. શિયાળો ઊતરતાં આ તપોવન હરિયાળીથી છવાઈ જાય છે ત્યારે નજીકના ભોટીઆ ભરવાડો પોતાનાં ઘેટાંબકરાંને અહીં ચરાવવા લઈ આવે છે.

---

અમે ગોમુખ પહોંચ્યા તે દિવસે ગુરુ-પૂર્ણિમા હતી. અમે ગંગા-સ્નાનનો નિર્ધાર કર્યો. ગોમુખની બરોબર સામે જ અમે ગંગાજળમાં પ્રવેશ કર્યો. ગ્લેશીઅરમાંથી તાજું જ નીકળેલું જળ બરફ જેવું શીતળ હતું. ગ્લેશીઅરના પહાડમાંથી બરફનાં મોટામોટા ગચ્ચા તૂટીને ગંગામાં પડતાં હતાં અને પ્રવાહ સાથે ઘસડાતા, તણાતા જતા હતા અને ધીરેધીરે પ્રવાહમાં ઓગળી જતા હતા. બરફનાં આ ચોસલાં વચ્ચે અમે ત્રણ-ચાર ડૂબકી લગાવી. હું બહાર આવ્યો ત્યારે ભાઈ દિલીપસિંહ ટુવાલ લઈને તૈયાર ઊભા હતા. તેમણે તરત મારું શરીર લૂછી નાખી મને ગરમ કપડાં પહેરાવી દીધેલાં.

એક ખડક ઉપર બેસીને મેં ગંગાષ્ટકનો પાઠ કર્યો. ગુરુ-પૂર્ણિમાના શુભ દિને ગંગાના ઉદ્‌ભવ-સ્થાન ગોમુખ સન્મુખ ગંગાસ્નાન કર્યાનો પરમ સંતોષ હું અનુભવતો હતો. ભાઈ પન્નાલાલે ભાથું છોડયું અને અમે બપોરનું ભોજન લીધું. અમારી સાથે આણેલી બાટલીમાં અમે ગંગાજળ ભરી લીધું.

પછી અમે ગોમુખથી પણ પાંચસો ફીટ ઊંચાણે આવેલા તપોવન મેદાન પર જવા તૈયારી કરી. ગોમુખ પાસેની ભેખડ કાચા પહાડની હતી તેથી ખૂબ સાવધાનીપૂર્વક અમે ઉપર ચઢયા. ગોમુખ ૧૩,૭૭૦ ફીટની ઊંચાઈએ આવ્યું છે, જ્યારે આ તપોવન મેદાન લગભગ સાડા-ચૌદ હજાર ફીટની ઊંચાઈએ છે. આ હરિયાળા મેદાનની વચ્ચે એક ઝરણું વહેતું હતું જે સામેના શિવલિંગ પર્વતમાંથી નીકળી આવીને ગંગોત્રી ગ્લેશીઅર-માં જતું હતું. જુલાઈ મહિનો હતો તેથી કેટલાક ભોટીઆ ભરવાડ પોતાનાં ઘેટાં-બકરાં આ તપોવન મેદાનમાં ચરાવવા લઈ આવ્યા હતા. અમારી સામે જ શિવલિંગનો ઉત્તુંગ, ભવ્ય પર્વત આકાશને સ્પર્શી રહ્યો હતો!

સાંજ પડવા આવી હતી એટલે ગ્લેશીઅરની બાજુમાં જ અમે અમારો તંબૂ ઊભો કર્યો. આ નાના તંબૂમાં માંડ બે કે ત્રણ જણ ભીંસાભીંસ સૂઈ શકે તેમ હતા. તેથી તંબૂમાં ભાઈ વૃંદાપ્રસાદ, પન્નાલાલ અને હું સૂતા તથા ભાઈ દિલીપસિંહ અને બલબહાદુર પાસેના એક ખડકની બખોલ (ઓડાર)માં સૂતા. હું થાકીને આડો પડયો હતો, ત્યાં દિલીપ-સિંહે બહારથી બૂમ પાડી: 'સાહેબ, અહીં સામે જ એક ભાલુ (રીંછ) આવ્યું છે.'

(અનુસંધાન પૃ- ૮૪ પર)

મૂળ લેખક : **સત્યજિત રાય**]

# ડ્યૂએલ

[અનુવાદક : **સુકન્યા ઝવેરી**

**સત્યજિત રાયે કિશોર અને કુમાર વયના વાચકો માટે જે અનેક રસસભર વાર્તાઓ લખી છે તેમાં એમની રહસ્યકથાઓ અને વિજ્ઞાનકથાઓએ એક મોટો ચાહક વર્ગ ઊભો કર્યો છે. પોતાની રહસ્યકથાઓ પરથી એમણે બનાવેલી ફિલ્મો પણ એટલો જ આદર પામી છે. એમની રહસ્યકથાઓ તથા તેના નાયક ડિટેક્ટિવ ફેલુદા, અને એમની વિજ્ઞાનકથાઓ તથા તેના નાયક પ્રો. શંકુથી તો 'કુમાર'ના વાચકો પણ સારી પેઠે પરિચિત છે. એમણે સરજેલું આવું જ એક વિખ્યાત પાત્ર છે 'તારિણી ખુડો', એટલે કે તારિણીકાકા. આગળપાછળ કોઈનીય ચિંતા વગરના આ તારિણીકાકા એકલા માણસ છે. દૂધ અને ખાંડ વગરની ચા તેમ જ એક્સપોર્ટ ક્વૉલિટીની બીડી પીવાના એ શૉખીન છે. સમસ્ત દેશમાં ઘૂમી વળીને એમણે અનેક કામકાજ કરવા સાથે ભાતભાતના અનુભવો મેળવ્યા છે, અને પોતાના એ ચિત્રવિચિત્ર અનુભવોની વાતો કહેવામાં એ આનંદ માણે છે. અલબત્ત, એ બધી વાતો સાચી જ હોવાના કોઈ પુરાવા હોતા નથી, પરંતુ એ દરેક અનુભવ એક રસભરપુર વાર્તા બની રહે છે. નેપલો, નિકુંજ, ભૂલુ, સુનંદ અને ચટપટી વગેરે બાળકો એમની એ વાર્તાઓના કાયમી શ્રોતાઓ છે. આમાં નેપલો બીજાં બધાંથી વધુ ચાલાક અને બોલકો છે. અહીં આ તારિણીકાકાની એક વાર્તા આપી છે. તમને પણ એ ગમશે જ.**

'ડ્યૂએલ એટલે શું તેની ખબર છે?' તારિણીકાકાએ પૂછ્યું.

'વાહ! એટલી ખબર ન હોય?' નેપલો બોલ્યો, 'ડ્યૂઅલ એટલે દ્વૈત, જોડીનું, બેવડું, ડબલ રોલ. એટલે કે બેવડી ભૂમિકા. 'ગોપી ગાઈને – બાઘા બાઈને' ફિલ્મમાં સંતોષ દત્તે હલ્લાના રાજા અને શુંડના રાજાનો ડ્યૂઅલ રોલ કરેલોને!'

'એ ડ્યૂઅલની વાત નથી કરતો.' તારિણીકાકા હસીને બોલ્યા, 'ડી-યુ-એ-એલ નહીં, ડી-યુ-ઈ-એલ – ડ્યૂએલ, એટલે કે દ્વંદ્વ – બે જણનું યુદ્ધ.'

'હા, હા. ખબર છે. અમે જાણીએ છીએ.' અમે બધાં એક્સાથે બોલી ઊઠયાં.

'આ ડ્યૂએલ વિશે એક જમાનામાં મેં ખૂબ વાંચેલું. તે વિશે જાણવાનો મને ભારે શૉખ હતો.' તારિણીકાકા બોલ્યા, અને પછી આગળ ચલાવ્યું, 'ઇટાલીથી શરૂ થઈને સોળમી સદીના અંતમાં આ ડ્યૂએલિંગનો રિવાજ આખા યુરોપમાં ફેલાઈ ગયેલો. એ જમાનામાં તલવાર એ પુરુષોના પોશાકનું એક અંગ ગણાતી. શિક્ષણની સાથે ફૅન્સિંગ એટલે કે તલવારની પટાબાજીની તાલીમ પણ અપાતી. એક જણ જો બીજાનું અપમાન કરે તો અપમાનિત પુરુષ પોતાની ઈજ્જતને ખાતર પેલા અપમાન કરનારને ડ્યૂએલ માટે ચૅલેન્જ આપતો, અને આ ચૅલેન્જ પેલાએ સ્વીકારવી જ પડતી. અને આમ, એ બે જણ વચ્ચે તલવારબાજી થતી. વટને ખાતર લડાતા આ દ્વંદ્વયુદ્ધમાં કોનો વટ રહે તેનું કંઈ નક્કી નહીં. કારણ, દ્વંદ્વનો પડકાર આપનાર અથવા ઝીલનાર ક્યારેક તલવાર ચલાવવામાં નિપુણ ન હોય એવું યે બને. પણ અપમાનિત પુરુષે લડવા માટે પડકાર ફેંકવો જ જોઈએ. એ યુગમાં અપમાન ગળી જઈ ચૂપ રહેવું એ નાલેશીભર્યું લેખાતું, અને એ જ રીતે પડકાર ન ઝીલવો એ પોતાની દુર્બલતાના સ્વીકાર સમું ગણાતું. આથી સ્વાભાવિક છે કે અપમાન ગળી જનાર તથા દ્વંદ્વના પડકારને નહીં ઝીલનારનો સમાજમાં કોઈ મોભો રહેતો નહીં.

'અઢારમી સદીમાં બંદૂક-પિસ્તોલોનો વપરાશ વધતાં ડ્યૂએલિંગમાં તલવારને બદલે તેનો ઉપયોગ વધ્યો. વાતવાતમાં લોકો આમ ડ્યૂએલિંગ પર ઊતરી પડતા એથી ઘણા લોકો મરતા કે બૂરી રીતે ઘાયલ થતા રહેતા. આથી ડ્યૂએલ લડવા પર પ્રતિબંધો મૂકવાના પણ ઘણાં રાજ્યોમાં પ્રયત્નો થયા. પણ એક રાજ્ય આવા કાયદા કરે તો બીજું રાજ્ય તેમાં ઢીલાશ રાખે. આમ, દ્વંદ્વયુદ્ધો ઓછાવધતા પ્રમાણમાં ચાલતાં જ રહ્યાં, એટલું જ નહીં, એ લડવા અંગેના નીતિ-નિયમો પણ ઘડાતાં રહ્યાં. જેમ કે બંને પ્રતિસ્પર્ધી બરાબર એકજ સરખાં હથિયાર વાપરે, બંને જણે પોતપોતાના એક 'સૅકન્ડ'ને સાથે રાખવો, જે દ્વંદ્વના નિયમોના પાલનનું ધ્યાન રાખે તથા લડનાર બંને કંઈ ઘાલમેલ ન કરે તે જુએ. જો પિસ્તોલ વડે દ્વંદ્વ ખેલવાનું હોય તો લડનાર બંને વચ્ચે વીસ ગજનું અંતર રાખવાનો નિયમ હતો. આ રીતે ગોઠવાઈને બંને લડનારા સામસામી પિસ્તોલ તાકીને ઊભા રહે પછી પડકાર આપનારનો 'સૅકન્ડ' જ્યારે 'ફાયર' કહે ત્યારે જ એ બંને જણ એકસાથે ગોળી છોડે. તમને લોકોને ખબર છે કે નહીં એ તો હું નથી જાણતો, પણ આ હિંદુસ્તાનમાં – ના, હિંદુસ્તાનમાં શું, આપણા કલકત્તામાં જ બસો વર્ષ પહેલાં એક વિખ્યાત ડ્યૂએલ લડાયેલું.' અમે જોયું કે નેપલાનેય એની ખબર નહોતી. અમારી સાથે એણેય નકારમાં માથું હલાવ્યું.

'જે બે જણ લડેલા,' તારિણીકાકાએ કહ્યું, 'તેમાંનો એક જણ તો દુનિયાભરમાં વિખ્યાત હતો. એ હતો હિંદુસ્તાનનો

વાઈસરૉય વૉરન હેસ્ટિંગ્સ. સામા પક્ષે હતો ફિલિપ ફ્રાન્સિસ. વાઈસરૉયની કાઉન્સિલનો એ એક સભ્ય હતો. હેસ્ટિંગ્સે આ ફ્રાન્સિસને કોઈ કારણસર એક અપમાનસૂચક પત્ર લખેલો. ફ્રાન્સિસે ડ્યૂએલ લડવા પડકાર ફેંક્યો. અલીપુરમાં આજે જ્યાં નૅશનલ લાઈબ્રેરી છે તેની પાસેની ખુલ્લી જગ્યામાં આ ડ્યૂએલ લડાએલું. એક મિત્રએ આ માટે એક જ સરખી બે બંદૂકો મેળવવી પડેલી. અને ફાયરનો આદેશ પણ એણે જ આપેલો. એકસાથે બંને બંદૂકો ફૂટી, અને ઘાયલ થઈ ભોંય પર પડયો એક્લો ફ્રાન્સિસ. જોકે સારા નસીબે એનો જખમ જીવલેણ નહોતો નીવડયો.'

'આ તો ઈતિહાસની વાત થઈ.' નેપલો બોલી ઊઠયો, 'પણ હવે વાર્તા ચાલુ કરો. આ ડયૂએલ જ્યારે તમારા મગજમાં ઘૂમે છે તેથી લાગે છે કે ડયૂએલ વિશે તમને એકાદ એક્સપીરિયન્સ ચોક્કસ થયો હોવો જોઈએ.'

'તમે માનો છો એવો અનુભવ તો નથી થયો,' કાકાએ કહ્યું, 'પણ જે અનુભવ થયો છે તે સાંભળશો તો યે આભા બની જશો.'

દૂધખાંડ વિનાની ચાનો એક ઘૂંટડો ભરી લઈ ખિસ્સામાંથી એક્સપોર્ટ ક્વૉલિટીની બીડી અને માચિસની પેટી બહાર કાઢીને પાટ ઉપર પોતાની બાજુમાં મૂકતાં કાકાએ એમની વાર્તા શરૂ કરી :

હું ત્યારે લખનૌમાં હતો. રેગ્યુલર નોકરી જેવું કંઈ નહીં. જોકે ત્યારે તેની જરૂર પણ નહોતી. એ અગાઉ દોઢેક વર્ષ પહેલાં રેન્જર્સની લૉટરીમાં દોઢેક લાખ રૂપિયા મળેલા તેના વ્યાજમાં મજાનું ગુજરાન ચાલતું હતું. આ હું ફિફ્ટીવન – એકાવનની સાલની વાત કરું છું. ત્યારે આજના જેવી મોંઘવારી નહોતી, અને હું રહ્યો એક્લો માણસ. મહિને પાંચસો-સાતસોમાં તો લહેરથી રહેતો. લાટુશ રોડ પર એક નાનો બંગલો ભાડે રાખેલો. 'પાયોનીઅર' પેપરમાં અવારનવાર અંગ્રેજીમાં નાનાનાના લેખ લખતો તેનીયે થોડીક આવક થતી. ત્યાં હજરતગંજમાં એક લિલામઘર હતું. એ દુકાને પણ અવારનવાર જતો રહેતો. નવાબોના જમાનાની કોઈકોઈ વસ્તુ ત્યારે ત્યાં મળી આવતી. કોઈક સારી ચીજ સસ્તામાં મળી આવતી તો ખરીદી લેતો, અને પછી શ્રીમંત અમેરિકન ટૂરિસ્ટોને વેચી દેતો. તેમાંથી યે ખાસ્સો નફો થતો. જોકે મને પોતાનેય આવી અવનવી ચીજોનો શૉખ નહોતો એવું નહીં. મારો બેઠકખંડ નાનો હોવા છતાં એ લિલામઘરમાંથી ખરીદેલી સંખ્યાબંધ વસ્તુઓથી મેં એને સજાવેલો હતો.

એક રવિવારે સવારે હું એ દુકાને જઈ ચડયો. ત્યાં હરાજી માટે આવેલી અનેક ચીજવસ્તુઓમાં કથ્થઈ રંગની મેહોગનીની એક રૂપકડી પેટી મેં જોઈ. એક હાથ લાંબી, એક વેંત પહોળી અને ત્રણેક આંગળ ઊંડી. અંદર શું હશે તે કલ્પી શકયો નહીં તેથી તેને માટે મારું કુતૂહલ વધી ગયું. હરાજીમાં અનેક વસ્તુઓ વેચાઈ ગઈ, પણ મારું મન તો પેલી પેટી ઉપર જ ચોંટેલું.

આખરે એકાદ ક્લાક પછી પેલી પેટીની હરાજીનો વારો આવ્યો. હું ટટ્ટાર થઈ ગયો. રાબેતા મુજબ એ પેટીનાં ગુણકીર્તન શરૂ થયા : 'હવે એક અતિ લોભનીય આકર્ષક ચીજ આપ સમક્ષ રજૂ કરું છું. આની જોડી મળવી મુશ્કેલ છે. જુઓ, હું આ સુંદર પેટીનું ઢાંકણ ખોલું છું. અને તેમાં જુઓ આ બસો વર્ષ જૂની પિસ્તોલની જોડી. આજેય એની ચમક એવી ને એવી જ અમ્લાન છે. પિસ્તોલ બનાવનાર જગવિખ્યાત જૉસેફ મેન્ટનની કંપનીની છાપ પણ તેના ઉપર સ્પષ્ટ વંચાય છે. ડયૂએલિંગ માટે જ બનાવેલી આ જોડીની બીજી જોડ આપને કદાચ કયાંય નહીં મળે...'

જોતાં જ મેં તો નિશ્ચય કરી લીધો કે કોઈ પણ હિસાબે મારે આ પિસ્તોલ લેવી જ છે. અરે, એ જોતાં મારી કલ્પના દોડવા લાગી ગઈ. મારી આંખ સામે જ જાણે બે પ્રતિદ્વંદ્વી એકબીજાથી વીસ હાથ દૂર ઊભા રહી સામસામે નિશાન લઈ રહ્યા હતા. ફાયરનો આદેશ સાંભળતાં જ બંને પિસ્તોલમાંથી ધડાકા સાથે ગોળીઓ છૂટી, અને પછી લોહીની શેડો ઊડી....

અહીં વર્ષો પહેલાં લડાએલા કોઈ દ્વંદ્વની કલ્પનામાં હું મગ્ન હતો ત્યારે બીજી બાજુ લિલામ આગળ ચાલી રહ્યું હતું. ચારબાગના એક ગુજરાતી સજ્જને સાડા સાતસોની બિડ સંભળાવી અને ધડ દઈને મેં હજાર કહી દીધા. આથી આગળ કોઈ બોલ્યું નહીં અને પેટી સાથે એ બંને પિસ્તોલ મારી બની ગઈ.

લીલામઘરમાં જોતાં એ જેટલી ગમી ગએલી એથી યે વધુ તો ઘેર આવી હાથમાં લઈને જોતાં ગમવા લાગી. કમાલ કારીગરી હતી એની! હતી તો બંને પિસ્તોલ જ, પણ એકબીજીને અદલોઅદલ મળતી. સત્તર ઈંચ જેટલી લાંબી. બંનેના બટ્ટ ઉપર એક જ સરખી કોતરણી. તેના ઉપર સ્પષ્ટ રીતે વંચાય તેમ મેકરનું નામ કોરેલું હતું – 'જૉસેફ મેન્ટન.' બંદૂક-પિસ્તોલો વિશે મેં પહેલાં ખૂબ વાંચેલું. અઢારમી સદીના અંતમાં ઈંગ્લૅન્ડમાં બંદકો બનાવનાર તરીકે ખ્યાતનામોમાં આ જૉસેફ મેન્ટનનું નામ પણ બહુ જાણીતું હતું.

લખનૌમાં મને હજી ત્રણ મહિના થયા હતા. બંગાળીઓની વસ્તી પણ ત્યાં ઓછી નથી, પણ હજી એમની કોઈની સાથે મારે ખાસ કંઈ પરિચય નહોતો થયો, એટલે સાંજે હું લગભગ ઘરમાં જ રહેતો. ઘરમાં મારા સિવાય એક રસોયો અને એક નોકર મળી અમે ત્રણ જણ હતા. પિસ્તોલ ખરીદી ત્યારથી મારા મગજમાં ડયૂએલિંગ વિષે એક પ્લૉટ ઘૂમતો હતો, તેથી

કાગળ-પેન લઈ એ ટપકાવવા બેઠો. એવામાં કોઈએ બારણું ખખડાવ્યું. લાગ્યું કોઈ પરદેશી ગ્રાહક હશે. જૂની વસ્તુના સપ્લાયર તરીકે કેટલાક લોકો મને જાણતા થઈ ગયા હતા.

બારણું ખોલતાં જોયું તો ખરેખર એક ગોરા સાહેબ જ હતા. પિસ્તાળીસેકની વયના હશે. ઘણા સમયથી આ દેશમાં વસતા હશે એમ તેના ચહેરાનો રંગ જોતાં લાગ્યું. કદાચ આ દેશમાં જ જન્મ્યા હોય. ઍંગ્લો-ઇન્ડિયન પણ હોય! મને જોતાં જ બોલ્યા, 'ગુડ ઈવનિંગ.'

મેં પણ સામે ગુડ ઈવનિંગ કહ્યું. એ કહે, 'તમારું જરા કામ હતું. અંદર આવી શકું?'

'ચોક્કસ.' કહી મેં એમને અંદર આવકાર્યા. એનાં ઉચ્ચારણોમાં બિલકુલ વર્ણસંકરતા નહોતી. બેઠકખંડમાં લઈ જઈ મેં એમને બેસાર્યા. પ્રકાશમાં એમનો ચહેરો સ્પષ્ટ દેખાયો. સોહામણો ચહેરો, પિંગલવર્ણા વાળ અને એવી જ મૂછો અને ભૂરી આંખ. રાખોડી રંગનો સ્યૂટ પહેરેલો. મેં કહ્યું, 'સાહેબ, શરાબ તો હું પીતો નથી, કહો તો એક કપ ચા કે કૉફી બનાવી મંગાવું.'

'ના. ના, થૅંક યુ. મેં હમણાં જ ડિનર લીધું છે.' કહી તુરત તેઓ પોતાના આવવાનું કારણ દર્શાવતાં બોલ્યા, 'આજે સવારે મેં તમને હજરતગંજના ઑકશન-હાઉસમાં જોએલા.'

'તમે પણ ત્યાં હતા?'

'હા, પણ તમે એટલા બધા તન્મય હતા કે કદાચ એથી મારા તરફ તમારું ધ્યાન નહીં ગયું હોય.'

'બની શકે. ત્યાં એક ચીજ પર મારું મન એટલું આકર્ષાઈ ગએલું કે...'

'હા. પણ એ ચીજ તો હવે તમારી થઈ ગઈ. જૉસેફ મૅન્ટનની બનાવેલી એ ડયૂએલિંગ પિસ્તોલ. યુ આર વેરી લકી!'

આ સાંભળી હું પૂછ્યા વિના ન રહી શકયો: 'તો શું તમારા કોઈ ઓળખીતાની આ પિસ્તોલો હતી?'

'હા. પણ એ તો બહુ વર્ષો પહેલાં અવસાન પામ્યા છે. એ પછી આ પિસ્તોલો કોની પાસે ગએલી તેની મને જાણ નથી.' પછી એમણે પૂછ્યું: 'એક વાર હાથમાં લઈને હું એ પિસ્તોલ જોઈ શકું? કારણ એની સાથે એક કથા સંકળાયેલી છે, એટલે...'

મેં એમના હાથમાં પિસ્તોલની પેટી મૂકી દીધી. સાહેબે એ ખોલીને પિસ્તોલ બહાર કાઢી લૅમ્પ પાસે લઈ જઈને ખૂબ પ્યારભરી નજરે તેને આમતેમ ફેરવીને જોઈ. પછી કહે, 'આ પિસ્તોલો વડે એક ડયૂએલ લડાયેલું, અને કદાચ તમને ખબર નહીં હોય કે એ પણ આ લખનૌ શહેરમાં જ!'

'ડયૂએલ, આના વડે જ! અને તેય આ જ શહેરમાં!?'

'હા. દોઢસો વર્ષ પહેલાં. ચોક્કસ કહુ તા ત્રણ દિવસ પછી – સોળમી ઑક્ટોબરે એ ઘટનાને બરાબર દોઢસો વર્ષ થશે.'

'અચ્છા! ખૂબ નવાઈ કહેવાય! પણ એ ડયૂએલ કોની વચ્ચે થએલું...?'

પિસ્તોલ પાછી આપતાં ફરી સોફા ઉપર બેસી એમણે કહ્યું: 'એ સમગ્ર ઘટના વિશે હું એટલું વિગતે જાણું છું કે તે યાદ આવતાં આજેય જાણે મારી નજર સમક્ષ જ એ ડયૂએલ લડાતું દેખાય છે.' જરા થંભી એમણે કહેવા માંડયું: 'એ સમયે ડૉક્ટર જેરિમીઆ હડસનની પુત્રી એનાબેલા હડસન લખનૌમાં વિખ્યાત હતી. પુરુષની જેમ જ ઘોડેસવારી અને બંદૂક ચલાવવામાં હોશિયાર, નૃત્ય અને ગાયનમાં પણ નિપુણ. આકર્ષક પણ એટલી જ. એ અરસામાં જહૉન ઈલિંગવર્થ નામનો એક અંગ્રેજ આર્ટિસ્ટ લખનૌમાં આવેલો. નવાબનું પોર્ટ્રેટ બનાવી મોટું ઇનામ મેળવવાની એને ખ્વાહિશ હતી. પણ એનાબેલાને જોયા પછી પ્રથમ તેની છબિ કરવાનું તેણે વિચાર્યું, અને પોતાનો પ્રસ્તાવ લઈ એ ડૉ. હડસનને ઘેર પહોંચી ગયો. મંજૂરી મળી અને એણે એનાબેલાની અત્યંત સુંદર છબિ ચીતરવા માંડી. પણ આ માટે વારંવાર એનાબેલાને મળવાનું થતાં એ એના પ્રેમમાં પડી ગયો.

'હવે આ તરફ થોડા દિવસો પહેલાં એક સમારંભમાં એનાબેલા સાથે ચાર્લ્સ બ્રૂસ નામનો એક જવાન પરિચયમાં આવેલો. લખનૌ કૅન્ટોનમૅન્ટમાં એ વખતે બૅંગાલ રૅજિમૅન્ટનો એક મોટો ભાગ હતો, જેનો આ ચાર્લ્સ કૅપ્ટન હતો. પહેલી જ મુલાકાતમાં એ પણ એનાબેલાના પ્રેમમાં પડી ગએલો.

'થોડા દિવસ બાદ એનાબેલાને મળવાની તલપમાં એ ડૉ. હડસનના ઘેર પહોંચી ગયો. ત્યાં જતાં જ જોયું કે એક અજાણ્યો આદમી એનાબેલાને પોતાની સમક્ષ બેસાડીને એની છબિ ચીતરી રહ્યો હતો. અલબત્ત, એ ઈલિંગવર્થ જ હતો. ભલે એ ચાર્લ્સના જેટલો યુવાન નહોતો, છતાં દેખાવમાં એ ખરાબ પણ નહોતો જ. એના હાવભાવ પરથી એ પણ એનાબેલાના પ્રેમમાં હતો એમ સમજતાં ચાર્લ્સને વાર લાગી નહીં. લડાયક મિજાજના બ્રૂસને આમેય કલાકારો પ્રત્યે અણગમો હતો. એ આ સહી ન શકયો, અને એનાબેલાની હાજરીમાં જ એણે ઈલિંગવર્થનું અપમાન કરી નાખ્યું.

'ઈલિંગવર્થમાં જે ગુણો હતા એ બધા કલાકારને યોગ્ય હોય તેવા હતા. સ્વભાવે પણ એ નમ્ર. પણ આમ એનાબેલાની સામે જ બ્રૂસે એનું જે અપમાન કર્યું તે એનાથી સહન ન થઈ શક્યું. એણે બ્રૂસને દ્વંદ્વ માટે પડકાર્યો. બ્રૂસે તો રાજી થઈને એ પડકાર સ્વીકારી લીધો. ડયૂએલનો દિવસ પણ નક્કી થઈ ગયો – સોળમી ઑક્ટોબર પરોઢિયે છ વાગ્યે.

'તમે તો જાણતા હશો કે જેઓ ડયૂએલ લડે તેમણે સાથે એકએક 'સેકન્ડ' પણ રાખવો જોઈએ.'

'હા. ડયૂએલના નિયમોનું બરાબર પાલન થાય એનું એ ધ્યાન રાખે.'

'બરાબર. આ સેકન્ડ ડયૂએલ લડનારનો મિત્ર જ હોય. લખનૌમાં ઈલિંગવર્થ તો નવોસવો આવેલો એટલે બહુ ઝાઝી ઓળખાણ નહીં, છતાં એક સરકારી કારકુન જોડે એને ઠીકઠીક પરિચય થએલો એટલે એણે એને ડયૂએલ માટે નિયમ પ્રમાણે એક જ સરખી બે સારી પિસ્તોલ મેળવી આપવા વિનંતિ કરી. હ્યુ ડ્રમોન્ડ એનું નામ. ઈલિંગવર્થે ડ્રમોન્ડને પોતાનો સેકન્ડ બનવા પણ વીનવ્યો. બીજી બાજુ કૅપ્ટન બ્રુસે એક મિત્ર ફિલિપ મોક્સનને પોતાનો સેકન્ડ બનાવેલો.

'ડયૂએલનો દિવસ પાસે આવ્યો. પરિણામ અંગે તો કોઈનેય શંકા નહોતી. કારણ કૅપ્ટન બ્રુસને તો પિસ્તોલ ચલાવવી રમત વાત હતી અને નિશાનબાજ તરીકે એ ખ્યાત હતો, જ્યારે ઈલિંગવર્થ પીંછી ચલાવવામાં ભલે નિપુણ હશે, પણ પિસ્તોલ ચલાવવી એ તેનું ગજું નહોતું.'

આટલું કહી સાહેબ અટક્યા. પરિણામ જાણવાની ચટપટીથી મેં પૂછયું, 'તો પછી અંતે શું થયું?'

મૃદુતાથી જરા હસતાં એમણે કહ્યું : 'ત્યારથી દર વર્ષે ઑક્ટોબરની સોળમીએ પરોઢિયે છ વાગ્યે આ ઘટનાની પુનરાવૃત્તિ થાય છે.'

'ક્યાં?'

'ઘટના જે સ્થળે બનેલી ત્યાં. દિલખુશાની પશ્ચિમે ગોમતી નદી પાસેના મેદાનમાં આમલીના એક ઝાડ નીચે.'

'પુનરાવૃત્તિ એટલે?'

'મેં જે કહ્યું તે. એ દિવસે પરોઢિયે આવો તો ત્યાં આ ઘટના તમારી નજર સામે બનતી જોવા મળશે.'

'શું કહો છો!? આ તો ભૂતિયો બનાવ!'

'મારી વાત માનવાને કોઈ જબરદસ્તી તો છે નહીં. છતાં ત્રણ દિવસ પછી વહેલી સવારે ત્યાં પહોંચી જઈને તમે પોતે જ નજરે જોઈને ખાતરી કરજો.'

'પણ એ સ્થાન કઈ રીતે શોધું? મને અહીં આવ્યાને બહુ સમય નથી થયો એટલે લખનૌની ભૂગોળ પણ હજી...'

'દિલખુશા ક્યાં છે એ તો જાણો છો ને?'

'હા. એ તો જાણીતું સ્થળ છે.'

'એ દિલખુશાની બહાર પોણા છએ હું તમારી રાહ જોઈશ.'

'ભલે. હું પહોંચી જઈશ.'

સાહેબ વિદાય લઈ ચાલ્યા ગયા. એ પછી મને ખયાલ આવ્યો કે એ સજ્જનનું નામ તો મેં પૂછયું જ નહોતું. જોકે એમણેય મને મારું નામ પૂછયું નહોતું. ખેર, નામ ન જાણવાથી કોઈ ફરક પડતો નહોતો. મૂળ તો એમણે જે વાત કરી તેનું જ મહત્ત્વ હતું. મને માન્યામાં જ નહોતું આવતું કે આ શહેરમાં એક કાળે આવી રોમાંચક ઘટના બની હશે, અને મારી પાસે જે પિસ્તોલો હતી તેની જ સાથે એ સંકળાએલી હશે. પણ અંતે કોના નસીબે લખાઈ હતી એ એનાબેલા હડસન? બીજો પણ એક પ્રશ્ન મારા મનમાં જાગ્યો કે એ બંનેમાંથી એનાબેલા પોતે કોને ચાહતી હતી? કદાચ સોળમી તારીખે મારા આ પ્રશ્નોના ઉત્તર મળી રહેશે.

અંતે ઑક્ટોબરની સોળમી તારીખ આવી ગઈ. આગલી, એટલે કે પંદરમી તારીખે ગીતસંગીતના એક જલસામાંથી હું મોડી રાતે ઘેર પાછો આવતો હતો ત્યાં માર્ગમાં જ પેલા સાહેબ ભેટી ગયા. કહે, 'તમારે ઘેર જ જતો હતો, આવતી કાલ સવારની યાદ આપવા.' મેં પણ કહ્યું કે, હું એ ભૂલ્યો નથી. અત્યંત ઉત્કંઠાથી હું પણ સવારની રાહ જોઉં છું. અને પછી તુરત અમે છૂટા પડયા.

ઘડિયાળમાં ઍલાર્મ મૂકી હું સૂતો. સવારે સમયસર જાગી જઈ એક કપ ચા પી ગળે મફલર વીંટી ટાંગો કરી હું દિલખુશા પહોંચી ગયો. એક જમાનામાં આ બાગમાં નવાબ સાદતઅલીનો આવાસ હતો. એ આવાસની ચારે પાસના વિશાળ બાગમાં હરણો ફરતાં. કયારેક નજીકના જંગલમાંથી વાઘ કે ચિત્તો પણ ત્યાં આવી ચડતો. પણ અત્યારે તો એ નવાબી આવાસનાં ખંડેરો જ હતાં. જોકે ફૂલનો એક બગીચો હજી સચવાય છે. શહેરના લોકો ત્યાં ફરવા આવે છે.

છ વાગવાને વીસેક મિનિટ બાકી હતી ને હું ત્યાં પહોંચી ગયો. ટાંગાવાળાને મેં કહ્યું કે જો એ ત્યાં રોકાઈ રહેશે તો હું એમાં જ પાછો ઘેર જઈ શકીશ. ઉર્દૂ ભાષા તો મને પહેલેથી જ આવડતી હતી એટલે ટાંગાવાળો મને કોઈ ખાનદાન રઈસ આદમી સમજી રાજીથી ત્યાં રોકાવા માની ગયો.

ટાંગામાંથી ઊતરી હું જરા આગળ ચાલ્યો ત્યાં એક અર્જુનવૃક્ષ પાસે પેલા સાહેબને મારી રાહ જોતા ઊભેલા જોયા. પાંચેક મિનિટ પહેલાં જ એ ત્યાં આવી ગયા હતા એમ તેમણે મને કહ્યું.

'લેટ્સ ગો ધેન!' મેં કહ્યું, 'ચાલો સાહેબ, તમને રસ્તાની ખબર છે.'

પાંચેક મિનિટ ચાલ્યા પછી એક ખુલ્લું મેદાન દેખાયું. ધુમ્મસને કારણે બહુ દૂર કંઈ દેખાતું નહોતું. ડયૂએલના દિવસે પણ કદાચ આવું જ ધુમ્મસ હશે.

વધુ આગળ જતાં કાંટાળા છોડ-ઝાંખરાં અને ઘાસથી ઘેરાએલી એક ખંડેર ઇમારત પાસે સાહેબ અટક્યા. મકાન જોતાં લાગ્યું કે જૂના જમાનામાં અહીં કોઈ સાહેબનો વસવાટ હશે. જોકે આ ખંડેર બંગલા સાથે અમારે કોઈ નિસ્બત નહોતી. એને વટાવી જરા આગળ જઈ અમે પૂર્વ તરફ

ફરીને ઊભા રહ્યા. ધુમ્મસ છતાં અમને સામે જરા દૂર આંબલીનું એક મોટું ઝાડ દેખાયું. એની જમણી તરફ ચાળીસેક હાથ દૂર માથોડું ઊંચી થોડી ઝાડી હતી. અને એની આગળ પાછળના ભાગમાં ગોમતી નદી વહેતી હતી. આ બધું જોતાં જ ખ્યાલ આવી ગયો કે આ સ્થાન બિલકુલ નિર્જન હતું.

એકાએક સચેત બની જઈ સાહેબ બોલ્યા, 'જુઓ, કંઈ સંભળાય છે?'

કાન માંડતાં મને ઘોડાના ડાબલા જેવો અવાજ સંભળાયો. મારાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. એક અદ્ભુત અનુભવ થવાની કલ્પનાથી મારામાં ઉત્તેજના વ્યાપી ગઈ. ત્યાં જ મેં બે ઘોડેસવારને પેલા આંબલીના ઝાડ તળે આવીને ઊભા રહેતા જોયા.

બહુ જ ધીમેથી મેં સાહેબને પૂછયું, 'આ બંને જણ જ ડયૂએલ લડવાના છે?'

'ના. એ બંને નહીં, એમાંનો એક. એમાં જે જરા ઊંચો છે તે છે જહૉન ઈલિંગવર્થ, જેણે ડયૂએલનો પડકાર આપ્યો છે. બીજો છે તેનો મિત્ર હ્યુ ડ્રમોન્ડ–ઈલિંગવર્થનો સેકન્ડ. જુઓ તેના હાથમાં પેલું મેહોગનીનું બૉક્સ છે ને તેમાં છે ડયૂએલ માટેની પિસ્તોલ.'

ખરેખર, હવે મારું લોહી જોરજોરથી ફરવા માંડયું. દોઢસો વર્ષ પહેલાં બની ગએલી ઘટના આજે ૧૯૫૦ની સાલમાં અહીં મારી નજર સમક્ષ પુનઃ ભજવાવાના વિચારથી મારા હૃદયના ધબકારા વધી ગયા હતા.

એકાદ મિનિટમાં જ બીજા બે ઘોડેસવાર પણ આવ્યા. દેખાવ પરથી જ હું સમજી ગયો કે એમાંનો એક હતો કૅપ્ટન બ્રુસ અને બીજો તે એનો સેકન્ડ ફિલિપ મોકસન. એ બંને ઘોડા ઉપરથી ઊતર્યા પછી તુરત ડ્રમોન્ડે પોતાની પાસેની પેટી ખોલી તેમાંથી બે પિસ્તોલ બહાર કાઢી, તેમાં એકએક ગોળી ભરી અને કૅપ્ટન બ્રુસ તથા ઈલિંગવર્થના હાથમાં આપી કંઈ કહ્યું. ડયૂએલના નિયમો અંગે જ કંઈ કહ્યું હશે.

બ્રુસ અને ઈલિંગવર્થ એકબીજાની પાસે આવી સામસામા ઊભા. પછી પીઠ ફેરવી બંને જણ ગણીગણીને ચૌદ પગલાં ચાલી થંભ્યા અને પીઠ ફેરવી ફરી એકબીજા સામે મોં કરી ઊભા. બંનેએ હાથ ઊંચો કરી પોતાની પિસ્તોલ પ્રતિસ્પર્ધી સામે તાકી. આટલી વાર સુધી કોઈ એક અક્ષરે બોલ્યું નહોતું. એકાએક ડ્રમોન્ડનો અવાજ સંભળાયો 'ફાયર'.

એ જ પળે બંનેની પિસ્તોલ ગરજી ઊઠી. અને આશ્ચર્ય પામતાં મેં શું જોયું? બ્રુસ અને ઈલિંગવર્થ બંનેને એકસાથે ભોંય પર ગબડી પડતા મેં જોયા! પણ એથીયે વધુ આશ્ચર્ય તો તે પછીના દૃશ્યથી થયું. પેલા બંને જણ ઘાયલ થઈને પડયા કે તુરત પેલી ઝાડી પાછળથી એક સ્ત્રી બહાર આવી દોડીને ધુમ્મસમાં અદૃશ્ય થતી મેં જોઈ.

'જોયું?' સાહેબે મારા કાનમાં કહ્યું, 'આ ડયૂએલમાં એક નહીં, બંને જણને ગોળી વાગી અને બંને મૃત્યુ પામ્યા.'

'હા, એ તો સમજાઈ ગયું,' મેં કહ્યું, 'પણ પેલી ઝાડી પાછળથી દોડી ગઈ એ સ્ત્રી કોણ હતી?'

'ધૅટ વૉઝ એનાબેલા.'

'એનાબેલા!' હું આશ્ચર્યથી બોલી ઊઠયો.

'યસ. ઈલિંગવર્થની ગોળીથી બ્રુસ નહીં જ મરે એની એનાબેલાને ખાતરી હતી. પિસ્તોલ ચલાવવી એ ઈલિંગવર્થનું કામ નહોતું, અને બ્રુસનું નિશાન ખાલી નહીં જાય તેનીયે તેને ખબર હતી. પણ એનાબેલા નહોતી ઈચ્છતી કે એ બંનેમાંથી એક પણ બચી જાય. આથી 'ફાયર'નો આદેશ સાંભળતાં જ ઝાડી પાછળથી એણે પણ ગોળી ચલાવી અને બ્રુસને પાડી દીધો. ઈલિંગવર્થની ગોળી તો બ્રુસને સ્પર્શી પણ નહોતી.'

'પણ એનાબેલાએ આવું શા માટે કર્યું?'

'કારણ એનાબેલા એ બંનેમાંથી એકેયને ચાહતી નહોતી. એ જાણતી હતી કે આ ડયૂએલમાં ઈલિંગવર્થનું મોત નિશ્ચિત હતું. અને પછી જો બ્રુસ જીવતો રહેશે તો એ અચૂક એનાબેલાને પ્રાપ્ત કરવા બધું જ કરશે, જે એને સ્વીકાર્ય નહોતું. કારણ કે તે એક ત્રીજા જ પુરુષને ચાહતી હતી. પછી તો એણે એ પુરુષ સાથે લગ્ન પણ કર્યાં અને સુખથી રહેલી.'

મારી નજર ફરી પેલા સ્થાન તરફ વળી. મેં જોયું કે દોઢસો વર્ષ પહેલાનાં એ ડયૂએલનું દૃશ્ય ઝડપથી અદૃશ્ય થઈ રહ્યું હતું. ધુમ્મસ પણ વધુ ગાઢ બની ગયું હતું. અવાચક થઈ હું એનાબેલાના વિચારમાં ચડી ગયો ત્યાં એકાએક દૂર ઊંડેથી આવતો હોય તેમ એક નારીકંઠ સાંભળતાં હું ચમકી ઊઠયો.

'હ્યુ! હ્યુઈ...!'

અને તુરત મારી પાસે ઊભેલા સાહેબે કહ્યું, 'એનાબેલા બોલાવે છે.'

મારી નજર સાહેબ તરફ વળી. વિસ્મયથી હું ડઘાઈ ગયો. મારી નજર સામે હું કોને જોતો હતો?! સાહેબનો પોશાક ક્યારે બદલાઈ ગયો? આ તો દોઢસો વર્ષ પહેલાંનો પોશાક!

'તમને મેં મારો પરિચય નહોતો આપ્યો.' સાહેબ બોલ્યા, એમનો કંઠસ્વર પણ જાણે દૂરથી આવતો હતો. 'મારું નામ હ્યુ ડ્રમોન્ડ, ઈલિંગવર્થનો મિત્ર અને ડયૂએલમાં એનો સેકન્ડ, જેને એનાબેલા ચાહતી હતી. વેલ, ગુડ બાય...'

દિઙ્મૂઢ બની હું જોતો જ રહ્યો. પેલા ખંડેરઘર તરફ આગળ વધતા સાહેબ ધુમ્મસમાં ભળી ગયા.

ટાંગામાં બેસી હું ઘેર પાછો આવ્યો. પેલી મેહોગનીની પેટી ખોલી તેમાંથી પિસ્તોલ બહાર કાઢી હાથમાં લેતાં તેની નાળ ગરમ લાગી. સ્વાભાવિક જ મેં એ નાળ મારા નાક સામે લાવી સૂંઘી જોઈ તો તેમાંથી તાજા જ ફૂટેલા બારૂદની વાસ આવતી હતી. □

દારૂના દુષણ સામે એકલે પંડે ઝઝૂમનાર નારી

# કેરી નેશન

આપણે ત્યાં દારૂનિષેધ માટે કાયદા છે. કેટલાંક રાજ્યોએ તેમાં છૂટછાટ રાખી છે. ક્યારેક દારૂ ઉપર પ્રતિબંધો મૂકયા છે અને પછી ફરી તે પ્રતિબંધો હળવા પણ કરાયા છે. મદ્યપાન વિરૂદ્ધ અનેકાનેક લેખ-પત્રિકાઓ પણ વર્ષોથી પ્રકટ થતાં રહે છે, મંડળો ચાલે છે અને દારૂ વેચનાર તેમ જ પીનારની ધરપકડો પણ થતી રહે છે. જીવલેણ અકસ્માતો, ચોરી-લૂંટફાટ કે હત્યા થવા પાછળ મદ્યપાનનું કારણ સાબિત થયાના સમાચારો તેમ જ હલકા પ્રકારનાં નશીલાં પીણાંને કારણે સંખ્યાબંધ માણસોનાં મૃત્યુના ખબરોથી અવારનવાર સનસનાટી મચતી રહે છે. આમ છતાં દારૂનો પ્રસાર ઘટવાને બદલે વધતો જ રહ્યો છે, એટલું જ નહીં, આજે તો કદાચ મદ્યપાન એક ફેશન બની ગયું છે. નિમ્ન કે ભદ્ર, સમાજનો કોઈ વર્ગ મદ્યપાન કરવામાંથી વંચિત નથી. અગાઉ તો દારૂ વેચનાર અને પીનાર સાથે જ તેને નિસ્બત હતી, તેના બદલે આજે તો દારૂના ઉત્પાદનથી માંડી તેની હેરાફેરીમાં સીધી કે આડકતરી રીતે કુમળી વયનાં બાળકો અને સ્ત્રીઓ સુદ્ધાં સંકળાએલાં જોવાં મળે છે. આબુ, ગોવા કે દમણ વગેરે અનેક સ્થળોએ ઉમટતા સહેલાણીઓને દારૂનું આકર્ષણ પણ ઓછું નથી. લાખો રૂપિયાની હેરફેર આ દારૂના ધંધાએ પણ ઊભી કરી દીધી છે. દારૂબંધી હોવા છતાં શહેરો જ નહીં, કસ્બા અને નાનાં ગામડાં સુદ્ધાં આ દુષણથી અભડાયેલાં છે એ હકીકત છે.

આમ, દારૂનાં દૈત્યને નાથી શકાયો નથી છતાં તેની સામે ઉહાપોહ અને ચળવળો પણ સદીઓથી ચાલતાં જ રહ્યાં છે. આ સદીના આરંભમાં અમેરિકામાં આમ જ એક સ્ત્રીએ વ્યક્તિગત પ્રયાસ કરેલો. વિચિત્ર હોવા છતાં એણે સમાજમાં એટલી હલચલ પેદા કરી દીધેલી કે દેવળો અથવા અન્ય સંસ્થાઓ જે બે દાયકામાં પણ કરી શકી નહોતી.

આ સ્ત્રી – કેરી નૅશનનું નામ એક અજબ સ્ત્રી તરીકે ખ્યાતિ પામેલું. એની ભંજક વૃત્તિ દારૂનાં પીઠાં પર કેન્દ્રિત થએલી, પરંતુ જીવનનાં બીજાં પાસાંઓ – મોંઘાં ભોજનથી માંડી ચુંબન સુધીમાં પણ એણે પોતાનો વિરોધ પ્રકટ કરેલો. એટલું જ નહીં, પોતે જગાડેલા ઉહાપોહનું એને અભિમાન હતું. તીખા શાબ્દિક પ્રહારો ઉપરાંત એ તો લોખંડી સળિયા ને હથોડીનો ઉપયોગ કરતાં પણ ખચકાતી નહીં, અને એ ઉપરાંત એની તમતમતી ગાળાગાળી યે કોઈને પણ આભા કરી દે તેવી આકરી હતી.

ભભકદાર પોષાકની યે એ એવી જ ટીકાખોર હતી. આવી સુસજ્જિત સ્ત્રીઓને એ 'ચીંથરે વીંટાએલી બેશરમ ઢીંગલીઓ' ગણાવતી, અને ભદ્ર સમાજના પુરુષોને એ 'ભ્રષ્ટાચારથી ગંધાતા તાસનાં સોનેરી પાનાં' કહેતી. કોર્ટમાં ન્યાયાધીશને એ બેધડક 'યોર ડિસઑનર' કહી સંબોધતી. જેલના અધિકારી અને તેની પત્નીને એ 'અહબ' તથા 'જેઝાબેલ'* કહેતી.

જો કે એના આવા માનસ પાછળ સબળ કારણો હતાં. એની મા પોતે રાણી વિક્ટોરીઆ છે એવા વહેમમાં વર્ષો સુધી રહેલી. કેરીનો પ્રથમ પતિ ડૉ. ગ્લૉયડ ભારે નશાખોર હતો. આરંભમાં એ પતિને બેહદ ચાહતી હતી, પણ છ જ મહિનામાં એની નશાખોરીથી તંગ થઈ એણે એને છોડી દીધેલો.

આનો આઘાત અને એ પછીની મુશ્કેલીઓ તથા સતત ચિંતાના બોજથી એના મનમાં કેટલીક ગ્રંથિ બંધાઈ ગઈ. એ માનવા લાગી કે દુનિયાનાં બધાં દુઃખનું મૂળ દારૂનાં પીઠાં જ છે, અને એમાંથી એના મનમાં એક એવો ખયાલ બંધાયો કે ઈશ્વરે એને પીઠાંઓનો નાશ કરવા માટે જ પેદા કરી છે.

આરંભમાં તો એને આ માટે કોઈ માર્ગ સૂઝયો નહીં. એણે ઉપવાસો કરવા માંડયા, પણ એથી કંઈ વળતું લાગ્યું નહીં. ક્યારેક તો આવેશમાં આવી જઈ એ પોતાના માથા પર રાખ નાખતી, છણિયા જેવા ચિત્રવિચિત્ર પોષાક લપેટવા પ્રેરાતી તો ક્યારેક બાઈબલ વાંચી અવનવા વ્રત રાખતી. પછી એણે બીજો માર્ગ લીધો. આંખો બંધ કરી બાઈબલ ખોલીને તેના પાનામાં કોઈ પણ ભાગ ઉપર એ પિન ખોસતી અને

---

*અહબ પ્રાચીન ઈઝરાએલનો રાજા હતો. ટાયરના સિડોનીઅન (ફીનિશીઅન) રાજા એથબાલની પુત્રી જેઝાબેલને એ પરણ્યો હતો. ઈઝરાએલની રાજગાદીની એ પ્રથમ પરધર્મી ભાગીદાર હતી. અહબ પર એનું ભારે વર્ચસ્વ હતું. એને કારણે અહબ સ્વધર્મ છોડી ફીનિશીઅન દેવદેવીઓને ભજતો થઈ ગએલો. રાજ્યમાં પણ જેઝાબેલે ફીનિશીઅન પૂજાનો પ્રસાર કર્યો હતો. જેઝરાએલના નૅબોથની ફળદ્રુપ વાડી પચાવી પાડવાની અહબે લાલસા કરેલી, પણ નૅબોથે તેને મચક ન આપતાં જેઝાબેલે નૅબોથને પથ્થર મારી મરાવી નાખ્યો. ઈઝરાએલના સંત-પેગંબર ઉપર પણ જેઝાબેલે જુલ્મો કરેલા. બાવીસ વર્ષના પોતાના રાજ્યકાળમાં અહબે એસિરીઅનો સામે બે વખત સફળ યુદ્ધો કરેલાં, પણ ત્રીજી વારના યુદ્ધમાં રામોથ મુકામે એની કતલ થઈ. એ પછી જેહુના હુકમથી જેઝાબેલને બારીમાંથી બહાર ફેંકી રથના ઘોડાના પગ તળે કચરાવીને મારી નાખવામાં આવેલી. આ પરથી સ્વધર્મને બિનવફાદાર એવા પુરુષને અહબ અને લુચ્ચી, પાપિણી તથા ત્યાજ્ય એવી સ્ત્રીને ધિક્કાર દર્શાવવા જેઝાબેલ કહેવામાં આવે છે.

પછી એ ભાગ વાંચી તેમાંનાં વાક્યોમાંથી પ્રેરણા મેળવતી. આમ, એક વાર એણે વાંચ્યું, 'ઊઠ, ઝળહળ, કારણ તારો પ્રકાશ પ્રકટ થયો છે અને ઈશ્વરની મહત્તા તારી કાંધ ઉપર સવાર થઈ છે.' કેરીએ એનો અર્થ એવો તારવ્યો કે ઈશ્વર હવે એની પાસેથી કામ લેવા માગે છે. એ ઊંઘી ગઈ ને એને લાગ્યું કે જાણે એને એવો આદેશ મળ્યો છે કે, 'હાથમાં કંઈ ઉઠાવ અને પીઠાં ઉપર તૂટી પડ ને તેનો નાશ કર.'

પછી તો એણે પોતાના વિચિત્ર વાઘાનો ત્યાગ કર્યો ને નવો પોશાક કરાવ્યો. આગળ જતાં એનો એ વેશ કાયમનો બની રહયો. મોટાં મોતી જેવાં ગોળ અને ઘેરા રંગનાં બટનવાળો બંધ ગળાનો કાળો પોષાક, ચોરસ ટોચવાળા બુટ, કાળાં મોજાં, માથે રેશમી પટ્ટીવાળો કાળો રૂમાલ અને બાંય વિનાનો ભૂરો ડગલો. એના આ કાયમી વેશમાં એ કોઈ પણ સ્થળે અલગ તરી આવતી.

ચોપન વર્ષની વયે એ પહોંચી હતી, ભારે શરીર અને પૂરા છ ફૂટની ઊંચાઈ. જિંદગીભરનાં વૈતરાંથી સખત બનેલા આંટણોવાળા મજબૂત હાથ. વિફરે ત્યારે એને કાબૂમાં લાવવા બેચાર ખડતલ પુરુષો પણ ઓછા પડે. પોતાની શારીરિક તાકાતનું એને અભિમાન પણ હતું. પોલીસનો તો હાથ પકડી એને જરાય ખચકાયા વિના એ હચમચાવી નાખતી અને કોઈ એની સામે ચડી આવે તો એનો કાન પકડી તોબા પોકરાવતી. સાથે એનો વાક્પ્રવાહ પણ એવો કે સાંભળનાર ઊભો ને ઊભો થથરી જાય.

પિતાએ એનું નામ પાડેલું કેરી એમીલિયા. પણ ઓછું ભણેલા હોઈ પિતા એના નામની જોડણી Carey ના બદલે Carry કરતા. આ નામ પરથી પરણ્યા પછી એ સી. એ. ગ્લોય્ડ તરીકે ઓળખાઈ, પરંતુ એ નામનું ખાસ કંઈ મહત્ત્વ નહોતું. ફરી એ પરણી ડેવિડ નૅશન સાથે. ત્યારથી એ બની કેરી એ. નૅશન. પણ એ માનતી કે પિતાએ એના નામની જોડણીમાં જે ભૂલ કરેલી તે ઈશ્વરપ્રેરિત હતી. 'કેરી એ. નૅશન' નામમાંથી એણે એવો અર્થ તારવ્યો કે ઈશ્વરે જ એને એવો આદેશ આપ્યો છે કે રાષ્ટ્રનું વહન કર (કૅરી એ નૅશન).

અને જાણે એણે એ ભાર ઉપાડી લીધો. એક દિવસ પોતાના જ નામના એક પીઠા પર એની નજર પડી. ત્યાંની ભીંત ઉપર સ્નાનરત કલીઓપેટ્રાનું એક ઉત્તેજક ચિત્ર જોયું, અને પીઠાંઓ સામેની એની લડતનો આરંભ થઈ ગયો. પીઠામાં પેસીને પેલા ચિત્ર પ્રતિ આંગળી ચીંધી એણે બારટેન્ડરને પૂછ્યું, 'જવાન, તું આ નર્કાગારમાં શું કરે છે?'

ગ્રાહક સમજીને પેલાએ નરમાશથી ઉત્તર આપતાં કહ્યું, 'સૉરી, માદામ, અમે મહિલાઓને દારૂ આપતા નથી.'

કેરીનો પિત્તો ખસ્યો. એ બરાડી ઊઠી, 'તને એમ લાગે છે કે હું અહીં એ નારકીય પીણું પીવા આવી છું? હું પૂછું કે આવા નાગા ચિત્રની અહીં શી જરૂર છે?'

'એ તો કેવળ એક ચિત્ર છે, બાનુ!' હાથમાંનો પ્યાલો લૂછતાં બારટેન્ડરે ટાઢકથી ઉત્તર આપ્યો.

આ સાંભળી ત્યારે તો એ ચાલી ગઈ, પણ બીજા દિવસે એ એક લોખંડી સળિયા સાથે પાછી આવી અને કંઈ પણ બોલ્યા વિના પેલા ચિત્ર પાસે જઈ તેનો કાચ તોડી અંદરથી ચિત્રને ખેંચી કાઢીને ફાડી નાખ્યું.

પીઠામાં બેઠેલા લોકો તો આભા જ થઈ ગયા. બારટેન્ડરે બૂમાબૂમ કરી મૂકી, પણ એથી જરાય ખચકાયા વિના એણે બીજો ઘા કર્યો ને એક મોંઘાદાટ અરીસાનો કચ્ચરઘાણ કરી નાખ્યો. પછી કાચના વેરાએલા ટુકડા સામે જોતાં વિજયની ચીસ પાડી એ બરાડી, 'ભગવાનનો જય હો! દુનિયામાં શાંતિ થાઓ અને લોકોનું ભલું થાઓ.' ને પછી આવેશમાં એણે જે કંઈ નજરે ચડ્યું તેના પર ઘા ઝીંકવા માંડ્યા.

પીઠામાં ચાલતી આ ધમાલ જોઈ બહાર લોકો ટોળે વળ્યા. એક પોલીસ અંદર દોડી આવ્યો. કેરીએ એના પર પણ હાથ ઉગામ્યો, પણ પોલીસ બળુકો નીકળ્યો. કેરીને પકડી લઈ એ બોલ્યો, 'પારકાની મિલ્કતને નુકસાન કરવા બદલ મારે તમારી ધરપકડ કરવી પડશે, બાનુ.'

પણ એને ન ગણકારતાં કેરીએ બહાર ઊભેલા ટોળાને ઉદ્દેશીને નાટકીય ઢબે બૂમ મારી કહ્યું, 'આ મને જેલમાં પૂરવા માગે છે! પણ ત્યાંથી પાછી આવીને હું બીજાં પીઠાં માટે આનાથી યે વધુ ઉત્પાત જગાડીશ. આ બધું બંધ કરાવવા હું અહીં આવી હતી, અને હવે પછી તો હું તરખાટ જ મચાવીશ.'

જેલમાં પણ જેવી એને પૂરવામાં આવી કે દરવાજાના સળિયા પકડી એણે બૂમ પાડી કહ્યું, 'ભલે અત્યારે તો તમે મને બચ્ચા જેવી કરીને અહીં પૂરી છે, પણ બહાર આવીશ ત્યારે ગરજતી સિંહણ જેવી આવીશ અને આ બધાં નરકને કકળાવી મૂકીશ.'

જો કે સ્થાનિક દુકાનદારોને તો એના એ હુમલામાં માત્ર એક પાગલ વૃદ્ધાનો ઉત્પાત જ લાગેલો, પણ કેન્સાસ રાજ્યનાં છાપાંઓએ આ ખબરને ચગાવ્યા. દારૂબંધીના હિમાયતીઓ – ખાસ કરીને સ્ત્રીઓએ તો આ ઘટનાને વધાવી લીધી. જેલમાંથી છૂટ્યા પછી પોતાના ગામમાં આવવા અનેક ગામવાસીઓએ એને આમંત્રણો પાઠવ્યાં.

થોડાં અઠવાડિયાં બાદ એ જેલમાંથી છૂટી કે તુરત પાછી એ નીકળી પડી. સળિયા સાથે હવે એ એક હથોડી પણ સાથે રાખતી. અમેરિકામાંથી સઘળાં પીઠાં દૂર કરવાં એ જ એનું લક્ષ હતું. એના ઉત્પાતથી રાજ્યભરમાં દારૂબંધીની હવા ફેલાઈ

(અનુસંધાન પૃ. ૮૪ પર)

આ લેખમાળામાં અગાઉ ફિલ્મકળા, રેડિયો અને ટેલિવિઝન જેવાં સમૂહ-માધ્યમોનો ટૂંકો ઈતિહાસ અને પરિચય તેમ જ તેના નિર્માણની પ્રાથમિક વિગતો આપવા પ્રયત્ન કર્યો હતો. સરળતાથી સમજી શકાય તે માટે તેની સાથે આકૃતિઓ અને ચિત્રો પણ આપ્યાં હતાં. આ અગાઉના છેલ્લા હપ્તામાં 'શૉટસ' (દૃશ્યાંશો)ના વિભાગીકરણ દ્વારા પ્રયોજાતી 'દૃશ્યભાષા' વિષે તદ્દન પ્રાથમિક વાત કરી હતી. હવે તેને વધુ વિગતે જોઈએ.]

# ટેલિવિઝન

કૅમેરા-ઍંગલની વિવિધ ચાતુરી

— હસમુખ બારાડી

ફિલ્મ કે ટૅલિવિઝનના પર્દા ઉપર જે દેખાય છે તે વાસ્તવિકતાનું વિશેષ રીતે પસંદ કરેલું અને ગોઠવેલું નિરૂપણ હોય છે. નરી આંખે દેખાતી વાસ્તવિકતા કરતાં એ સૌપ્રથમ તો એ રીતે અલગ પડે છે કે એને કૅમેરાના લેન્સ વડે જોવામાં આવી હોય છે, અને એને અમુક નિશ્ચિત લંબાઈ-પહોળાઈની મર્યાદામાં 'ફ્રેમ' કરેલી હોય છે. માનવ આંખની સરખામણીમાં કૅમેરાનો લેન્સ એ રીતે પણ ઊણો પડે છે કે તે માનવ આંખની ઝડપે કોણ કે ફૉક્સ બદલી શકતો નથી, તેમ જ પ્રકાશની તેજસ્વીતાના પ્રમાણમાં આંખની જેટલી સરળતાથી ગોઠવાતો નથી. વળી, માનવ આંખ જેવી સ્ટીરીઓસ્કોપિક–ત્રિપરિમાણ-દર્શક દૃષ્ટિ કૅમેરાના લેન્સમાં હોતી નથી. આ રીતે લેન્સ દ્વારા ઝીલાતું દૃશ્ય વાસ્તવિક જગતનું એટલું અધુરું અને અનુમાનિત કહી શકાય તેવું દૃશ્ય જ કહી શકાય. અલબત્ત, જેને 'ફિલ્મી દૃશ્ય' કહી શકાય તેવા આ દૃશ્યની અનેક વિશિષ્ટતાઓ પણ છે. જેમ કે લેન્સ દ્વારા મેળવેલું દૃશ્ય એ ત્રિપરિમાણીય જગતની દ્વિપરિમાણીય તસવીર છે.

આ જ રીતે કોઈ વસ્તુનું પ્રેક્ષકથી અંતર તથા તેના કદ, પ્રમાણ વગેરે દ્વારા સરજાતી 'જગ્યા' (સ્પેસ)ને પણ જો કૅમેરાના લેન્સના ઉચિત કોણથી દર્શાવવામાં ન આવે તો એ ગેરમાર્ગે દોરી શકે. વળી, ફિલ્મ કે ટૅલિવિઝન જોતો પ્રેક્ષક પોતાની જગ્યાએથી ઊઠીને પર્દા ઉપર દેખાતા પાત્ર કે વસ્તુને નજીકથી કે ચારેબાજુથી નીરખી ન શકે. પ્રેક્ષક માટે એ કામ કૅમેરાએ કરવાનું હોય છે. અને આ માટેના બધા નિર્ણયો પ્રેક્ષક નહીં, પણ દિગ્દર્શક કરે છે. દા. ત. કોઈ ઘન આકારનું દૃશ્ય જો સામે દેખાતી તેની એક જ બાજુથી ઝડપવામાં આવે તો પર્દા પર એ માત્ર લંબાઈ-પહોળાઈવાળા એક ચોરસ આકાર રૂપે જ દેખાય. પરંતુ જો કોઈ એક ખૂણેથી અને ઉચિત પ્રકાશ-આયોજન સાથે ઝડપવામાં આવે તો તેની ત્રિપરિમાણીય અનુભૂતિ પ્રેક્ષકને મળી શકે. આવી જ રીતે લેન્સ દ્વારા કોઈ પણ વસ્તુના કદ વિશે પણ ગેરસમજ ઊભી થઈ શકે. એટલે ઊંચા ડુંગર, વૃક્ષ કે મહાલયની તસવીર કે તેના દૃશ્યમાં એના કદ કે ઊંચાઈનો જો પ્રેક્ષકને ખ્યાલ આપવો હોય તો તેની સાથે સર્વસ્વીકૃત એવા કોઈ માપની વસ્તુ કે પાત્ર દર્શાવીને એક તુલના ઊભી કરવી જોઈએ. દા. ત. પર્વતની તળેટીમાં કે ઊંચા વૃક્ષ યા મહાલયની બાજુમાં જો કોઈ માનવ-પાત્ર દર્શાવાય તો એની ઊંચાઈના પ્રમાણમાં પેલા પર્વત, વૃક્ષ કે મહાલયની ઊંચાઈનો દૃશ્ય પર નજર પડતાં જ ખરો ખયાલ આવી શકે. આમ લેન્સની મર્યાદાઓ સમજી લઈ, ઉપર કહી તેવી યુક્તિ – 'સિનેમાઈ યુક્તિ'ને સફળતાપૂર્વક પ્રયોજવામાં આવે છે. લેન્સની આવી મર્યાદાનો સમજપૂર્વક ઉપયોગ કરીને મકાનના બેએક ફૂટના નમૂનાને અમુક કોણથી કૅમેરા દ્વારા ઝડપીને પર્દા ઉપર (કે તસવીરમાં) કોઈ વિશાળ મહાલયરૂપે તેને રજૂ કરી શકાય. રમકડા-ગાડીનો અકસ્માત, કે રમકડાના ઘરમાં લાગેલી આગ જેવાં દૃશ્યો કૅમેરા દ્વારા ઝડપીને સાચી ગાડીના અકસ્માત કે ખરા મકાનમાં લાગેલી આગરૂપે દર્શાવી શકાય. આવી જ રીતે હકીકતે હોય તે કરતાં ઘણા મોટા કદમાં બનાવેલા કોઈ ફર્નિચરની પાસે બતાવેલું માનવપાત્ર વામનજીના રૂપમાં રજૂ કરી શકાય. ફિલ્મોમાં આવાં અનેક ઉદાહરણો જોવાં મળે છે.

આમ, કોઈ પણ વસ્તુના કદને તેના વાસ્તવિક રૂપમાં રજૂ કરવાને બદલે બીજી કોઈ રીતે દર્શાવવાનો દિગ્દર્શક નિર્ણય લે ત્યારે એ પોતાની અભિવ્યક્તિ તથા નાટ્યાત્મક ક્રિયાને ખયાલમાં રાખીને લેતો હોય છે. પોતાના વિશેષ પ્રેક્ષક-વર્ગનો ખયાલ રાખીને પણ દિગ્દર્શક કેટલાંક દૃશ્યો ઝડપે છે. દા. ત. સામાન્ય ફિલ્મમાં ઑપરેશનનું દૃશ્ય જે રીતે દર્શાવાય તે કરતાં તબીબી વિદ્યાર્થીઓ માટે ખાસ દર્શાવાતા દૃશ્યમાં તે જુદી જ રીતે રજૂ કરે, જેમાં જે અંગઉપાંગ પર ઑપરેશન થતું હોય અથવા જે રીતે થતું હોય તે વિગતે દર્શાવવા પર વધારે લક્ષ આપે છે. આમ, પર્દા ઉપર દર્શાવાતી વસ્તુ કે ક્રિયાના એકથી વધુ ગુણો – ભૌતિક, નાટ્યાત્મક, મનોવૈજ્ઞાનિક, કાવ્યાત્મક વગેરે હોઈ શકે. આમાંથી દિગ્દર્શક જે વખતે જેનું મહત્ત્વ દર્શાવવા ઈચ્છતો હોય તે પ્રમાણે તેની કઈ રીતની રજૂઆત યોગ્ય ઠરશે તેનો નિર્ણય કરે છે. વળી, ક્યારેક દિગ્દર્શક પોતાની દૃષ્ટિએ, ક્યારેક પ્રેક્ષકની તો ક્યારેક અમુક પાત્રની નજરે દૃશ્યનું નિરૂપણ પેશ કરે છે. આમ, ફિલ્મ કે ટી.વી.ના પર્દા પર રજૂ થતા પ્રત્યેક દૃશ્યમાં – તેની રજૂઆતમાં કોણ અને દૃષ્ટિકોણ મહત્ત્વના બને છે. ટૂંકમાં દિગ્દર્શકે પસંદ કરેલા અને ગોઠવેલા દૃશ્યાંશોની અર્થસભર શ્રેણી જ પ્રેક્ષક નિહાળે છે.

માનવ આંખથી કૅમેરાનો લેન્સ એના 'પરિપેક્ષ્ય'ના નિરૂપણમાં પણ જુદો પડે છે. દા..ત. આપણાથી વીસ ફૂટ દૂર માણસ ઊભો હોય તો એનું કદ આપણાથી દસ ફૂટ દૂર ઊભેલા માણસ કરતાં ચારગણું નાનું લાગે છે. અને માણસ જો ચાળીસ ફૂટ દૂર ઊભો હોય તો સોળ ગણું નાનું લાગે છે. એટલે અંતર અને વસ્તુ કે પાત્રનું કદ ગાણિતિક રીતે ચાર ગણું નાનું કે મોટું લાગે છે. જોકે આંખથી દેખાતા દૃશ્યમાં આપણે ભૂતકાળના અનુભવ અને માનસિક રીતે આપણે જે તે વસ્તુ અને પાત્રના કદને 'લગભગ સ્પષ્ટપણે' સમજી લઈએ છીએ. બાળપણથી જ આ 'સાપેક્ષ કદ અને પ્રમાણ'ને જોવાની આદત અને અનુભવ આપણને હોય છે.

અંતરના આ વર્ગમૂળનો સિદ્ધાંત નરી આંખની જેમ જ કૅમેરાના લેન્સથી દેખાતા દૃશ્ય માટે પણ લાગુ પડે છે. કૅમેરા સામે આંગળી ધરી રાખતા માણસની તસવીરમાં એની એ આંગળી એના માથા કરતાં મોટી લાગે. ફિલ્મ અને ટી.વી.ના પર્દા ઉપર આ દૃશ્ય જેમનું તેમ દેખાય, કારણ લેન્સથી ઊભી થતી વિકૃતિને આપણે આપણી આંખથી વાસ્તવિક જગતની જેમ સુધારી શકતા નથી. એ રીતે આપણા સામાન્ય અનુભવથી દૂરની કે બાહ્ય વસ્તુ કૅમેરાનો લેન્સ બતાવે ત્યારે એ પ્રેક્ષકને વિશિષ્ટ અનુભવ કરાવે. એ જ રીતે રોજિંદા અનુભવના નિરીક્ષણમાં દેખાતી વસ્તુ કરતાં ખૂબ જ અલગ પડતું દૃશ્ય પર્દા પર નિરૂપાય તો પ્રેક્ષકને આંચકો લાગે. પણ દિગ્દર્શક જો એવો આંચકો આપીને કોઈ નાટ્યાત્મકતા સિદ્ધ કરવા ઇચ્છતો હોય તો તે એનો અધિકાર છે. પરંતુ સામાન્ય રીતે જો એ પ્રેક્ષકને વાસ્તવિકતાનો જ અનુભવ કરાવતો હોય તો એણે કૅમેરાના લેન્સથી પ્રકટતી વિકૃતિને જાગૃતપણે સુધારી લેવી જોઈએ. દા. ત. બહુ ઊંચેથી નીચે દેખાતા મહાલયના દૃશ્યમાં તે નાનું લાગશે, પણ કોઈ નાના મકાનની નીચેથી લીધેલી તસવીરમાં એ મકાન મહાકાય લાગશે.

વળી, આ કોણ (ઍંગલ) બહુ અર્થભર પણ બની શકે. કોઈ વ્યકિતને શકિત, સત્તા કે ગૌરવ બક્ષવાં હોય તો એની તસવીર નીચેના કોણથી લેવી જોઈએ. સ્ટાલિન, મુસોલિની કે હિટલરની આ રીતે ઝડપેલી તસવીરમાં એમને વિશેષ પ્રભાવશાળી બતાવ્યા હોય એવાં અનેક ઉદાહરણ જોવાં મળે છે. અને એ જ રીતે આ વ્યકિતની નજરે — એટલે કે એમના દૃષ્ટિકોણથી એમની પ્રજાને તસવીરમાં ઉચ્ચ કોણથી ઝડપીને તેને નાના કદમાં — કયારેક તો કેવળ ટપકાં જેવી (એટલે કે તુચ્છ બરાબર) પણ બતાવ્યાનાં અનેક ઉદાહરણો આપણને ફિલ્મ કે ટી.વી.ના પર્દા ઉપરથી મળી રહે છે. આ રીતે કૅમેરાનો — એના લેન્સનો ચાતુરીપૂર્વક ઉપયોગ કરીને દિગ્દર્શક વ્યકિતના પ્રભાવ કે તુચ્છતા પ્રતિ પ્રેક્ષકનું લક્ષ દોરી શકે.


લેન્સ દ્વારા ઝડપાતા દ્વિપરિમાણીય તત્ત્વને દિગ્દર્શક કે કૅમેરામૅન એ જ લેન્સથી અંતરના કે ઊંડાણના ત્રીજા તત્ત્વને વધારી-ઘટાડીને એ પરિમાણને બદલી શકાય છે. 'ઝૂમ ઈન' કે 'ટ્રૅક ઈન' દૃશ્યોમાં આ બદલાતા પરિપ્રેક્ષ્યનો અનુભવ થાય છે, એ આપણે આ પહેલાના હપતામાં જોયું છે.

દૃશ્યની પશ્ચાદ્‌ભૂમાં અને અગ્રભૂમાં દેખાતી બે અલગ-અલગ વસ્તુઓમાં કદથી પણ અનેક કલાત્મક અર્થઘટનો પ્રેક્ષકને આપી શકાય છે. દૃશ્યાંશ (શૉટ)માં નજીક લાગતી વસ્તુનું કદ દૂર પશ્ચાદ્‌ભૂમાં દેખાતી વસ્તુ (હકીકતે મોટી હોવા છતાં) નાની લાગે, અને એ અર્થભર બની રહે. આ યુકિતમાં ફૉક્સ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે,

કૅમેરાના જુદાજુદા લેન્સ અને એપરચરના ઉપયોગથી, જુદા પ્રકાશ આયોજનથી, અંતર અને કદ દર્શાવીને દ્વિપરિમાણવાળા ચિત્રમાં ત્રીજું પરિમાણ બતાવવાનો દિગ્દર્શક પ્રયત્ન કરે છે. વળી, દિગ્દર્શક પાસે કૅમેરાના લેન્સ ઉપરાંત એક વધુ સગવડ પણ છે, એ છે દૃશ્યમાં પાત્રની ગતિ. કૅમેરાના દૃશ્યાંશો (શૉટસ)માં વિભકત થતી કે 'ફ્રેમ' થતી વાસ્તવિકતાને — એની આજુબાજુની સમગ્ર વાસ્તવિકતાની પ્રતિનિધિરૂપ બનાવી શકે — એટલે કે દિગ્દર્શક યા કૅમેરામૅને એ બનાવવી જોઈએ.

આ રીતે કૅમેરા દ્વારા ઝડપાતી વિશિષ્ટ વાસ્તવિકતામાં 'સિનેમાઈ જગ્યા' અને 'સિનેમાઇ સમય'ની નવી જ વિભાવના પ્રકટી છે. આ બંનેના વિશિષ્ટ સંયોજનથી પણ 'સામયિક જગ્યા' અને 'જગ્યાનો સમય' પણ અનેક સિનેમાઈ અર્થઘટનો આપી શકે છે. કલાસૂઝબૂઝ ધરાવતા દિગ્દર્શકો અને કૅમેરામૅન એનો ઉપયોગ કરતા જ રહે છે. આ વિભાવનાઓ કે સિદ્ધાંતો જો પ્રેક્ષક જાણતો હોય તો પર્દા ઉપરના દૃશ્યનો વિશેષ રસાસ્વાદ લઈ શકે, પણ જો તેને આનો ખ્યાલ ન હોય તો કયારેક એને એ માત્ર સિનેમાઇ યુકિતઓ જ માની લે, યા કયારેક એ જોતાં એનામાં બાલસહજ કુતૂહલ પ્રકટે. કવચિત દિગ્દર્શકને અભિપ્રેત સિનેમાઇ અર્થના સમગ્રમાં એક નાના અંશની જેમ, અજાણપણે પ્રેક્ષકને એ સમજાઈ પણ જાય. અલબત્ત, 'માધ્યમની સાક્ષરતા' —માધ્યમની સૂઝબૂઝ દૃશ્યના પ્રત્યાયનમાં મદદરૂપ તો બને જ

# અંબાપુરની વાવ



△ અંબાપુરની વાવ (ફોટોઃ પ્રવાસન ખાતું – ગાંધીનગર) △

શ્રમિત યાત્રીઓને પ્રવાસમાં પડતી અગવડોનો વિચાર કરી યાત્રામાર્ગમાં એમને શીતલ જળ, ટાઢી છાયા અને બેચાર ઘડી આરામ કરવાની સગવડ મળી રહે તે સારુ વાવ બંધાવવાના કાર્યને એક પુણ્યકાર્ય ગણવામાં આવ્યું છે. ગુજરાતમાં સદીઓ જૂની આવી અનેક વાવો છે.

છેક પાણી સુધી પહોંચતાં પગથિયાંવાળા કૂવાને આપણે 'વાવ' કહીએ છીએ, પણ કૂવાઓના વિવિધ પ્રકારોમાં ગુજરાતની વાવો અને તેની સ્થાપત્ય-રચનાની આગવી વિશિષ્ટતા રહી છે. દ્રાવિડ દેશોમાં પગથિયાંવાળા કૂવા તો હોય છે, જેને 'કલ્યાણ-વાપી' કહે છે, પરંતુ તેની રચના એક યા ચારે બાજુ પગથિયાંવાળા મોટા જલકુંડ જેવી હોય છે. ઉપરથી એ ખુલ્લા રહેતા હોઈ ત્યાં સૂર્યતાપ સામે રક્ષણ મળતું નથી, જ્યારે ગુજરાતની વાવોમાં ઉપરથી નીચે છેક પાણીની સપાટી સુધી છાંયો ને શીતળતા રહે તથા સફરથી થાકેલો વટેમાર્ગુ આરામ લઈ શકે તેવી તેની રચના હોય છે, એટલું જ નહીં, શ્રમિત પ્રવાસીની આંખ ઠારે એવાં કલાશોભનોથી પણ એ મંડિત હોય છે. જાણે કોઈ સુંદર પ્રાસાદને ભૂગર્ભમાં ઉતાર્યો હોય તેવી આ વાવો ગુજરાતનો આગવો સુંદર વારસો છે.

ગુજરાતભરમાં ૧૮૦૦ જેટલી વાવ હોવાની એક ગણતરી છે. આમાં ઈતિહાસ, સ્થાપત્ય અને કલાની દૃષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવતી વાવોમાંની અનેક તો ગુજરાતના ઈશાન પ્રદેશમાં છે. આમાંની કેટલીક તો સદીઓથી ખ્યાત છે, જ્યારે બારથી સોળમી સદી દરમિયાન નાનીમોટી લડાઈઓમાં સંખ્યાબંધ વાવો નાશ પણ પામી હશે. મોટે ભાગે તો આ વાવોમાં પથ્થરની બાંધણી થતી હતી, પરંતુ ઈંટના ચણતરવાળી પણ કેટલીક વાવો છે. અમદાવાદની દદા હરીર અને માતર ભવાનીની ભાવ, જૂનાગઢમાં ઉપરકોટમાં બનેલી અડીચડી વાવ અને જૂનાગઢ નજીકની ખેંગાર વાવ વગેરે કેટલીક વાવો તો વ્યાપક ખ્યાતિ ધરાવે છે. આ ઉપરાંત પણ બીજી સંખ્યાબંધ વાવો વિખ્યાત છે, પરંતુ રચના અને શોભનની દૃષ્ટિએ અમદાવાદ પાસેની અડાલજની વાવ એ આ પ્રકારના સ્થાપત્યનો સર્વોત્કૃષ્ટ નમૂનો ગણાય છે. આ વાવ છે તો મુસ્લિમ શાસનકાળની પણ તેની રચના અને તેનાં શોભનશિલ્પમાં ભારોભાર હિંદુ પ્રભાવ પણ જોવા મળે છે. જો કે તળ ગુજરાતના મુસ્લિમ શાસનકાળનાં અનેક સ્થાપત્યોમાં હિંદુ-મુસ્લિમ કળાનું એટલું બધું મિશ્રણ જોવા મળે છે કે તેને ગુજરાતનું એક આગવું અને સુંદર લક્ષણ ગણી શકાય. હિંદુ-મુસ્લિમ સ્થપતિઓ અને કારીગરોએ એક સાથે કામ કરવાને કારણે તથા એકબીજાના સ્થાપત્ય-અવશેષોના વપરાશને કારણે આ સંમિશ્રણ પ્રકટ્યું હશે. તળ અમદાવાદથી છેટા પણ આજે તો અમદાવાદમાં જ સમાઈ ગએલા એવા ઈસનપુર અને દાણીલીમડા ગામની વચ્ચે બનેલી એક વાવ આવા મિશ્રાણનું એક લાક્ષણિક દૃષ્ટાંત છે. અન્ય ઐતિહાસિક વાવોની સરખામણીમાં આ વાવ બહુ નજીકના ભૂતકાળની કહી શકાય. અમદાવાદના એક શ્રેષ્ઠી જેઠાભાઈ જીવણલાલ મૂળજીએ ગઈ સદીના છઠ્ઠા દસકાના અરસામાં આ વાવ બનાવરાવી હતી. આના બાંધકામ માટે એમણે શાહ આલમના રોજાના હકદારો પાસેથી, શાહ આલમથી જરા ઉત્તરે આવેલી મલિક આલમ (કે ઈલમ)ના નામે ઓળખાતી એક ભગ્ન મસ્જિદના તથા કાઝી હસન-અદ્-દીન પાસેથી રાજપુર-હીરપુરમાંની નેનપુરવાડાની મસ્જિદ તથા તેની સાથેના રોજાના અવશેષો ખરીદી લઈને તેનો ઉપયોગ આ વાવ બાંધવામાં કર્યો હતો. શહેરના શહેરકોટડા નામના વિસ્તારમાં પોતાના એક મંદિરના બાંધકામમાં પણ એમણે પેલા ભગ્નાવશેષોના પથ્થરો વાપર્યા હતા. જો કે એમણે બંધાવેલી વાવનું પાણી ગંધાઈ જતાં એ વાવનો વપરાશ બહુ લાંબો સમય ટક્યો નહીં. પરંતુ અડાલજ, અમદાવાદ, પાટણ વગેરે સ્થળોની સવિશેષ ખ્યાતિ પામેલી વાવોને પડછે ગુજરાતની બીજી અનેક વાવો અલ્પખ્યાત હોવા છતાં એક યા બીજી રીતે આગવું મહત્ત્વ ધરાવવા સાથે પ્રેક્ષણીય પણ છે જ.

અડાલજની વિખ્યાત વાવથી ત્રણેક કિલોમીટર દૂર અંબાપુરમાં આવી જ એક વાવ છે. ગાંધીનગરથી દસ અને અમદાવાદથી વીસેક કિલોમીટર દૂરની આ વાવ ૧૫મી સદીના ઉત્તરાર્ધ અને ૧૬મી સદીના પૂર્વાર્ધના અરસાની હોવાનું મનાય છે. ૬૫ મીટર લાંબી, ૧૬ મીટર પહોળી અને લગભગ

એટલી જ ઊંડી આ વાવમાં પાંચ મજલા છે. પ્રત્યેક મજલાના પ્રવેશના ભારપટ્ટમાં હંસાવલિ અને ગવાક્ષોમાં મુસ્લિમ મહેરાબોમાં હોય છે તેવી ફૂલપાનની સુંદર કોતરણીમાં હિંદુ-મુસ્લિમ શોભનશિલ્પનું સુંદર મિશ્રણ જોવા મળે છે. અહીં કેટલાક ગોખમાં ભૈરવ, ગણપતિ અને માતૃકાઓની મૂર્તિઓ પણ છે.

સીધા જ પાણી સુધી ઊતરવા માટે આ વાવમાં ગોળ દાદર પણ છે. હાલમાં તો એક તરફથી જ પાણી સુધી પહોંચાય છે, પણ મનાય છે કે અગાઉ આ રીતે અંદર ઊતરવા માટે તેની ત્રણ બાજુએથી જવાતું હશે, પરંતુ પછીથી બે બાજુના માર્ગો બંધ કરી દેવાયા હશે. આવી વાવને 'જયા' પ્રકારની વાવ કહે છે.

આ વાવના જુદાજુદા મજલે કોતરેલાં તોરણો પણ અવનવા ઘાટની વેલો તથા વિધવિધ ભાતનાં શોભનોથી મંડિત છે. આ જ રીતે અહીં અનેક જગ્યાએ ઝીણું છતાં નયનરમ્ય સુંદર સુશોભન કોતરેલું છે.

અડાલજની વાવ જોવા જનાર રસિકજનોએ તેની નજીકમાં આવેલી આ અંબાપુરની વાવ પણ જોઈ લેવી જોઈએ. ભલે એ અડાલજની વાવ જેટલી શોભનસમૃદ્ધ ન લાગે પણ વાવના એક લાક્ષણિક દૃષ્ટાંત રૂપે આ વાવનું પણ આગવું મહત્ત્વ તો છે જ. □

અનુસંધાન ] **ગંગોત્રીની યાત્રા** [ પૃ. ૭૩ પરથી

હું તુરત જ બહાર આવ્યો. હજુ પણ થોડું અજવાળું હતું. મેદાન વચ્ચેના ઝરણાકાંઠે એક ભૂખરા રંગનું (brown) રીંછ પાણી પી રહ્યું હતું. અમે અનિમેષ નયને આ રીંછ જોયા કર્યું. પાણી પીને તે પાસના પહાડ પાછળ અદૃશ્ય થઈ ગયું. હિમાલયના મારા વિસ્તૃત ભ્રમણ દરમિયાન મને બહુ જૂજ જંગલી પશુ જોવાં મળ્યાં, તેથી આ પાણી પીતા રીંછનું દૃશ્ય મારા સ્મરણ-પટ ઉપર કાયમનું અંકિત થઈ ગયું છે.

દરમિયાન બલબહાદુર આસપાસનાં ઝાંખરાંમાંથી થોડાંક લાકડાં વીણી લાવ્યો અને પન્નાલાલે એક તપેલીમાં ખીચડી પકાવી. આટલી ઊંચાઈએ દાળ-ચોખા થોડાં કાચાં, કડક તો રહી જ ગયાં પરંતુ ભૂખ્યા પેટે તે અધકાચી ખીચડી સ્વાદિષ્ટ લાગી. અમે થાકીને સૂતા. મધરાત પછી મારે જરાક ઊઠવું પડ્યું. હળવેથી હું તંબૂની બહાર આવ્યો. પૂર્ણિમાનો ચંદ્ર આકાશના કેન્દ્રમાં ઝળહળતો હતો. સર્વત્ર ચાંદની રેલાઈ રહી હતી. વાતાવરણ નિઃસ્તબ્ધ હતું. નિરવ શાન્તિ હતી. આસપાસનાં બધાં હિમાચ્છાદિત શિખરો ચાંદનીના એ હળવા અજવાળામાં દૂધ જેવાં ધવલ શોભતાં હતાં.

વહેલી સવારે અમે ઊઠ્યા ત્યારે અમને એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. પૂર્વ દિશામાં ભગવાન સૂર્યનારાયણ હિમશિખરોની પાછળથી બહાર આવી રહ્યા હતા. તેનાં કોમળ કિરણોમાં પશ્ચિમના ઉત્તુંગ શિવલિંગ શિખરની ટોચ રક્તવર્ણી બની ગઈ હતી અને પછી તો ધીરે ધીરે સમગ્ર શિખર ઉજ્જવલિત થઈ ગયું.

હવે અમે ગંગોત્રી ભણી પ્રયાણ કર્યું. બપોર સુધીમાં તો અમે ચીડબાસા આવી ગયા. ત્યાંના મહાત્માને ફરી મળ્યા. સાયંકાળે અમે ગંગોત્રી પહોંચ્યા ત્યારે ગંગા માતાની આરતીનો સમય થયો હતો.

ગંગોત્રી તીર્થ-ક્ષેત્ર છોડવા મન તૈયાર નહોતું. પગપાળા અમે ઉત્તરકાશી ઊતરી આવ્યાં. ત્યાંથી ટીહરી ગામ સુધી પણ પૈદલ આવવું પડ્યું. ટીહરીમાં બસ મળી ગઈ જે અમને હૃષિકેશ – હરદ્વાર લઈ આવી. અને આમ, હિમાલયની મારી બીજી એક યાત્રા અવનવા ચિર-સ્મરણો સાથે પરિપૂર્ણ થઈ. □

અનુસંધાન ] **કેરી નૅશન** [ પૃ. ૮૦ પરથી

ગઈ. ઠેરઠેર ઉત્તેજિત સ્ત્રી-પુરુષો હથિયાર લઈ દારૂબંધીનાં ગીત ગાતાં નીકળી પડ્યાં. મેઈનથી માંડી કેલિફોર્નિયા સુધી એની ચળવળના સમાચારો ગાજવા લાગ્યા.

પછી તો અનેક ગામ-શહેરમાં 'કેરી નૅશન ક્લબ' અને 'લૉ ઍન્ડ ઑર્ડર લીગ' જેવાં સંગઠનો ઊભાં થયાં. દારૂનિષેધ મંડળીઓમાં શ્વેત પટીની સંજ્ઞાને બદલે હવે બધે હથોડીની સંજ્ઞા ફેલાઈ ગઈ. લોકો પોતાનાં કૂતરાં-બિલાડાં ને બાળકોનાં નામ પણ એના નામ પરથી પાડવા લાગ્યા. અનેક સ્થળે એની કામગીરી એટલી તો લોકપ્રિય બની ગઈ કે બાળકો પણ બીજી રમતો છોડી 'પીઠાંતોડ'ની રમતો રમવા લાગ્યાં.

કેરીની આ પીઠાંભંજન પ્રવૃત્તિના સમાચારો દારૂબંધીના કાર્યમાં મોટો ફાળો આપનાર બની રહ્યા. અનેક સ્ત્રીઓએ તેમાંથી પ્રેરણા લઈ દારૂબંધીની ચળવળો ઉપાડી. લોકોમાં દારૂનાં દૂષણ ચર્ચાવાં લાગ્યાં અને આ માટે કડક કાયદા બનાવવાની હલચલ જાગી. પીઠાં અને તેમાં એકઠા થતા મવાલીઓ ને ભ્રષ્ટાચારો અંગે લોકો જાગૃત થવા લાગ્યા. કેરી નૅશનના દારૂ સામેના પ્રકોપમાંથી જે પરિસ્થિતિ સર્જાઈ તેમાંથી સ્થપાએલી 'ઍન્ટી-સલૂન લીગ' આગળ જતાં યુનાઈટેડ સ્ટેટ્સમાં એક નોંધનીય રાજકીય પરિબળ બની રહેલી.

પછીના જીવનમાં પણ કેરી નૅશનનાં પરાક્રમો તો એવાંને એવાં જ રહ્યાં, વધુમાં એણે પ્રવાસો અને વ્યાખ્યાનો પણ કરવાં માંડ્યાં. સમય કે પરિસ્થિતિ એની ધૂનમાં કંઈ ઓટ લાવી શકી નહીં. જ્યાંજ્યાં એ ગઈ, કે એણે જે કંઈ કર્યું તેનાથી તેણે ઉત્તેજના અને ઉત્પાત જ મચાવ્યાં હતાં.

ઈ. ૧૯૨૩માં મિસૂરીમાં એક સ્થળે એની કબર મળી આવી હતી, જેના ઉપર કેરી એ. નૅશન સ્મારક એસોસીએશને ગ્રેનાઈટનો એક સ્મૃતિ-સ્તંભ ઊભો કર્યો હતો. □

કીટકોની સૃષ્ટિમાં સૌથી મોટો વર્ગ છે 'લેપિડોપ્ટેરા' (Lepidoptera)નો. લેપિડોપ્ટેરા એટલે પાંખો ઉપર રજકણ (જેવી રૂંવાટી કે ભીંગડાં)વાળાં કીટકો. આ વર્ગમાં ૮૦ કુળ (Family) છે, અને તેમાં લગભગ ૭૦૦૦ જાતિ (species)નાં કીટકો છે. આમાંનાં મોટા ભાગનાંને બે જોડ પાંખો, અને આ પાંખો તથા એમના દેહ ઉપર સૂક્ષ્મ ભીંગડાં યા રૂંવાટી હોય છે, જેના થકી એમને આગવી રંગભભક મળે છે. ફૂદાં અને પતંગિયાં આ વર્ગનો એક મોટો સમુદાય છે. એમની અર્ધા લાખ જેટલી જાતોમાંથી બારેક હજાર જાત તો પતંગિયાંની છે. આમાં યે હજી નવીનવી જાતો ઉમેરાતી જાય છે. કારણ મધ્ય એશિયા અને દક્ષિણ અમેરિકાનાં ગાઢ જંગલો જેવા હજી યે કેટલાક પ્રદેશથી આપણે પૂરેપૂરા પરિચિત નથી. વળી, આ જીવોનો ઊંડો અભ્યાસ તથા તેમના પદ્ધતિસરના સંગ્રહો પણ હમણાંહમણાં થવા લાગ્યા છે. મનાય છે કે આપણા દેશમાં ચૌદથી પંદરસો જેટલી જાતનાં પતંગિયાં થાય છે.

વિવિધરંગી બારીક રજકણથી છવાયેલી વિધવિધ ભાતવાળી ચાર પાંખો, મોંમાંથી લટકતી સૂંઢ પેઠે વાળી શકાય તેવી લાંબી જીભ, આંખની નજીકથી ઊગતી મૂછો, છ પગ અને તેર સાંધાવાળો ઠળિયા જેવા આકારનો દેહ, પતંગિયાં અને ફૂદાંના દેહની આ રચના. આવી સમાનતા છતાં ફૂદાં અને પતંગિયાં વચ્ચે સરળતાથી પારખી શકાય તેવો ભેદ હોય છે. ઈંડું, ઈયળ, કોશેટો અને પૂર્ણ વિકસિત પુખ્તાવસ્થા એ આ વર્ગના કીટકોની ચાર અવસ્થા. પતંગિયાંની માદા એક યા એકાધિકના જૂથમાં ઈંડાં મૂકે છે ને તે અરક્ષિત હોય છે. ફૂદાંની માદા સંખ્યાબંધ ઈંડાં મૂકે છે અને તેના રક્ષણાર્થે તેની ઉપર પોતાના દેહ ઉપરથી ખેરવેલી રુવાંટી કે ભીંગડાં વગેરે વેરીને ઢાંકી દે છે. ઈયળ અવસ્થામાં તે ફૂદાંની છે કે પતંગિયાંની તે ઝટ પારખી શકાતું નથી. પતંગિયાં મોટે ભાગે દિવસે અને ફૂદાં રાત્રે ઊડે છે. કેટલાંક પતંગિયાં માત્ર સૂર્યપ્રકાશમાં, કેટલાંક છાંયામાં તો કેટલાંક સાંધ્યપ્રકાશમાં જ ઊડતાં જોવા મળે છે. પતંગિયાં જ્યારે બેસે ત્યારે પોતાની બંને તરફની પાંખો જોડી દે છે, એટલે ત્યારે જે દેખાય તે તેની પાંખોની અંદરની કે નીચેની બાજુ હોય છે, જ્યારે ફૂદાં પોતાની પાંખો પસારીને બેસે છે. પતંગિયાંની મૂછો માથાની આગળ લંબાએલી ને છેડે ટચૂકડાં ટોપકાંવાળી પાતળી સળી જેવી હોય છે. ફૂદાંની મૂછો વિવિધ આકારની, અત્યંત મુલાયમ, અને ફૂદું બેસે ત્યારે તેની પાંખોની નીચે વાળીને ઢાંકી દીધેલી હોય છે. પતંગિયાંની આંખો મોટી ને માથામાંથી ઉપસતી, જ્યારે ફૂદાંની આંખો ઝીણી હોય છે. પતંગિયાંનાં ધડ અને માથું એકબીજા સાથે જોડાએલા અલગઅલગ દેખાય છે, તો ફૂદાનાં ધડ-માથું સળંગ હોઈ તેનો દેહ ઠળિયા જેવો લાગે છે. પતંગિયાં ઊંચા બરફીલા પ્રદેશ સિવાય લગભગ બધે જોવા મળે છે. અલબત્ત, બરફવાળા પ્રદેશમાં યે એ હોય તો છે જ, પણ વિષુવવૃત્તીય પ્રદેશોમાં એ સવિશેષ હોય છે. અને ત્યાં રંગ, આકાર ને કદના તફાવત સાથે તેમની સંખ્યાબંધ જાતો જોવા મળે છે. કેટલાંક પતંગિયાં યાયાવર હોઈ ટોળાંબંધ ઊડીને સેંકડો માઈલની યાત્રા ખેડી સ્થળાંતર કરે છે. કયારેક તો તીડનાં ઊડતાં ટોળાં જેમ લાખોની સંખ્યામાં એ છવાઈ જાય છે, તો એની કોઈ જાત નાનાંનાનાં જૂથમાં અથવા એકબીજાથી જરાજરા છેટે રહીને ઊડતી જોવા મળે છે. આવાં અમુક ખાસ યાયાવાર પતંગિયાંનો અહીં થોડો પરિચય આપ્યો છે. — સં.


# પતંગિયાંનું સ્થળાંતર


— રજની ત્રિવેદી

પૃથ્વીના પરિભ્રમણને કારણે ઋતુચક્રમાં થતું પરિવર્તન ભૂચર, ખેચર કે જળચર જીવો માટે ખોરાક, વસવાટ અને વંશવૃદ્ધિ સંબંધી અનેક જટિલ સમસ્યા સર્જે છે. જેઓ આ ઋતુ-પરિવર્તનને આધિન થઈ શકતાં નથી તેમની વંશવૃદ્ધિ અટકી જઈ કાળાંતરે એમનો વિનાશ સર્જાય છે.

પ્રકૃતિમાં થતાં પરિવર્તનથી પ્રેરાઈ અનેક પક્ષીઓ હજારો કિલોમિટરની યાત્રા ખેડી સ્થળાંતર કરે છે. આ જ રીતે ક્ષુદ્ર ગણાતાં પતંગિયાંની કેટલીક જાત પણ સેંકડો કિલોમીટર લાંબી યાત્રા કરે છે. એમનાં સ્થળાંતરનું કારણ સમૂહમાં ઊડી નીકળવાની પ્રેરણા કે દિશાનું માર્ગદર્શન એમને કઈ રીતે મળતું હશે તે હજી યે આણઉકલ્યો કોયડો છે.

પક્ષીઓની જેમ પતંગિયાંની અમુક જાત ઉત્તરથી દક્ષિણ, ઈશાનથી નૈઋત્ય કે પશ્ચિમ, વાયવ્યથી ઉત્તર અથવા દક્ષિણથી ઉત્તર તરફ થોડાથોડા અંતરે નાનાંનાનાં જૂથમાં સ્થળાંતર કરતી જણાઈ છે. એમની આ યાત્રામાં વચ્ચે આવતાં ગાઢ જંગલો, પહાડો કે નદીઓ ઓળંગી નિયત સ્થળે એ પહોંચી જાય છે. સામાન્યત: પ્રતિદિન તેઓ સિત્તેરથી એંસી કિલોમીટર જેટલું અંતર કાપી નાખે છે. રાતે તેઓ કોઈ વૃક્ષો ઉપર એક સમૂહમાં મુકામ કરે છે, અને સવાર પડતાં પ્રવાસ આગળ ધપાવે છે.





△ **મૉનાર્ક**. સ્થળભેદે ઓછાવત્તા તફાવત સાથે મુખ્યત્વે પીળાશ પડતા બદામી રંગનું અને પાંખોની કિનારી પર ટપકાંની ભાતવાળું લગભગ ચારેક ઈંચ મોટું આ સુંદર પતંગિયું અમેરિકા, આફ્રિકા, એશિયા અને ઑસ્ટ્રેલિયામાં જોવા મળે છે. એની પાછલી પાંખોમાં અંદરની બાજુએથી ત્રીજી નસ ઉપરનું મોટું કાળું ટપકું એ તેના નરની ઓળખ છે. એક જ ઉનાળામાં એની બે-ત્રણ પેઢી થઈ જાય છે. ઉત્તર અમેરિકામાં શિયાળામાં એ લાખોની સંખ્યામાં ટોળાંબંધ ઊડીને દક્ષિણ અમેરિકાના ઉત્તરના પ્રદેશો સુધી પહોંચી જાય છે. એ સમયે જ્યાં એ રાતવાસો કરે ત્યાં એમનાથી સમગ્ર વૃક્ષો ઢંકાઈ જાય છે. આછા લીલા રંગનાં અને શંકુ આકારનાં તેનાં ઈંડાંમાંથી ત્રણથી પાંચ દિવસમાં ઈયળો નીકળે છે અને એકાદ માસમાં બેએક ઈંચ લાંબી થઈ જાય છે. અહીં આપેલું ચિત્ર આફ્રિકાની The Golden Danaid (Danaus Chrysippus) નામે ઓળખાતા મૉનાર્કની એક જાતના પતંગિયાનું છે. સમગ્ર ઈથીઓપીઆમાં એ વસે છે. આફ્રિકામાં મૉનાર્કની દસેક જાત થાય છે. બ્રિટિશ ટાપુઓ અને નૉર્વે તથા જાપાનની ઉત્તરે પણ મૉનાર્ક જોવા મળ્યાં છે. ભારતમાં – ગુજરાતમાં પણ મૉનાર્ક જોવા મળે છે. બીજું ચિત્ર (જમણી બાજુ) યાયાવર પતંગિયાંમાં કદાચ સૌથી વધુ જાણીતી જાત **પેઈન્ટેડ લેડી** The Painted Lady (Vanessa cardue) નામના પતંગિયાનું છે. અદ્‌ભુત રંગફેર સાથે આ પતંગિયાં લગભગ બધે જોવા મળે છે. સૂર્યપ્રકાશવાળા ઉચ્ચ અને સુક્કા પ્રદેશો ને ખેતરોમાં એ જોવા મળે છે, પણ હરિયાળા બગીચાઓમાં એ ક્‌વચિત જ દેખાય. પોતાનાં બચ્ચાંના ઉછેર-વિકાસ માટે એ પોતાની યાત્રા દરમિયાન પ્રતિકૂળ વિસ્તારોમાંય ક્યારેક રોકાઈ જાય. એક કાળે એ છેક ઉત્તર યુરોપ સુધી જોવાં મળતાં, પણ ઠંડી વેઠી શકતાં ન હોઈ યુરોપના દક્ષિણ દેશોમાં વિશેષ જોવા મળે છે. એમનું ઉડ્ડયન અત્યંત ઝડપી. માણસોથી દૂર રહે છે.


---


પતંગિયાંનાં સ્થળાંતરમાં બીજા વિશ્વયુદ્ધ પછી પ્રકૃતિ-વૈજ્ઞાનિકો રસ લેવા લાગ્યા. સલ્ઝબર્ગ, ઈર્લેન્જેન અને ડ્રેસનમાં પતંગિયાંની હીલચાલનું બારીકાઈથી અવલોકન કરવા કેન્દ્રો સ્થપાયાં, અને એ પછી આજે પતંગિયાંનાં સ્થળાંતરો વિશે અનેક અધિકૃત પુરાવાઓ ઉપલબ્ધ બન્યા છે. આવી દીર્ઘ સ્થળાંતર–યાત્રા કરનારાં પતંગિયાંઓમાં 'મૉનાર્ક' (Danaus Plexippus), 'રેડ ઍડમિરલ' (Vanessa Atalanta) 'પેઈન્ટેડ લેડી (Vanessa Cardui) જાતનાં પતંગિયાં સવિશેષ જાણીતાં છે.

ઉત્તર અમેરિકા ખંડમાં કૅનેડાનો દક્ષિણ ભાગ મૉનાર્ક જાતિનાં પતંગિયાંઓનું કાયમી નિવાસ-સ્થાન છે. સપ્ટેમ્બર માસના આરંભે આ પતંગિયાં હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડીને દક્ષિણમાં છેક મેક્સિકોમાં સીએરા માદ્રે પર્વતમાળા સુધી પહોંચે છે. વસંત ઋતુમાં અહીં પ્રજનન કર્યા બાદ તેઓ નિજસ્થાને પાછાં ફરવા પુનઃ લાંબી ઉડ્ડયનયાત્રા આરંભે છે, અને ત્યારે નવી જન્મેલ પેઢી પણ તેમની સાથે હોય છે.

અમેરિકામાં મૉનાર્ક પતંગિયાંની હાલચાલ વિશે ટેક્‌સાસના મિ. એ. ઍન્ડરસને ઘણી વિગતો એકઠી કરી હતી. આ જાતિનાં પતંગિયાં અતિ દીર્ઘ પ્રવાસ ખેડતાં હોવાના પુરાવા એમણે એકઠા કર્યા હતા. જાપાનમાં તોકિયો પાસેના એક નિરીક્ષણ-કેન્દ્રની વાયવ્યે સ્થળાંતર કરીને આવેલાં મૉનાર્ક જાતિનાં પતંગિયાંનો એક નમૂનો મળી આવ્યો હતો. ઈ. ૧૮૭૬ની છઠ્ઠી સપ્ટેમ્બરે બ્રિટનમાં એન. જે. સ્ટેફર્ડને પણ મૉનાર્કનો એક નમૂનો મળ્યો હતો.

પ્રતિવર્ષ સ્થળાંતર કરીને મૉનાર્ક પતંગિયાં દક્ષિણમાં કયા પ્રદેશમાં જાય છે તે જાણવા ઈ. ૧૯૩૭માં ટોરોન્ટો (કૅનેડા)ના પ્રાણીશાસ્ત્રવિદ્ ડૉ. ફ્રેડ ઉરક્‌વાર્ટે મૉનાર્ક પતંગિયાંઓને પકડીને એમની પાંખોને હાનિ ન પહોંચે એ રીતે બહુ પાતળા કાગળની અત્યંત નાની ટિકિટ ચોડીને ચિહ્નાંકિત કરવાનો પ્રયોગ કર્યો.





△ રેડ ઍડમિરલ (Vanessa atalanta) યાયાવર પતંગિયાંઓમાં આ જાત એના તેજસ્વી રંગો અને ખાસ તો તેની આગલી પાંખોના ઘેરા રંગમાં ઊપસી આવતા લાલચટક પટાઓને કારણે બહુ સુંદર દેખાય છે. તે તુરત પરખાઈ જાય છે. પાછલી પાંખોની કિનારી પણ લાલ હોય છે. યુરોપમાં આ બહુ જાણીતાં છે. શિયાળામાં એ સુસ્ત રહે છે. ને મોટે ભાગે જવલ્લે જ દેખાય છે. સપાટ ને પહાડી વિસ્તારના વાસી હોઈ; આલ્પ્સ અને કાર્થેપીઅન પર્વત વિસ્તારમાં ૬૬૦૦ ફીટની ઊંચાઈ સુધી એ જોવા મળે છે ને બહુધા એ ઝરણાંકાંઠે ફૂલછોડ ઉપર મંડરાતાં હોય છે. સડતાં ફળોનાં એ શોખીન હોઈ બગીચાઓમાં વૃક્ષો પર બહુ પાકી ગએલાં ફળો ઉપર બેસવું એને ગમે છે. વૃક્ષોની ફાટમાંથી ઝરતો રસ ચૂસવો પણ એને ગમે છે. જમણી બાજુનું પતંગિયું છે **ક્રિમઝન રોઝ** (Pachlioptera hector). પતંગિયાંમાં 'સ્વૉલો ટેઈલ' જૂથનું આ પતંગિયું છે. આ જૂથનાં પતંગિયાં એની પાછલી પાંખોના આકારથી જુદાં પડે છે. મુખ્યત્વે ઘેરા બદામી રંગની એની પાંખોમાં ઉપરની – આગલી પાંખો લાંબી અને સાંકડી તથા તેના ઉપર પીળચટાં નાનાંમોટાં ટપકાં હોય છે. પાછલી પાંખોમાં અર્ધેથી આગળ કાળા રંગમાં બીજ ચંદ્રાકાર લાલ લાંછનો હોય છે. બંગાળથી દક્ષિણતમ ભારત તથા સિલોનમાં એ વસે છે. ઘણે સ્થળે તો એ ટોળાંબંધ સંખ્યામાં પણ દેખાય છે. રાતે એ નીચા છોડ ઉપર આરામ કરે છે. રંગભેદવાળી એની અનેક જાતો છે જે પશ્ચિમ ચીન, સિલોન, સુંદ ટાપુઓ વગેરે સુધી ફેલાએલી છે.

---

આ ટિકિટ પર સૂક્ષ્માક્ષરે લખાણ હતું: 'રીટર્ન ટુ ધ યુનિવર્સિટી ઑફ ટોરોન્ટો, કૅનેડા-૨૫૨૩૮'. આ રીતે એમણે હજારો પતંગિયાંને 'ટિકિટ' લગાડીને છૂટાં મૂકવા માંડયાં. ડૉ. ઉરકવાર્ટનાં પત્ની નોરાએ પણ અખબારો અને સામયિકોમાં લેખો અને જાહેરાત આપીને પતિના સંશોધનકાર્યનું મહત્ત્વ સમજાવવા સાથે લોકોને સહકાર આપવા પ્રેર્યા. અને આવો સાથ એમને મળ્યો પણ ખરો. પતંગિયાંનાં સ્થળાંતરમાં સમાનધર્મી અભ્યાસીઓ અને ઘણા લોકો રસ લેતા થયા.

પરંતુ ડૉ. ઉરક્વાર્ટના પ્રયાસનું ખરું પરિણામ તો ચાળીસ વર્ષ બાદ મળ્યું. છેક ૧૯૭૩માં મેકસિકોના એક નિવાસીએ પત્ર લખી ડૉ. ઉરક્વાર્ટને જાણ કરી કે પોતાના પ્રદેશમાં કયાંક કયાંક મૉનાર્ક પતંગિયાં જોવા મળે છે. પછી બીજે વર્ષે ખબર મળ્યા કે સીએરા માદ્રે પર્વતોમાં આ પતંગિયાં જોવા મળે છે. સને ૧૯૭૫માં તો સીએરા માદ્રે પર્વતમાળામાં એક સ્થળે શિયાળો ગાળવા ઊતરેલાં સંખ્યાબંધ મૉનાર્ક મળી આવ્યાં. ઉરક્વાર્ટ પતિ-પત્ની તો આ જાણી કૅનેડાથી મેક્સિકો દોડી ગયાં અને ત્યાં એમણે સીએરા માદ્રે પહાડની પેલી પાર તળેટીમાં લાખો-કરોડો મૉનાર્ક પતંગિયાંથી લચી પડતાં સેંકડો વૃક્ષો જોયાં. આટલું જ નહીં, અનેક એકર જેટલા વિસ્તારમાં ભોંય ઉપર પણ સૂકાં પાન પેઠે મૉનાર્ક પતંગિયાંના થર ઉપર થર ખદબદતા હતા. પછી તો મૉનાર્કની સુષુપ્તિ માટેનાં આવાં અન્ય આશ્રયસ્થાનો પણ એ પ્રદેશમાં મળી આવ્યાં હતાં.

મૉનાર્કની માફક 'પેઈન્ટેડ લેડી' નામનાં પતંગિયાં પણ યાયાવાર ઉડ્ડયનો કરે છે. ઉત્તર આફ્રિકા તેમ જ દક્ષિણ યુરોપમાં આ પતંગિયાં બ્રિટન અને મધ્ય યુરોપ સુધી જાય છે. ૧૯૫૨માં તો છેક સ્વીડનની ઉત્તર સુધી એ પહોંચ્યાં હતાં. ઈટાલીના જે. માયોધાએ આ 'પેઈન્ટેડ લેડી' પતંગિયાંને કોકેશસના કર્ઝબેક પ્રદેશ સુધી પહોંચેલાં નોંધ્યાં છે. અહીંથી એ ઉત્તર તરફ આગળ ગયાં હતાં.

'રેડ એડમિરલ' પણ આવી જ સ્થળાંતર કરતી પતંગિયાની જાત છે. ૧૯૫૯ના સપ્ટેમ્બર માસના આરંભે બ્રિટિશ ટાપુઓમાં એ પહોંચ્યાંની નોંધ છે. એનું એક ટોળું વેમ્બબ્રોકથી કૉર્નવૉલના માર્ગે ખાડી ઓળંગી ઈંગ્લૅન્ડ તરફ જતું હતું ત્યારે એ જ સમયે ઈટાલીના સિસીલી ટાપુ પરથી રેડ-

એડમિરલનું બીજું એક વધુ મોટું ટોળું પણ એ જ દિશામાં ઊડી રહ્યું હતું.

પતંગિયાંનું સ્થળાંતર સિલોનમાં પણ નોંધાયું છે. ઈ. ૧૯૨૪માં એમનાં ૨૩૪ જેટલાં ઉડ્ડયનો જોવા મળ્યાં હતાં, જેમાં ૬૯ જેટલી જાતનાં પતંગિયાં હતાં. દક્ષિણ ભારતમાં કોડાઈકેનાલમાં પણ ૨૦ જેટલી જાતનાં પતંગિયાંની સ્થળાંતરયાત્રા નોંધાઈ છે.

અહીં માર્ચ અને ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં, એમ વર્ષમાં બે વાર પતંગિયાં સ્થળાંતર કરે છે. ૧૯૭૭ના માર્ચના આરંભે કેન્ડીની પર્વતમાળામાં મેં 'સ્વૉલો ટેઈલ્ડ'(Pepilo demaleus) નાં સહોદર 'ક્રિમઝન રોઝ' (Tros Hector) નામની જાતનાં પતંગિયાંને કોલંબો ભણી જતાં જોયાં હતાં.

ઈ. ૧૯૦૧ના અરસામાં મૅજર નર્સે ઉત્તર ગુજરાતમાં ડીસા નજીક 'મોટલેડ ઈમિગ્રન્ટ'(Catopsilla pyranthe) નામના પતંગિયાંના સમૂહને સ્થળાંતર કરતા જોએલા. ગુજરાતમાં પ્રવાસી પતંગિયાંની એ કદાચ પ્રથમ નોંધ છે. સ્વ. હરિનારાયણ આચાર્યસાહેબે 'વનવગડાનાં વાસી' નામના પોતાના પુસ્તકમાં કૉમન ઈમિગ્રન્ટ (Catopsilla crocale) નામના પતંગિયાંને સ્થળાંતર કરતાં જોયાની નોંધ લીધી છે.

અમદાવાદની આસપાસ દર વર્ષે ઑગસ્ટ માસમાં જે પતંગિયાંનું સ્થળાંતર થતું મને જોવા મળ્યું છે તે છે 'લીમ બટરફ્લાય' (Papillo demoleus). એકાદ સપ્તાહ બાદ તેમને વળતો પ્રવાસ ખેડતાં પણ મેં જોયાં છે. અમદાવાદની આસપાસ ઑગસ્ટ માસમાં 'લીમ બટરફ્લાય'ની હીલચાલ પર જો નજર રાખીએ તો આ પતંગિયાંનું સ્થળાંતર જોઈ-માણી શકાશે. □

## STATEMENT

**STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'**


as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

| | |
|---|---|
| 1. Place of Publication . . . | Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1 |
| 2. Periodicity of its Publication . . | Monthly |
| 3. Printer's Name & Nationality . , | Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian |
| Address . . . . . . | 1454 Raipur, Ahmedabad-1 |
| 4. Publisher's Name & Nationality . | Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian |
| Address . . . . . . | 1454 Raipur, Ahmedabad-1 |
| 5. Editor's Name & Nationality . . | Biharilal J. Tank Indian |
| Address . . . . . . | 1454 Raipur, Ahmedabad-1 |
| 6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital. | (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champak- |

lal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road. Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chembers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Rajivkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros, Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I. Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1988.

Sd. / A. B. Rawat, Publisher



ગિરનાર

પદ્ધતિસરનું કલાશિક્ષણ પામ્યા વિના કેવળ સ્વપ્રયત્ને સાધેલી સ્વ. રવિશંકર પંડિતની ઉચ્ચ કક્ષાની ચિત્રસિદ્ધનું દ્યોતક એક જલરંગી દૃશ્યચિત્ર.

'કુમાર' માર્ચ-એપ્રિલ • સળંગ અંક ૭૪૭-૭૪૮ • છૂટક નકલની કિંમત ૪-૦૦ રૂ.    Kumar Regd. No.G AMC 24



**પારિજાત**

સ્વ. છગનલાલ જાદવે
વિવિધ ફૂલોનાં
વ્યકિતત્વ,
વાતાવરણ
અને ગુણલક્ષણ
પ્રકટ કરતાં
ભાવચિત્રોની
એક માળા પણ
તૈયાર કરી હતી.
તેમાંથી
એક કૃતિ.